પ્રકરણ

I

રાજ્ય સરકારની નાણાકીય પરિસ્થિતિ

રાજ્યના સામાજીક-આર્થિક દર્શકો

ગુજરાત ભારતના પશ્ચિમ કિનારે સ્થિત છે, જેની પશ્ચિમે અરબ સાગર, ઉત્તરે રાજસ્થાન, પૂર્વમાં મધ્ય પ્રદેશ અને દક્ષિણમાં મહારાષ્ટ્ર રાજ્યો આવેલા છે. રાજ્ય એની ઉત્તર-પશ્ચિમ દિશાએ પાકિસ્તાન સાથે આંતરરાષ્ટ્રિય સરહદ પણ ધરાવે છે. તે લગભગ 1,600 કીલોમીટરનો સાગરકાંઠો ધરાવે છે જે ભારતની મુખ્ય ભૂમિના સાગરકાંઠાનો એક તૃતિયાંશ ભાગ છે. ભૌગોલિક વિસ્તારની દ્રષ્ટિએ તે સાતમું સૌથી મોટું (1,96,024 ચો.કી.મી.) રાજ્ય છે અને વસ્તીના હિસાબે નવમું છે. રાજ્યની વસ્તી 2009 માં 5.79 કરોડ હતી તે વધીને 2019 માં 6.53 કરોડ થઇ હતી જે એક દશકામાં 12.73 ટકાની વૃધ્ધિ દર્શાવે છે. 21.90 ટકાની અખિલ ભારતીય સરેરાશની સરખામણીએ 2011-12 માં ગરીબી[1] રેખા હેઠળની વસ્તી 16.60 ટકા હતી. પ્રવર્તમાન ભાવો મુજબ 2018-19 માં રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન (GSDP) ₹ 15,01,496 કરોડ હતું. 2018-19 દરમિયાન રાજ્યનું ₹ 2,32,329 નું માથાદીઠ એકંદર ઘરેલુ ઉત્પાદન એ જ સમયગાળા દરમિયાન ₹ 1,42,719 ની અખિલ ભારતીય સરેરાશ કરતાં ઉંચુ હતું. રાજ્યનો સાક્ષરતાનો દર 78 ટકા (2011 ની વસ્તી ગણતરી મુજબ) હતો. રાજ્યના સામાજીક અને આર્થિક દર્શકો **પરિશિષ્ટ 1.1 ભાગ-ક** માં આપ્યા છે.

રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન (GSDP) એ ચોક્કસ સમયગાળામાં રાજ્યમાં ઉત્પાદિત અધિકૃત અંતિમ ચીજવસ્તુઓ અને સેવાઓની બજાર કિમત છે. વર્તમાન ભાવોએ[2] ભારતના એકંદર ઘરેલુ ઉત્પાદનની સરખામણીએ અને સ્થાયી કિંમતોએ (constant prices) 2014-15 થી 2018-19 દરમિયાન રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનમાં વાર્ષિક વૃધ્ધિના વલણો **કોઠો 1.1** માં દર્શાવ્યા છે.

---

[1] આર્થિક મોજણી 2018-19, ભાગ II પૃષ્ઠ ક 160-161, કોઠો 9.8

[2] પાયાનું વર્ષ 2011-12

કોઠો 1.1: વલણો - ભારતના એકંદર ઘરેલુ ઉત્પાદન (GDP) ની સરખામણીએ રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદન (GSDP) નો વાર્ષિક વૃધ્ધિ દર -

	2014-15	2015-16	2016-17	2017-18	2018-19
વર્તમાન ભાવો					
ભારતનો GDP[3] (₹ કરોડમાં)	1,24,67,959	1,37,71,874	1,53,62,386	1,70,95,005	1,90,10,164
GDP **નો વૃધ્ધિનો** દર (ટકાવારી)	10.99	10.46	11.55	11.28	11.20
GSDP[4] (₹ કરોડમાં)	9,21,773	10,29,010	11,53,327(P)	13,14,680 (Q)	15,01,496 (A)
GSDP નો વૃધ્ધિ દર (ટકાવારી)	14.13	11.63	12.08	13.99	14.21
GDP માં રાજ્યનો ફાળો	7.39	7.47	7.51	7.69	7.90
સ્થાયી કિંમતો					
ભારતનો GDP[3] (₹ કરોડમાં)	105,27,674	1,13,69,493	1,22,98,327	1,31,79,857	1,39,51,849
GDP નો વૃધ્ધિ દર (ટકાવારી)	7.41	8.00	8.17	7.17	5.86
GSDP[4] (₹ કરોડમાં)	8,11,428	8,94,465	9,80,736	10,90,260	11,90,121
GSDP નો વૃધ્ધિ દર (ટકાવારી)	10.51	10.23	9.64	11.17	9.16
GDP માં રાજ્યનો ફાળો	7.71	7.87	7.97	8.27	8.53

અંદાજો: (P) = કામચલાઉ, (Q) = ત્વરિત અને (A) = પેશગી

2014-19 દરમિયાન ભારતના GDP ની ટકાવારી રૂપે GSDP સાત ટકાથી ઉપર રહ્યો હતો. 2014-15 માં તે 7.39 ટકાથી વધીને 2018-19 માં 7.90 ટકા થયો હતો જે આ સમયગાળા દરમિયાન ભારતના GDP કરતાં રાજ્યના GSDP ની ઉંચી વૃધ્ધિ દર્શાવે છે.

1.1 રાજકોષીય વ્યવહારો

આ પ્રકરણ ગુજરાત સરકારની ચાલુ વર્ષની નાણાકીય વ્યવસ્થા વિષે વ્યાપક દ્રષ્ટિબિંદુ અને પાછલા પાંચ વર્ષના એકંદર વલણોને ધ્યાનમાં રાખીને પાછલા વર્ષની સરખામણીએ મુખ્ય નાણાકીય ઘટકોમાં આવેલા અતિ મહત્વના ફેરફારોનું પૃથક્કરણ રજુ કરે છે. સરકારના હિસાબોનું માળખું અને નાણાકીય હિસાબોની રચના **પરિશિષ્ટ 1.1 ભાગ ખ** અને **ભાગ ગ** માં દર્શાવેલ છે. રાજ્યની નાણાકીય સ્થિતિના મૂલ્યાંકન માટે અખત્યાર કરવામાં આવેલી પધ્ધતિ **પરિશિષ્ટ 1.2** માં આપેલ છે.

1.1.1 નાણાકીય વ્યવહારોનો સારાંશ

પાછલા વર્ષો (2009-10 અને 2014-18) ની સરખામણીએ ચાલુ વર્ષ (2018-19) દરમિયાન રાજ્ય સરકારના નાણાકીય વ્યવહારોનો સારાંશ **કોઠો 1.2** માં રજુ કરેલ છે જ્યારે **પરિશિષ્ટ 1.3** આવક અને ચુકવણીની વિગતોની સાથે 2017-19 દરમિયાન રાજ્યની એકંદર નાણાકીય સ્થિતિ દર્શાવે છે.

[3] આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય, કેન્દ્રિય આંકડાશાસ્ત્ર કચેરી

[4] અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામક, ગાંધીનગર – ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળનું નિવેદન (2019-20 નું અંદાજપત્રીય પ્રકાશન નં. 30).

કોઠો 1.2: નાણાકીય વ્યવહારોનો સારાંશ

(₹ કરોડમાં)

આવક	2009-10	2014-15	2015-16	2016-17	2017-18	2018-19	2009-19 દરમિયાન CAGR[5]
મહેસૂલી આવક	**41,672**	**91,978**	**97,483**	**1,09,842**	**1,23,291**	**1,36,002**	14.05
કરવેરા આવક	26,740	61,340	62,649	64,443	71,549	80,103	12.96
બિન-કર આવક	5,452	9,543	10,194	13,346	15,074	13,417	10.52
કેન્દ્રિય કરવેરા/જકાતમાં હિસ્સો	5,891	10,296	15,691	18,835	20,782	23,489	16.61
ભારત સરકાર તરફથી અનુદાન	3,589	10,799	8,949	13,218	15,886	18,993	20.34
મૂડી આવક	**14,532**	**20,316**	**23,611**	**28,074**	**27,299**	**43,362**	12.92
પરચૂરણ મૂડી આવક	136	241	0	240	0	65	-
લોન અને પેશગીઓની વસૂલાત	151	621	125	166	346	151	-
જાહેર ઋણની આવક*	14,245	19,454	23,486	27,668	26,953	43,146	13.10
આકસ્મિક નિધિમાંથી વિનિયોગ	**0**	**0**	**0**	**0**	**0**	**0**	-
આકસ્મિક નિધિમાં તબદીલ રકમ	**34**	**0**	**14**	**4**	**0**	**0**	-
જાહેર હિસાબની આવક	**58,660**	**62,388**	**65,132**	**58,959**	**89,133**	**1,05,721**	6.76
ખૂલતી રોકડ સિલક	**13,119**	**15,386**	**21,077**	**18,559**	**23,249**	**16,529**	2.60
a) અંકિત કરેલી સિલકો	4,527	5169	9,034	10,209	10,967	11,686	11.11
b) રોકડ સિલક	8,592	10,217	12,042	8,350	12,282	4,843	-
કુલ	**1,28,017**	**1,90,068**	**2,07,317**	**2,15,438**	**2,62,972**	**3,01,614**	9.99

ચૂકવણીઓ	2009-10	2014-15	2015-16	2016-17	2017-18	2018-19	2009-19 દરમિયાન CAGR
મહેસૂલી ખર્ચ	**48,638**	**86,652**	**95,779**	**1,03,895**	**1,18,060**	**1,32,790**	11.81
સામાન્ય સેવાઓ	16,934	30,003	32,876	35,804	41,402	47,564	12.16
સમાજીક સેવાઓ	19,605	36,714	42,120	44,926	49,039	53,285	11.75
આર્થિક સેવાઓ	11,993	19,399	20,224	22,749	27,145	31,576	11.36
સહાયક અનુદાન અને ફાળો	106	536	559	416	474	365	14.73
મૂડી જોગવાઇ	**8,047**	**24,158**	**24,169**	**22,355**	**26,313**	**28,062**	14.89
ચૂકવેલી લોન અને પેશગીઓ	428	350	675	478	631	1,731	16.80
જાહેર ઋણની પરત ચૂકવણી*	3,245	5,509	6,194	9,073	13,700	15,432	18.92
આકસ્મિક નિધિમાં વિનિયોગ	0	0	0	0	0	0	-
આકસ્મિક નિધિમાંથી તબદીલ કરેલી રકમ	47	14	4	0	0	0.25	-

[5] ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃધ્ધિ દર

ચૂકવણીઓ	2009-10	2014-15	2015-16	2016-17	2017-18	2018-19	2009-19 દરમિયાન CAGR
જાહેર હિસાબની ચૂકવણીઓ	56,088	52,309	61,937	56,388	87,739	1,03,998	7.10
બંધ રોકડ સિલક	11,524	21,076	18,559	23,249	16,529	19,601	6.08
a) અંકિત કરેલી સિલકો	5,027	9,034	10,209	10,967	11,686	12,705	10.85
b) રોકડ સિલક	6,497	12,042	8,350	12,282	4,843	6,896	0.66
કુલ	1,28,017	1,90,068	2,07,317	2,15,438	2,62,972	3,01,614	9.99

સ્ત્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

* સાધનોપાલય પેશગીઓ અને ઓવરડ્રાફ્ટ સિવાયના ચોખ્ખા વ્યવહારો સિવાય

પાછલા વર્ષની તુલનાએ 2018-19 દરમિયાન નીચે મુજબના નોંધપાત્ર ફેરફારો થયા હતા.

- મહેસૂલી આવક પાછલા વર્ષની સામે ₹ 12,711 કરોડ (10.31 ટકા) જેટલી વધી હતી. બિન-કર આવક સિવાયના મહેસૂલી આવકના તમામ ઘટકોએ 2018-19 દરમિયાન વધારાનું વલણ દર્શાવ્યુ હતું. ભારત સરકાર તરફથી અનુદાનમાં ₹ 3,107 કરોડ (19.56 ટકા) જેટલો વધારો થયો હતો, કરવેરા આવક ₹ 8,554 કરોડ (11.95 ટકા) જેટલી વધી હતી, કેન્દ્રિય કરવેરામાં રાજ્યનો હિસ્સો ₹ 2,707 કરોડ (13.03 ટકા) જેટલો વધ્યો હતો જ્યારે રાજ્યની બિન-કર આવકમાં ₹ 1,657 કરોડ (10.99 ટકા) જેટલો ઘટાડો ચયો હતો.
- સામાન્ય સેવાઓ પર ₹ 6,162 કરોડ (14.88 ટકા), સામાજીક સેવાઓ પર ₹ 4,246 કરોડ (8.66 ટકા) અને આર્થિક સેવાઓ પર ₹ 4,431 કરોડ (16.32 ટકા) જેટલા ખર્ચમાં થયેલા વધારાના કારણે મહેસૂલી ખર્ચ પાછલા વર્ષ કરતાં ₹ 14,730 કરોડ (12.48 ટકા) જેટલો વધ્યો હતો. રાજ્ય સરકાર દ્વારા છુટા કરવામાં અવેલા સહાયક અનુદાનમાં પાછલા વર્ષ કરતાં ₹ 109 કરોડ (23.04 ટકા) જેટલો ઘટાડો થયો હતો. એવું ધ્યાન પર આવ્યુ હતું કે સામાજીક સેવાઓ (11.75 ટકા) અને આર્થિક સેવાઓ (11.36 ટકા) નો CAGR એટલે કે વિકાસકીય ખર્ચ સામાન્ય સેવાઓના એટલે કે બિન-વિકાસકીય ખર્ચના CAGR કરતાં ઓછો હતો.
- મૂડી જોગવાઇમાં પાછલા વર્ષ કરતાં ₹ 1,749 કરોડ (6.65 ટકા) અને લોન અને પેશગીઓની ચૂકવણીમાં પણ ₹ 1,100 કરોડ (174.37 ટકા) જેટલો વધારો ચયો હતો. મુડી જોગવાઇનો CAGR (14.89) મહેસૂલી ખર્ચના CAGR (11.81) કરતાં ઉંચો હતો.
- જાહેર ઋણની આવકમાં ₹ 16,193 કરોડ જેટલો ઘટાડો થયો હતો જ્યારે જાહેર ઋણની પરત ચૂકવણી ₹ 1,732 કરોડ જેટલી વધી હતી. આમ છતાં, જાહેર ઋણનો CAGR (13.10) મહેસૂલી આવકના CAGR (14.05) કરતાં નીચો હતો.
- જાહેર હિસાબની આવક ₹ 16,588 કરોડ જેટલા વધી હતી અને જાહેર હિસાબની ચૂકવણી ₹ 16,259 કરોડ જેટલી વધી હતી, પરિણામે જાહેર હિસાબમાં ₹ 329 કરોડનો ચોખ્ખો વધારો ચયો હતો.

અન્ય રાજકોષીય દર્શકો એટલે કે મહેસૂલી પુરાંત, રાજકોષીય ખાધ અને પ્રાથમિક ખાધની સ્થિતિની ચર્ચા આ અહેવાલના **ફકરા 1.1.3 અને 1.11** માં કરવામાં આવી છે.

2018-19 દરમિયાન એકત્રિત નિધિ માં ભંડોળના સ્ત્રોતો અને ઉપયોગ ની રચના **ચાર્ટ 1.1** અને **1.2** માં આપવામાં આવી છે.

ચાર્ટ 1.1: રૂપિયો ક્યાંથી આવે છે

(₹ કરોડમાં)



ચાર્ટ 1.2: રૂપિયો ક્યાં જાય છે

(₹ કરોડમાં)



વર્તમાન તેમજ સ્થાયી બન્નેના ભાવોએ GDP ના સંદર્ભમાં મહેસૂલી આવક/મહેસૂલી ખર્ચ/મૂડી જોગવાઇ ના વલણો **કોઠો 1.3** માં રજૂ કરવામાં આવ્યા છે.

કોઠો 1.3: વર્તમાન તેમજ સ્થાયી ભાવોએ મહેસૂલી આવક, મહેસૂલી ખર્ચ અને મૂડી જોગવાઇના વલણો

(₹ કરોડમાં)

વર્ષ	2014-15	2015-16	2016-17	2017-18	2018-19
વર્તમાન ભાવોએ[6] GSDP (₹ કરોડમાં)	**9,21,773**	**10,29,010**	**11,53,327**	**13,14,680**	**15,01,496**
સ્થાયી ભાવોએ GSDP (₹ કરોડમાં)	8,11,428	8,94,465	9,80,736	10,90,260	11,90,121
GSDP ડિફ્લેટર[7]	114	115	118	121	126
વર્તમાન તેમજ સ્થાયી ભાવો મુજબ મહેસૂલી આવક					
વર્તમાન ભાવોએ મહેસૂલી આવક	91,978	97,483	1,09,842	1,23,291	1,36,002
વર્તમાન ભાવોએ મહેસૂલી આવકની વૃધ્ધિનો દર (ટકા માં)	15.01	5.99	12.68	12.24	10.31
સ્થાયી ભાવોએ મહેસૂલી આવક	80,967	84,737	93,405	1,02,245	1,07,798
સ્થાયી ભાવોએ મહેસૂલી આવકની વૃધ્ધિનો દર (ટકા માં)	11.35	4.66	10.23	9.46	5.43
વર્તમાન તેમજ સ્થાયી ભાવો મુજબ મહેસૂલી આવક					
વર્તમાન ભાવો મુજબ મહેસૂલી ખર્ચ	86,652	95,779	1,03,895	1,18,060	1,32,790
વર્તમાન ભાવો મુજબ મહેસૂલી ખર્ચના વૃધ્ધિનો દર (ટકા માં)	15.14	10.53	8.47	13.63	12.48
સ્થાયી ભાવો મુજબ મહેસૂલી ખર્ચ	76,279	83,256	88,348	97,907	1,05,252
વર્તમાન ભાવો મુજબ મહેસૂલી ખર્ચના વૃધ્ધિનો દર (ટકા માં)	11.48	9.15	6.12	10.82	7.50
વર્તમાન અને સ્થાયી ભાવો મુજબ મૂડી જોગવાઇ					
વર્તમાન ભાવો મુજબ મૂડી જોગવાઇ	24,158	24,169	22,355	26,313	28,062
વર્તમાન ભાવો મુજબ મૂડી જોગવાઇની વૃધ્ધિનો દર (ટકા માં)	6.53	0.05	-7.51	17.71	6.65
સ્થાયી ભાવો મુજબ મૂડી જોગવાઇ	21,266	21,009	19,010	21,821	22,243
સ્થાયી ભાવો મુજબ મૂડી જોગવાઇની વૃધ્ધિનો દર (ટકા માં)	3.14	-1.21	9.52	14.79	1.93

[6] અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામક, ગાંધીનગર – ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળનું નિવેદન (2019-20 નું અંદાજપત્રીય પ્રકાશન નં. 30).

[7] GSDP ડિફ્લેટરની ગણતરી વર્તમાન ભાવોએ GSDP ને સ્થાયી ભાવોએ GSDP થી ભાગાકાર કરીને કરવામાં આવે છે. વર્તમાન ભાવોએ મહેસૂલી આવક, મહેસૂલી ખર્ચ અને મૂડી જોગવાઇને સ્થાયી ભાવોમાં ફેરવવા માટે GSDP ડિફ્લેટરનો ઉપયોગ કરવામાં આવે છે.

1.1.2 નાણાકીય પરિસ્થિતિની સમીક્ષા

નાણાકીય સંચાલનમાં દુરદેશીપણાની ખાત્રી કરવા માટે અને રાજ્યમાં નાણાકીય સ્થિતિની સ્થિરતા જાળવવા માટે, 2005-10 ના સમયગાળા માટેની 12 મા નાણાપંચ ની ભલામણો અનુસાર, ગુજરાત સરકારે "ગુજરાત જવાબદારી અધિનિયમ, 2005" ની અમલવારી કરી હતી. આ અધિનિયમની કલમ 3 મુજબ, દરેક નાણાકીય વર્ષમાં મધ્યમ ગાળાના રાજકોષીય નીતિવિષયક નિવેદન (MTFPS) વિધાનસભા સમક્ષ અંદાજપત્રની સાથે રજુ કરવા માટે રાજ્ય સરકાર બંધાયેલી છે. મધ્યમ ગાળાના રાજકોષીય નીતિવિષયક નિવેદન અને રાજકોષીય નીતિવિષયક વ્યુહાત્મક નિવેદન રાજ્ય સરકારના નાણાકીય ઉદ્દેશો, વ્યુહાત્મક પ્રાથમિકતાઓ અને નાણાકીય વ્યવસ્થાપન માટે ત્રિ-વર્ષિય ફરતો લક્ષ્યાંક નિયત કરે છે. નાણાકીય એકત્રીકરણ માટેના એટલે કે મહેસૂલી ખાધ, નાણાકીય ખાધ, એકંદર જાહેર ઋણ અને બાકી બાહેંધરીઓ માટેના લક્ષ્યાંકો અધિનિયમની કલમ 5 માં આપવામાં આવ્યા છે.

સમાન વિકાસને અનુરૂપ રહે એ રીતે સ્થિર અને ટકાઉ નાણાકીય વાતાવરણ જાળવી રાખવા, 2010-15 ના સમયગાળા માટેના 13 મા નાણા પંચે રાજ્યો માટે તેમના રાજકોષીય જવાબદારી ધારામાં સુધારો કરી એકસૂત્રિય રાજકોષીય માર્ગરેખા અપનાવવાની ભલામણ કરી છે. આ માટે રાજ્યોએ 2011-12 થી મહેસૂલી ખાધ શૂન્ય પર લાવવી, 2011-12 થી શરૂ કરીને રાજકોષીય ખાધ વર્ષના અંદાજીત જથ્થાબંધ ભાવાંકના ત્રણ ટકા સુધી ઘટાડવી અને ત્યારબાદ જાળવી રાખવી અને રાજ્ય સરકારના 2011-12 માં 28.80 ટકાના કુલ ચડત ઋણના સ્તરથી 2014-15 ના અંત સુધીમાં જે તે નાણાકીય વર્ષના અંદાજીત જથ્થાબંધ ભાવાંકના 27.10 ટકા સુધી સિમિત રાખવું.

2015-20 ના સમયગાળા માટેના ચૌદમા નાણાપંચે પણ નાણાકિય વર્ષ 2015-16 થી શરૂ કરીને રાજ્ય સરકારની નાણાકીય સ્થિતિની રાજકોષીય એકસૂત્રિય માર્ગરેખામાં સુધારો કરવાની ભલામણ કરી છે (ડિસેમ્બર 2014). 14 મા નાણાપંચ દ્વારા કરવામાં આવેલી જોગવાઇ મુજબના મુખ્ય રાજકોષીય ચલાંકો માટેના લક્ષ્યાંકો અને 2018-19 માટેના મધ્યમ ગાળાના રાજકોષીય નીતિવિષયક નિવેદન (MTFPS) માં કરેલાં અનુમાનોની સામે ખરેખર સિધ્ધિ **કોઠા 1.4** માં દર્શાવ્યા છે.

કોઠો 1.4: મુખ્ય નાણાકીય ચલાંકો – 2018-19 માટેના લક્ષ્યાંકો અને સિધ્ધિઓ

રાજકોષીય ચલાંકો	રાજ્ય માટે ચૌદમા નાણાપંચના લક્ષ્યાંકો	MTFPS માં પ્રસ્તાવિત લક્ષ્યાંકો	ખરેખર સિધ્ધિ
મહેસૂલી ખાધ[8] (-)/ પુરાંત (+) (₹ કરોડમાં)	(+)24,101	(+)5,998	(+)3,211.97
રાજકોષીય ખાધ[9]/GSDP (ટકામાં)	3.00	1.71	1.76
GSDP અને કુલ ચડત જવાબદારીઓનો ગુણોત્તર (ટકામાં)	25.79	-	19.04
GSDP અને જાહેર ઋણનો ગુણોત્તર (ટકામાં)	-	15.96	16.00
ચડત સરકારી જામીનગીરીઓ (₹ કરોડમાં)	-	16,000 થી નીચે	4,698.55

સ્રોત: 14 મા નાણાપંચનો અહેવાલ, વર્ષ 2018-19 માટેના અંદાજપત્રીય અંદાજો અને નાણાકીય હિસાબો

વર્ષ 2011-12 માં, રાજ્યે મહેસૂલી ખાધ શૂન્ય કરવાનો લક્ષ્યાંક સિધ્ધ કર્યો હતો અને તે વર્ષમાં ₹ 3,215 કરોડની મહેસૂલી પુરાંત દર્શાવી હતી જે ત્યારબાદ ચાલુ રહી હતી. મહેસૂલી પુરાંત 2018-19 માં ₹ 3,212 કરોડ રહી હતી જે ચૌદમા નાણાપંચ અને MTFPS માં કરવામાં આવેલા અનુમાનો કરતાં નોંધપાત્ર રીતે નીચી હતી.

ભારતના સરકારી હિસાબી માપદંડો (IGAS)-2 નિયત કરે છે કે સહાયક અનુદાનની નોંધ મહેસૂલી ખર્ચ હેઠળ કરવી જોઇએ. આમ છતાં, 2018-19 માં, રાજ્ય સરકારે અયોગ્ય રીતે જોગવાઇ કર્યા બાદ ₹ 11.01 કરોડ[10] ના સહાયક અનુદાનને લગતા ખર્ચની નોંધ મહેસૂલ વિભાગના બદલે મૂડી વિભાગમાં કરી હતી. આના પરિણામે મહેસૂલી ખર્ચ ઓછો અને તેના પરિણામ સ્વરૂપ મહેસૂલી પુરાંત એટલા પ્રમાણમાં અધિક દર્શાવાઇ હતી.

2017-18 ના અંતે, રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની ટકાવારી રૂપે રાજકોષીય ખાધ 1.76 ટકા રહી હતી, જે 14 મા નાણાપંચ દ્વારા ભલામણ કરવામાં આવેલ ત્રણ ટકાની મર્યાદાની અંદર અને MTFPS માં સરકારના પોતાના પણ 1.71 ટકાના અંદાજની મર્યાદામાં હતી. રાજ્ય સરકારે MTFPS માં નિર્ધારિત 15.96 ટકાના લક્ષ્યાંકની સામે 2018-19 દરમિયાન રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની સામે જાહેર ઋણની 16 ની ટકાવારી જાળવી રાખી હતી.

રાજકોષીય એકસૂત્રિય માર્ગરેખામાં, ચૌદમાં નાણાપંચે 2018-19 માટે રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની સામે ચડત જવાબદારીઓની[11] 25.79 ની નિયત કરેલી ટકાવારી સામે 2018-19

---

8 મહેસૂલી ખાધ = મહેસૂલી ખર્ચ – મહેસૂલી આવક

9 રાજકોષીય ખાધ=મહેસૂલી ખર્ચ+મૂડી ખર્ચ + ચોખ્ખી લોન અને પેશગીઓ – મહેસૂલી આવક –પરચુરણ મૂડી આવક

10 નોંધવામા આવેલા ખર્ચની વિગતો પ્રકરણ – II ના ફકરા 2.6 નીચે કોઠો 2.12 માં દર્શાવી છે.

11 કુલ ચડત જવાબદારીઓમાં જાહેર ઋણ અને જાહેર હિસાબની જવાબદારીઓનો સમાવેશ થાય છે. જાહેર ઋણમાં માત્ર આંતરિક ઋણ અને ભારત સરકાર તરફથી મળતી લોનનો સમાવેશ થાય છે. જાહેર હિસાબની જવાબદારીઓમાં નાની બચત ભંડોળ, અનામત ભંડોળ વગેરે હેઠળની જવાબદારીઓનો સમાવેશ થાય છે.

દરમિયાન રાજ્યના એકંદર ઘરેલુ ઉત્પાદનની સામે ખરેખર ચડત જવાબદારીઓની ટકાવારી 19.04 ટકા રહી હતી.

2018-19 દરમિયાન, રાજ્ય સરકાર પાસે ₹ 27,714 કરોડની જાહેર ઋણની ચોખ્ખી આવક, ₹ 1,722 કરોડના ચોખ્ખી જાહેર હિસાબની આવક, ₹ 65 કરોડની પરચુરણ મૂડી આવક અને ₹ 151 કરોડની લોન અને પેશગીની વસૂલાત એમ એકંદરે ₹ 32,864 કરોડ સાથે ₹ 3,212 કરોડની મહેસૂલી પુરાંત હતી. આમાંથી, રાજ્ય સરકારે ₹ 28,062 કરોડ મૂડી ખર્ચ માટે, ₹ 1,731 કરોડ લોન અને પેશગીઓની ચૂકવણીઓ માટે વાપર્યા હતા અને બાકીના ₹ 3,071 કરોડ બંધ સિલકમાં વધારા રૂપે દર્શાવાયા હતા. આ સ્થિતિ દર્શાવતી હતી કે રાજ્ય સરકારે તેની મહેસૂલી પુરાંત અને ઉછીના લીધેલા રકમનો ઉપયોગ એકંદર સ્થાયી મૂડી ઊભી કરવામાં કર્યો હતો.

1.1.3 અંદાજપત્રીય અંદાજો, સુધારેલા અંદાજો અને ખરેખર મૂલ્યો

રાજ્ય સરકાર દ્વારા રજુ કરવામાં આવતા અંદાજપત્રીય અંદાજોમાં ચોક્કસ નાણાકીય વર્ષ માટે આવક અને ખર્ચના અનુમાનો અથવા અંદાજોનું વર્ણન હોય છે. એકંદર આર્થિક વ્યવસ્થા માટેની નાણાકીય નીતિઓના અસરકારક અમલ સંદર્ભે આવક અને ખર્ચના સચોટ અનુમાનોનું મહત્વ વ્યાપકપણે સ્વીકારવામાં આવ્યું છે. અંદાજપત્રીય અંદાજોથી ચલિત થવાની બાબત એ હકીકત દર્શાવે છે કે ઘણા વિવિધ કારણો, કેટલાક સરકારના નિયંત્રણ હેઠળના અને કેટલાક સરકારના નિયત્રણ બહારનાં, ને લીધે અપેક્ષિત નાણાંકીય હેતુઓ પ્રાપ્ત ન થવા અથવા મહદઅંશે પ્રાપ્ત ન થવાની સ્થિતિ ઊભી થાય છે. રાજ્ય સરકારે 02 જૂલાઇ 2019 ના રોજ, વર્ષ 2019-20 ના અંદાજપત્રીય અંદાજો (BE) સહિત નાણાકીય વર્ષ 2018-19 માટેના સુધારેલા અંદાજો (RE) રજૂ કર્યા હતા.

કેન્દ્રને અનુસરીને ગુજરાત સરકારે નાણાકીય વર્ષ 2017-18 અને આગળ તેના અંદાજપત્રમાં આયોજન અને બિન-આયોજન ખર્ચ વચ્ચેનો ભેદ દૂર કરવાનો નિર્ણય કર્યો છે અને તેને રાજ્ય ભંડોળ ખર્ચ એવું નામ આપ્યું છે. રાજ્ય સરકાર માને છે કે આ વિલીનીકરણથી તેઓ મહેસૂલી અને મૂડી ખર્ચ પર ધ્યાન આપી શકાય એવું યોગ્ય અંદાજપત્રીય માળખુ પુરૂ પાડી શકશે.

વર્ષ 2018-19 માટેના અંદાજપત્રીય અંદાજો અને સુધારેલા અંદાજો સાથેની ખરેખર મૂલ્યોની સરખામણી નીચે **કોઠો 1.5** માં આપી છે અને વિગતવાર સરખામણી **પરિશિષ્ટ 1.4** માં દર્શાવી છે.

કોઠો 1.5: વર્ષ 2018-19 માટેના અંદાજપત્રીય અંદાજો, સુધારેલા અંદાજો અને ખરેખર મૂલ્યો

(₹ કરોડમાં)

રાજકોષીય માપદંડો	અંદાજપત્રીય અંદાજો	સુધારેલા અંદાજો	ખરેખર મૂલ્યો	ખરેખર મૂલ્ય અને BE વચ્ચે તફાવત	ખરેખર મૂલ્ય અને RE વચ્ચે તફાવત
(1)	(2)	(3)	(4)	5(4-2)	6(4-3)
કરવેરા આવક	88,728.80	89,900.10	80,102.74	(-)8,626.06	(-)9,797.36
બિન-કર આવક	11,705.04	12,102.30	13,416.99	1,711.95	1,314.69
કેન્દ્રિય કર અને જકાતમાં રાજ્યનો હિસ્સો	24,307.08	23,489.32	23,489.33	(-)817.75	0.01
ભારત સરકાર તરફથી સહાયક અનુદાન	15,890.23	15,040.00	18,992.48	3,102.25	3,952.48
મહેસૂલી આવક	1,40,631.15	1,40,531.72	1,36,001.54	(-)4,629.61	(-)4,530.18
મહેસૂલી ખર્ચ	1,34,633.30	139,153.06	1,32,789.57	(-)1,843.73	(-)6,363.49
વ્યાજની ચુકવણી	20,179.11	20,339.87	20,183.36	4.25	(-)156.51
મૂડી ખર્ચ	30,341.64	31,417.24	28,061.90	(-)2,279.74	(-)3,355.34
મહેસૂલી પુરાંત(+)	5,997.85	1,378.66	3,211.97	(-)2,785.88	1,833.31
ચોખ્ખી લોન અને પેશગીઓ	1,249.92	1,813.42	1,580.10	330.18	(-)233.32
પરચુરણ મૂડી આવક	10.00	65.00	65.00	55.00	0.00
રાજકોષીય ખાધ (-)	(-)25,583.71	(-)31,787.00	(-)26,365.03	781.32	(-)5,421.97
પ્રાથમિક ખાધ(-)[12]	(-)5,404.60	(-)11,447.13	(-)6,181.67	777.07	(-)5,265.46

સ્રોત: વર્ષ 2018-19 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો અને અંદાજપત્રીય પ્રકાશન

મહત્વના માપદંડોના વિશ્લેષણની ચર્ચા હવે પછીના ફકરાઓમાં કરવામાં આવી છે.

1.1.3.1 મહેસૂલી આવક

ખરેખર મહેસૂલી આવક BE અને RE કરતાં અનુક્રમે ₹ 4,629.61 કરોડ (3.29 ટકા) અને ₹ 4,530.18 કરોડ (3.22 ટકા) જેટલી ઓછી હતી. BE ની સરખામણીએ આ ખાધ મુખ્ય ઘટકોમાં, જેમ કે (i) રાજ્યના ગુડ્ઝ અને સર્વિસ ટેક્ષમાંથી (SGST) આવક (₹ 7,861.29 કરોડ); (ii) વાહનો પર કરવેરા (₹ 666.40 કરોડ) (iii) વીજળી પર વેરા અને જકાત (₹ 781.79 કરોડ)

---

12 પ્રાથમિક ખાધ = રાજકોષીય ખાધ– વ્યાજની ચુકવણી

(iv) સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી (₹ 599.38 કરોડ) અને (v) બંદરો અને દીવાદાંડીઓમાંથી આવક (₹ 246.65 કરોડ) ની ઓછી વસૂલાતના હિસાબે ઉભી થઇ હતી.

આનું અંદાજપત્રીય અંદાજની સામે (i) વેચાણ, વ્યાપાર વગેર પર વેરો (₹ 1,631.13 કરોડ); (ii) રાજ્ય આબકારી (₹ 51.51 કરોડ); (iii) વ્યાજની આવક (₹ 411.71 કરોડ); (iv) શહેરી વિકાસ (₹ 238.86 કરોડ); અને (v) બિન-લોહ ખાણકામની આવક (₹ 651 કરોડ) માં અધિક વસૂલાતના હિસાબે પ્રતિ-સંતુલન થયું હતું.

1.1.3.2 મહેસૂલી ખર્ચ

ખરેખર મહેસૂલી ખર્ચ BE અને RE કરતાં અનુક્રમે ₹ 1,843.73 કરોડ (1.37 ટકા) અને ₹ 6,363.49 કરોડ (₹ 4.57 ટકા) જેટલો ઓછો હતો. મુખ્યત્વે પરચુરણ સામાન્ય સેવાઓ (₹ 6,987.33 કરોડ), આવાસન (₹ 1,239.87 કરોડ); પોષણ (₹ 1,195.01 કરોડ) અને શહેરી વિકાસ (₹ 661.73 કરોડ) પર ઓછા ખર્ચના કારણે BE ની સરખામણીએ ઘટ ઉભી થઇ હતી. સામાજીક અને આર્થિક સેવાઓ હેઠળ ખરેખર મહેસૂલી ખર્ચ સુધારેલા અંદાજો (RE) કરતાં ઓછા હતા.

1.1.3.3 મૂડી ખર્ચ

2017-18 માં, BE અને RE કરતાં મૂડી ખર્ચ અનુક્રમે ₹ 2,279.74 કરોડ (7.51 ટકા) અને ₹ 3,355.31 કરોડ (10.68 ટકા) જેટલો ઓછો હતો. જે મુખ્યત્વે મોટી સિંચાઇ (₹ 1,682.21 કરોડ), શિક્ષણ, કળા, રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ (₹ 800.26 કરોડ); માર્ગ વાહનવ્યવહાર (₹ 465.51 કરોડ) અને જાહેર બાંધકામ (₹ 297.60 કરોડ) પર થયેલા ઓછા ખર્ચના કારણે BE માં કરવામાં આવેલા અનુમાનો કરતાં મૂડી ખર્ચ ઓછો હતો. આમ છતાં, ખરેખર મૂલ્યો મધ્યમ સિંચાઇ (₹ 2,279.91 કરોડ) હેઠળના અંદાજપત્રીય અંદાજો કરતાં ઉંચા હતા.

1.1.3.4 ખાધ/પુરાંત

BE અને RE માં અનુક્રમે ₹ 5,997.85 કરોડ અને ₹ 1,378.66 કરોડની અનુમાનિત મહેસૂલી પુરાંત ની સામે, રાજ્ય પાસે ₹ 3,211.97 કરોડ (જથ્થાબંધ ભાવાંકના 0.21 ટકા) ની ખરેખર મહેસૂલી પુરાંત હતી. BE અને RE માં અનુક્રમે ₹ 5,404.60 કરોડ અને ₹ 11,447.13 કરોડની અનુમાનિત પ્રાથમિક ખાધની સામે, રાજ્યની ₹ 6,181.67 કરોડ (જથ્થાબંધ ભાવાંકના 0.41 ટકા) ની પ્રાથમિક ખાધ હતી. કુલ રાજકોષીય ખાધ ₹ 26,365.03 કરોડ (જથ્થાબંધ ભાવાંકના 1.76 ટકા) રહી હતી જે BE કરતાં ₹ 781.32 કરોડ જેટલી ઉંચી (₹ 25,583.71 કરોડ) અને RE કરતાં ₹ 5,421.97 કરોડ કરોડ જેટલી ઓછી (₹ 31,787 કરોડ) હતી.

1.2 રાજ્યના સંસાધનો

મહેસૂલ અને મૂડી એ આવકના બે પ્રવાહો છે કે જે રાજ્ય સરકારના સંસાધનોના સ્રોત રૂપે હોય છે. મહેસૂલી આવકમાં કરવેરા આવક, બિન-કર આવક, કેન્દ્રિય કર અને જકાતમાં રાજ્યનો હિસ્સો અને ભારત સરકાર તરફથી મળતું સહાયક અનુદાન સામેલ હોય છે. મૂડી આવકમાં બિન-કર આવકો (પરચૂરણ મૂડી આવક જેવી કે રોકાણ છુટ્ટું કરવાથી થતી આવક, લોન અને પેશગીની વસૂલાત), આંતરિક સ્ત્રોતોમાંથી ઋણ આવક (બજાર લોન, નાણાકીય સંસ્થાઓ/વાણિજ્ય બેંકો પાસેથી મેળવેલ ઋણ) અને ભારત સરકાર તરફથી મળતી લોન અને પેશગી તેમજ જાહેર હિસાબમાંથી ઉપજતી આવક પણ સામેલ હોય છે. ઉપરાંત, નાની બચત, ભવિષ્ય નિધિ, અનામત ભંડોળ, થાપણો, ઉચ્ચક, ભરણા વગેરે જેવો કેટલાક વ્યવહારો જે એકત્રિત નિધિનો હિસ્સો બનતા નથી તેની બાબતમાં આવકે અને ચૂકવણીઓ થયેલી છે. આ બધાને બંધારણની કલમ 166(2) હેઠળ સ્થાપવામાં આવેલા જાહેર હિસાબમાં રાખવામાં આવે છે અને રાજ્ય વિધાનસભા દ્વારા મતપાત્ર નથી. અત્રે, સરકાર બેંકર તરીકેની ભૂમિકા ભજવે છે. ચૂકવણી બાદની સિલક એ સરકાર પાસે ઉપલબ્ધ વાપરવા માટેનું ભંડોળ છે.

કોઠો 1.2 ચાલુ વર્ષ અને અગાઉના વર્ષો દરમિયાન સરકારની તેના વાર્ષિક નાણાકીય હિસાબોમાં નોંધાયેલી હતી એ મુજબની રાજ્યની આવકો અને ચુકવણીઓ દર્શાવે છે. **ચાર્ટ 1.3** વર્ષ 2018-19 દરમિયાન સંસાધનોના ઘટકો અને પેટા-ઘટકો દર્શાવે છે.

ચાર્ટ 1.3: 2018-19 માં સંસાધનોના ઘટકો અને પેટા-ઘટકો



ચાર્ટ 1.4 2014-15 થી 2018-19 દરમિયાન રાજ્યની આવકોના જુદા જુદા ઘટકોના વલણો દર્શાવે છે.



ચાર્ટ 1.5 ચાલુ વર્ષ 2018-19 દરમિયાન કુલ આવકમાં રાજ્યના સંસાધનોના ઘટકો દર્શાવે છે..



રાજ્ય સરકારની કુલ આવક 2014-15 માં ₹ 1,22,373 કરોડથી 2018-19 માં ₹ 1,81,086 કરોડ થઇ સતત વધારો દર્શાવે છે. 2018-19 માં કુલ આવક પાછલા વર્ષ કરતાં ₹ 29,102 કરોડ જેટલી વધી હતી. આ વધારો મુખ્યત્વે ત્રણ ઘટકો જેવા કે મહેસૂલી આવક, મૂડી આવક અને ચોખ્ખી જાહેર હિસાબની આવકમાં વૃધ્ધિમાં વધારાના કારણે થયો હતો.

પાંચ વર્ષના સમયગાળા દરમિયાન કુલ આવકમાં સૌથી મોટો ફાળો મહેસૂલી આવકનો (75 ટકા કરતાં વધુ) રહ્યો હતો. મહેસૂલી આવક, મૂડી આવક અને જાહેર હિસાબની આવકના ઘટકોની ચર્ચા **ફકરા** 1.3 થી 1.5 માં કરવામાં આવી છે.

1.3 મહેસૂલી આવક

સરકારની મહેસૂલી આવકની વિગતો વર્ષ 2018-19 માટેના નાણાકીય હિસાબોના પત્રક-14 માં આપેલી છે. મહેસૂલી આવકમાં રાજ્યની પોતાની કર અને બિન-કર આવક, કેન્દ્રિય કરની તબદીલી અને ભારત સરકાર તરફથી મળતુ સહાયક અનુદાન સામેલ હોય છે. 2014-19 ના સમયગાળા દરમિયાન મહેસૂલી આવકના વલણો **ચાર્ટ 1.6** માં અને **પરિશિષ્ટ 1.5** માં પણ રજુ કરેલ છે.



ચાર્ટ 1.6 દર્શાવે છે કે મહેસૂલી આવકમાં અગાઉના વર્ષ કરતાં ₹ 12,711 કરોડ (10.31 ટકા) જેટલો વધારો થયો હતો. રાજ્યની કર આવક ₹ 8,554 કરોડ (11.95 ટકા) જેટલી વધી હતી અને બિન-કર આવક ₹ 1,657 કરોડ (10.99 ટકા) જેટલી ઘટી હતી. કેન્દ્રિય કરવેરામાં રાજ્યના હિસ્સામાં ₹ 2,707 કરોડ (13.03 ટકા) જેટલો વધારો થયો હતો જ્યારે ભારત સરકાર તરફથી અનુદાન ₹ 3,107 કરોડ (19.56 ટકા) જેટલું વધ્યું હતું.

2014-19 ના સમયગાળામાં રાજ્યની મહેસૂલી આવકનું બંધારણ (ટકાવારી માં) **ચાર્ટ 1.7** માં રજૂ કર્યું છે.



ચાર્ટ 1.7 દર્શાવે છે કે 2018-19 દરમિયાન મહેસૂલી આવકના 69 ટકા રાજ્યના પોતાના સંસાધનોમાંથી આવ્યા હતા અને બાકીના 31 ટકા કેન્દ્રના કરવેરામાં રાજ્યનો હિસ્સો અને સહાયક અનુદાનના રૂપમાં ભારત સરકાર તરફથી હતા. પોતાની કરવેરા આવકનો હિસ્સો 2014-15 માં 67 ટકા હતો તે ઘટીને 2017-18 માં 58 ટકા થયો હતો અને 2018-19 દરમિયાન એક ટકા

જેટલો સીમાંત વધારો થયો હતો. જ્યારે, કેન્દ્રિય કરવેરાના હિસ્સાની તબદીલી 2016-19 દરમિયાન 17 ટકા એ સ્થિર રહી હતી.

1.3.1 મહેસૂલી આવક અને રાજ્યના પોતાના સંસાધનોના વલણો

GSDP ના સંબંધમાં મહેસૂલી આવક અને મહેસૂલી આવકની સામે રાજ્યના પોતાના સંસાધનોના વલણો નીચે **કોઠો 1.6** માં રજૂ કર્યા છે.

કોઠો 1.6: મહેસૂલી આવક અને રાજ્યના પોતાના સંસાધનોના વલણો

	2009-10	2014-15	2015-16	2016-17	2017-18	2018-19
મહેસૂલી આવક (RR) (₹ કરોડમાં)	41,672	91,978	97,483	1,09,842	1,23,291	1,36,002
મહેસૂલી આવકની પાછલા વર્ષ કરતાં વૃધ્ધિ (ટકા માં)	7.75	15.01	5.99	12.68	12.24	10.31
મહેસૂલી આવક ની GSDP સામે ટકાવારી	9.66	9.98	9.47	9.52	9.38	9.06
રાજ્યના પોતાના સંસાધનો (₹ કરોડમાં)	32,192	70,883	72,843	77,789	86,623	93,520
પાછલા વર્ષ કરતાં રાજ્યના પોતાના સંસાધનોની વૃધ્ધિ (ટકા માં)	12.34	11.82	2.77	6.79	11.36	7.96
GSDP ની સામે રાજ્યના પોતાના સંસાધનોની ટકાવારી	7.46	7.69	7.08	6.74	6.59	6.23
મહેસૂલી આવક ની સામે રાજ્યના પોતાના સંસાધનોની ટકાવારી	77.25	77.07	74.72	70.82	70.26	68.76

સ્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

ઉપરનો કોઠો દર્શાવે છે કે જ્યારે 2018-19 દરમિયાન મહેસૂલી આવક પાછલા વર્ષ કરતાં 10.31 ટકા જેટલી વધી હતી ત્યારે 2009-18 ના સમયગાળા દરમિયાન મહેસૂલી આવકનો CAGR 14.52 ટકા હતો **(પરિશિષ્ટ 1.1 ભાગ A)** જે દર્શાવે છે કે ચાલુ વર્ષ દરમિયાન મહેસૂલી આવકની વૃધ્ધિ મંદ હતી.

ઉપરનો કોઠો એવું પણ દર્શાવે છે કે 2014-19 દરમિયાન જે દરે GSDP ની વૃધ્ધિ થઇ તેની સાથે મહેસૂલી આવકે ગતિ જાળવી ન હતી, કારણ કે GSDP ની સામે મહેસૂલી આવકની ટકાવારી 2014-15 માં 9.98 ટકા હતી તે ઘટીને 2018-19 માં 9.06 ટકા થઇ હતી. આ ઘટાડો મુખ્યત્વે રાજ્યના પોતાના સંસાધનોના (જે રાજ્યની મહેસૂલી આવકનો મુખ્ય ઘટક છે) વૃધ્ધિના દરમાં જ સમયગાળા દરમિયાન 11.82 ટકા થી 7.96 ટકા સુધી થયેલા ઘટાડાના કારણે થયો હતો.

1.3.2 તરલતાના ગુણોતરના વલણો

તરલતાનો ગુણોતર[13], મૂળ ચલાંકમાં આવેલા ફેરફારના અનુસંધાનમાં રાજકોષીય ચલાંકના પ્રતિભાવની માત્રા અથવા સ્થિતિસ્થાપકતા દર્શાવે છે. એક કરતાં વધારે મૂલ્ય મૂળ ચલાંકની સામે રાજકોષીય ચલાંકની પ્રતિભાવનું ઉંચુ પ્રમાણ દર્શાવે છે. જથ્થાબંધ ભાવાંકમાં વૃધ્ધિની સાથે સરકારની મહેસૂલમાં વૃધ્ધિ કરવાની ક્ષમતામાં પણ વધારો થવો જોઇએ. મહેસૂલી આવકોના સંદર્ભમાં વૃધ્ધિ દર, ટકાવારી, ગુણોત્તર અને તરલતાના ગુણોત્તર નીચે **કોઠો** 1.7 માં રજુ કરેલ છે:

કોઠો 1.7: વૃધ્ધિ દર, ટકાવારી, ગુણોત્તર અને તરલતાના ગુણોત્તરો

વિગતો	2014-15	2015-16	2016-17	2017-18	2018-19
મહેસૂલી આવકની વૃધ્ધિ (RR)	15.01	5.99	12.68	12.24	10.31
મહેસૂલી ખર્ચની વૃધ્ધિ (RE)	15.14	10.53	8.47	13.63	12.48
ચડત જાહેર ઋણની વૃધ્ધિ	9.33	10.58	10.29	6.65	13.04
મહેસૂલી આવક/GSDP (%)	9.98	9.47	9.52	9.38	9.06
ચડત જાહેર ઋણ/મહેસૂલી આવકનો ગુણોત્તર	1.78	1.85	1.81	1.72	1.77
RR ના સંદર્ભમાં તરલતાનો ગુણોત્તર					
મહેસૂલી ખર્ચ	1.01	1.76	0.67	1.11	1.21
જાહેર ઋણ	0.62	1.77	0.81	0.54	1.26
ચૂકવવાપાત્ર વ્યાજ	0.81	1.51	0.72	0.53	0.63

સ્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

કોઠો 1.7 પરથી સ્પષ્ટ છે કે 2014-19 ના સમયગાળા દરમિયાન GSDP ની સામે મહેસૂલી આવકની ટકાવારી 2018-19 (9.06) માં સૌથી નીચી હતી જે મહેસૂલી આવકની વૃધ્ધિ આ વર્ષોમાં સૌથી ઓછી રહી હતી એ હકીકતને મજબૂતીથી સમર્થન આપે છે. છેલ્લા 10 વર્ષોમાં મજબૂત આર્થિક વૃધ્ધિ (11 ટકા કરતાં વધારે) ધ્યાને લેતાં, રાજ્ય સરકારે તેની ક્ષમતાનો તેના પોતાના સંસાધનોમાં સુધારણા કરવા માટે ઉપયોગ કરવો જોઇએ. ઉપરાંત, મહેસૂલી આવકની સામે મહેસૂલી ખર્ચની તરલતા પણ છેલ્લા વર્ષ દરમિયાન વધી છે જે તેના પોતાના સંસાધનોમાં સુધારણા કરવાની જરૂરિયાત દર્શાવે છે.

1.3.3 રાજ્યના પોતાના સંસાધનો

ભારત સરકાર તરફથી કેન્દ્રિય કરવેરા અને સહાયક અનુદાનમાં રાજ્યનો હિસ્સો, કેન્દ્રિય નાણાપંચ ની ભલામણો, કેન્દ્રિય કરની આવકની વસૂલાત, આયોજન યોજનાઓ માટે કેન્દ્રિય સહાય વગેરેના આધારે નિર્ધારિત કરવામાં આવતો હોવાથી, વધારાના સંસાધનોની ગતિશિલતામાં રાજ્યની કામગીરીની આકારણી પોતાના કર અને બિન-કર સ્રોતોમાંથી આવકનો

13 તરલતાનો દર્શક એ એક પરિમાણનો અન્ય પરિમાણના વૃધ્ધિના દરના સંદર્ભમાં વૃધ્ધિનો દર છે.

સમાવેશ થતો હોય એવી પોતાની આવકની દ્રષ્ટિએ કરવી જોઇએ. 2014-19 દરમિયાન મુખ્ય કરવેરા અને જકાત અને બિન-કર આવકના ઘટકોની બાબતમાં પણ એકંદર વસૂલાત, તેની વસૂલાત માટે કરવામાં આવેલો ખર્ચ અને આવા ખર્ચની એકંદર વસૂલાત સામે ટકાવારી, સંબંધિત અખિલ-ભારતીય સરેરાશ સાથે **પરિશિષ્ટ 1.6** માં રજુ કર્યા છે.

રાજ્યની વર્ષ 2018-19 ની ખરેખર કર અને બિન-કર આવકો અને તેની સામે 14 મા નાણાપંચ અને MTFPS દ્વારા કરવામાં આવેલી આકારણી (જૂલાઇ 2019) નીચે **કોઠો 1.8** માં રજુ કર્યા છે:

કોઠો 1.8: 2018-19 માટેના કર અને બિન-કરના અનુમાનો અને ખરેખર મૂલ્યો

(₹ કરોડમાં)

	14 મા નાણાપંચના અનુમાનો[14]	MTFPS / અંદાજપત્રીય અંદાજો	સુધારેલા અંદાજો	ખરેખર મૂલ્યો
કર આવક	1,28,483	88,729	89,900	80,103
બિન-કર આવક	16,169	11,705	12,102	13,417

સ્રોત: રાજ્ય સરકારના વર્ષ 2018-19 માટેના નાણાકીય હિસાબો અને રાજ્યનું અંદાજપત્રીય પ્રકાશન નં. 30

2018-19 માં રાજ્યની ખરેખર કર આવક 14 મા નાણાપંચ, MTFPS/અંદાજપત્રીય અંદાજો અને સુધારેલા અંદાજો કરતાં નોંધપાત્ર રીતે નીચા રહ્યા હતા. ખરેખર કર આવક અંદાજપત્રીય અંદાજો કરતાં નીચી હતી જે મુખ્યત્વે SGST (₹ 7,861 કરોડ), સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી, (₹ 599 કરોડ) અને વીજળી પર કર અને ડ્યુટી (₹ 782 કરોડ). ની ઓછી વસૂલાતના લીધે હતી. ખરેખર બિન-કર આવક 14 મા નાણાપંચના અનુમાનો કરતાં વધુ હતી પરંતુ MTFPS/અંદાજપત્રીય અંદાજો અને સુધારેલા અંદાજો કરતાં ઓછી હતી.

2014-19 ના સમયગાળા દરમિયાન રાજ્યના પોતાના સંસાધનોના ઘટકો **ચાર્ટ 1.8** માં રજૂ કર્યા છે.

ચાર્ટ 1.8: રાજ્યના પોતાના સંસાધનોના ઘટકો (₹ કરોડમાં)



[14] આ અનુમાનો 14 મા નાણાપંચ દ્વારા GST ના અમલકાળ પૂર્વે કરવામાં આવ્યા હતા.

1.3.3.1 કર આવક

2014-19 દરમિયાનની રાજ્યની કર આવકના મુખ્ય ઘટકો **કોઠો** 1.9 માં દર્શાવ્યા છે.

કોઠો 1.9: રાજ્યની કરવેરા આવકના મુખ્ય ઘટકો

(₹ કરોડમાં)

મહેસૂલી સદર	2014-15	2015-16	2016-17	2017-18	2018-19	પાછલા વર્ષની તુલનાએ ટકાવારીમાં ફેરફાર
વેચાણ વેરો/ મૂલ્યવર્ધિત વેરો (VAT)	44,145.26	44,091.05	46,313.78	29,638.88	22,414.25	(-) 24.38
મનોરંજન કર અને સુખસુવિધા કર	185.06	195.63	223.57	85.41	3.32	(-) 96.11
SGST	-	-	-	21,250.85	34,888.71	64.18
રાજ્ય આબકારી	140.27	123.32	151.53	84.75	130.59	54.09
સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી	5,503.34	5,549.42	5,782.93	7,254.75	7,780.77	7.25
જમીન મહેસૂલ	1,892.65	2,528.50	1,998.52	1,859.04	2,407.51	29.50
વીજળી પરના વેરા અને જકાત	5,877.65	5,999.66	5,833.10	6,484.29	7,347.79	13.32
વાહનો પરના વેરા અને માલ અને યાત્રિ પરના વેરા	2,905.44	3,273.17	3,279.35	4,016.72	4,235.33	5.44
અન્ય વેરા	690.14	888.66	859.93	874.72	894.47	2.26
કર આવક	**61,339.81**	**62,649.41**	**64,442.71**	**71,549.41**	**80,102.74**	**11.95**
GSDP ની ટકાવારી તરીકે કર આવક	*6.65*	*6.09*	*5.59*	*5.44*	*5.33*	
મહેસૂલી આવકની ટકાવારી તરીકે કર આવક	*66.69*	*64.27*	*58.67*	*58.03*	*58.90*	

સ્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

રાજ્યની કર આવક પાછલા વર્ષ 2017-18 કરતાં 2018-19 માં ₹ 8,553.33 કરોડ (11.95 ટકા) જેટલી વધી હતી. 2018-19 માં કર આવક મુખ્યત્વે SGST માં ₹ 13,637.86 કરોડ, ₹ 526.02 કરોડની સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી, જમીન મહેસૂલમાં ₹ 548.47 કરોડ અને ₹ 863.50 કરોડ વીજળી પર વેરો અને જકાતના વધારાના કારણે થયો હતો. આમ છતાં, પાછલા વર્ષની સરખામણીએ ચાલુ વર્ષ દરમિયાન વેચાણ વેરા/VAT હેઠળની આવકમાં ₹ 7,224 કરોડ જેટલો ઘટાડો થયો હતો કારણ કે આ બધા GST હેઠળ આવી ગયા હતા.

વર્ષ 2018-19 માટેના કર આવકના ઘટકો નીચે **ચાર્ટ** 1.9 માં રજૂ કર્યા છે.



કૌંસમાંના આંકડા કુલ કર આવકમાં હિસ્સાની ટકાવારી દર્શાવે છે.

ચાર્ટ 1.9 દર્શાવે છે કે 2018-19 દરમિયાન રાજ્ય સરકારે કર આવકના 72 ટકા વેચાણ વેરો/VAT અને SGST માંથી મેળવ્યા હતા.

1.3.3.2 બિન-કર આવક

2014-19 દરમિયાન રાજ્યના બિન-કર આવકના મુખ્ય ઘટકો **કોઠો 1.10** માં દર્શાવ્યા છે.

કોઠો 1.10: રાજ્યની બિન-કર આવકના મુખ્ય ઘટકો

(₹ કરોડમાં)

મહેસૂલી સદર	2014-15	2015-16	2016-17	2017-18	2018-19	પાછલા વર્ષની તુલનાએ ટકાવારીમાં ફેરફાર
વ્યાજની આવક	1,011.47	843.00	2,580.10	1,081.44	1,611.71	49.03
બિન-લોહ ખાણકામ અને ધાતુ ઉદ્યોગો	4,285.85	3,350.19	3,746.50	8,988.62	4,863.00	(-)45.90
મોટી અને મધ્યમ સિંચાઇ યોજનાઓ	1,034.91	1,028.42	1,086.10	1,211.52	1,326.95	9.53
બંદરો અને દીવાદાંડીઓ	742.08	922.24	933.49	967.59	1,153.35	19.20
તબીબી અને જાહેર આરોગ્ય	243.57	171.51	981.98	173.81	271.59	56.26
પોલીસ	214.20	219.82	248.88	318.01	312.19	(-)1.83
ડીવીડન્ડ અને નફો	89.54	96.06	110.10	96.29	120.03	24.65
અન્ય	1,920.99	3,562.27	3,658.51	2,236.69	3,758.17	68.02
બિન-કર આવક	**9,542.61**	**10,193.51**	**13,345.66**	**15,073.97**	**13,416.99**	**(-)10.99**
GSDP ની ટકાવારી તરીકે રૂપે બિન-કર આવક	*1.04*	*0.99*	*1.16*	*1.15*	*0.89*	
મહેસૂલી આવકની ટકાવારી તરીકે બિન-કર આવક	*10.38*	*10.46*	*12.15*	*12.23*	*9.87*	

સ્ત્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

2014-19 દરમિયાન, 2014-15 માં ₹ 9,542.61 કરોડ થી વધીને 2017-18 માં ₹ 15,073.97 કરોડ થઇ બિન-કર આવકે વધારાનું વલણ દર્શાવ્યુ હતું. 2018-19 દરમિયાન બિન-કર આવક પાછલા વર્ષ કરતાં ₹ 1,656.98 કરોડ (10.99 ટકા) જેટલી ઘટી હતી જે મુખ્યત્વે મુખ્ય સદર 0853-"બીન-લોહ ખાણકામ અને ધાતુ ઉદ્યોગો હેઠળના ગૌણ સદર 102-"મીનરલ કન્સેશન ફી, રેન્ટ એન્ડ રોયલ્ટી" માં ઓછી આવકના કારણે થઇ હતી.

વર્ષ 2018-19 માટે બિન-કર આવકના ઘટકો નીચે **ચાર્ટ 1.10** માં રજૂ કર્યા છે.

ચાર્ટ 1.10: 2018-19 માં બિન-કર આવકના ઘટકો (₹ કરોડમાં)



કૌંસમાંના આંકડા કુલ બિન-કર આવકમાં હિસ્સાની ટકાવારી દર્શાવે છે.

ચાર્ટ 1.10 દર્શાવે છે કે 2018-19 દરમિયાન, રાજ્ય સરકારે કર આવકના 48 ટકા બિન-લોહ ખાણકામ અને ધાતુ ઉદ્યોગો અને વ્યાજની આવકમાંથી મેળવ્યા હતા.

1.3.3.3 અગાઉના વર્ષોની વણવપરાયેલી સિલક અયોગ્ય રીતે મહેસૂલી આવક તરીકે જમા લેવામાં આવી

ગુજરાત અંદાજપત્ર નિયમાવલી, 1983 ના ફકરા 103 મુજબ, જ્યારે બચત અપેક્ષિત હોય ત્યારે ખર્ચ કરનાર વિભાગોએ વણવપરાયેલ અનુદાન/વિનિયોગ અથવા તેના ભાગની નાણા વિભાગને પરત સોંપણી કરવી જોઇએ. આ વણવપરાયેલ સિલકો સંબંધિત મહેસૂલી મુખ્ય સદર ખાતે ખર્ચમાં ઘટાડા તરીકે જમા લેવી જોઇએ. નાણા વિભાગે તેમના ઓક્ટોબર 2016 ના પરિપત્રથી જે ભંડોળની તાત્કાલિક જરૂર ન હોય એવા ભંડોળને પ્રાપ્તિના 10 દિવસની અંદર ગુજરાત રાજ્ય નાણાકીય સેવા લિમિટેડ (GSFS)[15] માં રાખવાનો તમામ જાહેર ક્ષેત્રના સાહસોને નિર્દેશ આપ્યો હતો.

મહેસૂલ વિભાગ અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના વપરાશી પ્રમાણપત્રો/ચલણની પ્રતિક ચકાસણીમાં એવુ જોવામાં આવ્યુ હતું કે અગાઉના વર્ષોના (2008-09 થી 2018-19) મહેસૂલ/મૂડી ખર્ચની વણવપરાયેલી ₹ 933.61 કરોડની સિલકો વર્ષો સુધી આ બે વિભાગોમાં

[15] GSFS એ ગુજરાત સરકારની સંપૂર્ણ માલિકીની સબસીડીયરી છે જેમાં સરકાર 100 ટકા હોલ્ડીંગ ધરાવે છે અને ભારતીય રિઝર્વ બેંકમાં નોન-બેંકીંગ ફાઇનાન્સ કંપની તરીકે નોંધાયેલી છે.

રાખવામાં આવી હતી અથવા GSFS માં મુકવામાં અવી હતી અને બાદમાં સરકારી હિસાબમાં મહેસૂલી આવકમાં જમા કરવામાં આવી હતી. આ બાબતે એટલા પ્રમાણમાં જે તે વર્ષોની સાચી મહેસૂલી આવકના નિરૂપણને અસર કરી હતી.

1.3.3.4 લોન અને પેશગીઓની પરત ચૂકવણી અયોગ્ય રીતે મહેસૂલી આવક તરીકે જમા લેવી

એશીયન ડેવલપમેન્ટ બેંકે 2012-18 ના સમયગાળા દરમિયાન ગુજરાત વીજ પ્રવાહન નિગમ લિમિટેડ (GETCO) ને ₹ 412.17 કરોડની લોન મંજૂર કરી હતી. લોનની પરત ચૂકવણીની નોંધ લોન અને પેશગીઓ (મુખ્ય સદર-6801) હેઠળ કરવાની હતી. આમ છતાં, તેને અયોગ્ય રીતે મહેસૂલ સદર (MH 0810-800) હેઠળ 2016-17 માં ₹ 9.97 કરોડ, 2017-18 માં ₹ 20.70 કરોડ અને 2018-19 માં₹ 22.95 કરોડ જેટલી રકમોની નોંધ કરવામાં આવી હતી. આનાથી મહેસૂલી આવક 2016-17, 2017-18 અને 2018-19 માટે વધારે પડતી દર્શાવવામાં આવી હતી.

1.3.4 કેન્દ્રિય કરની તબદીલી

2014-19 દરમિયાન કેન્દ્રિય કરની તબદીલીના મુખ્ય ઘટકો **કોઠો 1.11** માં દર્શાવ્યા છે.

કોઠો 1.11: કેન્દ્રિય કરની તબદીલી ના ઘટકો

(₹ કરોડમાં)

વિગતો	2014-15	2015-16	2016-17	2017-18	2018-19	પાછલા વર્ષ કરતાં ટકાવારીમાં ફેરફાર
પ્રત્યક્ષ કર						
કોર્પોરેશન કર	3,595.53	4,928.55	6,027.35	6,361.23	8,167.69	28.40
કોર્પોરેશન કર સિવાયની આવક પર વેરો	2,567.54	3,423.89	4,189.02	5,371.41	6,015.16	11.98
સંપત્તિ પર વેરો	9.70	1.19	13.80	0	2.99	-
પેટા-સરવાળો	**6,172.77**	**8,353.63**	**10,230.17**	**11,732.64**	**14,185.84**	**20.91**
અપ્રત્યક્ષ કર						
કેન્દ્રિય ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્ષ	GST નો અમલ 01 જૂલાઇ 2017 થી કરવામાં આવ્યો હતો.			291.72	5,796.85	1,887.13
ઇન્ટીગ્રેટેડ ગુડ્ઝ એન્સદ સર્વિસ ટેક્ષ				2,097.04[16]	462.60	-77.94
સીમા શુલ્ક (કસ્ટમ્સ)	1,665.21	2,505.81	2,592.73	2,096.40	1,664.82	-20.59
કેન્દ્રિય આબકારી	940.29	2,087.30	2,960.67	2,191.29	1,106.37	-49.51
સેવા કર	1,517.99	2,732.28	3,051.76	2,373.20	218.18	-90.81
અન્ય	0.09	11.41	0.06	0	54.66	-
પેટા-સરવાળો	**4,123.58**	**7,336.80**	**8,605.22**	**9,049.65**	**9,303.48**	**2.80**
કુલ	**10,296.35**	**15,690.43**	**18,835.39**	**20,782.29**	**23,489.32**	**13.03**
મહેસૂલી આવકની ટકાવારી રૂપે કુલ કેન્દ્રિય કરની તબદીલી	*11.19*	*16.10*	*17.15*	*16.86*	*17.27*	

સ્ત્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

16 આમાં હંગામી ધોરણે અનિર્ણિત IGST નું આગોતરૂં વિભાજન સામેલ છે. (₹ 1,062 કરોડ).

13 મા નાણા પંચે રાજ્યો માટે કેન્દ્રિય કર[17]માં 32 ટકા જેટલા હિસ્સાની ભલામણ કરી હતી તેમાં વધારો કરીને 42 ટકા કરવાની ભલામણ **14**મા નાણા પંચે કરી હતી. કેન્દ્રિય કર અને સેવા કરની ચોખ્ખી આવકોમાં રાજ્યનો હિસ્સો 14 મા નાણાપંચ દ્વારા 2015-20 ના ચુકાદાના સમયગાળા માટે અનુક્રમે 3.084 ટકા અને 3.172 ટકા નિર્ધારિત કરવામાં આવ્યો હતો. પાછલા વર્ષ ની સરખામણીએ 2018-19 માં 13.03 ટકાનો વૃદ્ધિ દર નોંધાવવા સાથે કેન્દ્રિય કરની તબદીલી ₹ 23,489 કરોડ થઇ હતી. કેન્દ્રિય કરની કુલ તબદીલી પૈકી પ્રત્યક્ષ કરવેરાની તબદીલીમાં (₹ 14,185.84 કરોડ) 20.91 ટકા જેટલો વધારો થયો હતો. અપ્રત્યક્ષ વેરાની તબદીલી (₹ 9,303.48 કરોડ), જેમાં GST હેઠળ મળેલા ઘટકો કેન્દ્રિય ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્ષ (CGST) અને ઇન્ટીગ્રેટેડ ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્ષ (IGST) નો સમાવેશ થાય છે તે પાછલા વર્ષની સરખામણીએ 2.80 ટકા જેટલો ઉંચો આવ્યો હતો.

1.3.5 ભારત સરકાર તરફથી સહાયક અનુદાન

2014-19 દરમિયાન ભારત સરકાર તરફથી મળેલા સહાયક અનુદાનના ઘટકો **કોઠો 1.12** માં દર્શાવ્યા છે.

કોઠો 1.12: ભારત સરકાર તરફથી મળેલા સહાયક અનુદાનના મુખ્ય ઘટકો

(₹ કરોડમાં)

વિગતો[18]	2014-15	2015-16	2016-17	2017-18	2018-19
બિન-આયોજન અનુદાન	2,668.94	2,179.280	3,192.93	0.00	0.00
રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશ આયોજન યોજનાઓ માટે અનુદાન	7,341.11	6,064.11	8,505.95	0.00	0.00
કેન્દ્રિય આયોજન યોજનાઓ માટે અનુદાન	104.78	104.28	53.41	0.00	0.00
કેન્દ્ર પુરસ્કૃત આયોજન યોજનાઓ માટે અનુદાનો	684.18	601.55	1,465.76	0.00	0.00
કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ	0.00	0.00	0.00	8,942.08	8,784.58
નાણાપંચના અનુદાનો	0.00	0.00	0.00	3,166.85	3,313.36
અન્ય અનુદાનો (વળતર સહિત)	0.00	0.00	0.00	3,776.67	6,894.54
કુલ	**10,799.01**	**8,949.22**	**13,218.05**	**15,885.60**	**18,992.48**
પાછલા વર્ષની સામે ટકાવારીમાં વધારો	*56.89*	*(-)17.13*	*47.70*	*20.18*	*19.56*
મહેસૂલી આવકના ટકાવારી તરીકેકુલ સહાયક અનુદાન	*11.74*	*9.18*	*12.03*	*12.88*	*13.96*

સ્ત્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

[17] 14 મા નાણાપંચની ભલામણો બાદ CGST દાખલ કરવામાં આવ્યો હતો અને આથી કોઇ ચોક્કસ દરો દર્શાવતા નથી.

[18] કન્ટ્રોલર જનરલ ઓફ એકાઉન્ટ્સે 01 એપ્રિલ 2017 ની અસરથી અહાયક અનુદાનના વર્ગીકરણમાં ફેરફાર કર્યો છે.

ભારત સરકાર તરફથી સહાયક અનુદાન 2015-16 માં થયેલા ઘટાડાને બાદ કરતાં સતત વધતું રહીને 2014-15 માં ₹ 10,799 કરોડ હતું તે 2018-19 માં ₹ 18,993 કરોડ થયું હતું. વાર્ષિક હિસાબોમાં આયોજન અને આયોજન-બહાર એવું વર્ગીકરણ નાણાકીય વર્ષ 2017-18 થી નાબૂદ કરવામાં આવ્યુ હતું અને ભારત સરકાર તરફથી સહાયક અનુદાન કેન્દ્રિય પુરસ્કૃત યોજનાઓ, નાણા આયોગ અનુદાન અને અન્ય અનુદાન રૂપે આપવામાં આવતી હતી. 2017-18 માં ભારત. સરકારનું સહાયક અનુદાન પાછલા વર્ષ કરતાં ₹ 3,107 કરોડ (19.56 ટકા) જેટલું વધ્યુ હતું. આ વધારો મુખ્યત્વે GST વળતરમાં ₹ 2,462 કરોડનાં અને કેન્દ્રિય માર્ગ ભંડોળમાં ₹ 457 કરોડના વધારાના કારણે થયો હતો.

1.3.5.1 GST નું વળતર

ગુજરાતે 01 July 2017 થી GST નો અમલ કર્યો હતો. ચીજવસ્તુના રાજ્યની અંદર પુરવઠા અથવા સેવાઓ (માણસના વપરાશ માટેના આલ્કોહોલ અને પાંચ નિર્દિષ્ટ પેટ્રોલીયમ પેદાશો[19] સિવાય) પર GST વસૂલ કરવામાં આવે છે અને તેના ઘટકો કેન્દ્ર (CGST) રાજ્ય (SGST). વચ્ચે વિભાજીત કરવામાં આવે છે. વધુમાં, IGST કેન્દ્ર સરકાર દ્વારા આંતર-રાજ્ય વેચાણો પર લાગુ પાડવામાં અને વસૂલ કરવામાં આવે છે. આ રીતે વસૂલ કરવામાં આવેલા IGST કેન્દ્ર અને જ્યાં ચીજવસ્તુ અને સેવાઓનો ઉપયોગ થયો હોય તે રાજ્ય વચ્ચે વિભાજીત કરવામાં આવે છે.

GST ના અમલીકરણના હિસાબે આવકનું જે નુક્સાન થવાનું હોય તે પાંચ વર્ષો માટે રાજ્યોને ભરપાઇ કરવા માટે ભારત સરકારે ગુડ્ઝ એન્ડ સર્વિસીસ ટેક્ષ (કમ્પેન્શેશન ટુ સ્ટેટ્સ) એક્ટ, 2017 પસાર કર્યો હતો. આ વળતર વર્ષ 2015-16 માટે રાજ્યની આવકના પાયાના આંકડા તરીકે ધ્યાને લઇને આપવાનું હતું અને તેમાં 01 જૂલાઇ 2017 થી શરૂ કરીને પછીના પાંચ વર્ષ માટે વાર્ષિક 14 ટકા જેટલો વધારો કરવાનો હતો.

ગુજરાત રાજ્ય માટે, ઓડિટ થયેલા પાયાના વર્ષની (2015-16) આવક જે GST ના શાસનમાં આવવાની[20] હતી તે ₹ 28,856.39 કરોડ જેટલી નક્કી કરવામાં આવી હતી. આમ, ગુજરાત માટે 2018-19 ની રક્ષિત આવક ₹ 42,752.01 કરોડ[21] જેટલી થતી હતી.

₹ 42,752.01 કરોડના રક્ષિત આવકની સામે, ગુજરાત સરકારને 2018-19 દરમિયાન ₹ 35,440.54 કરોડ (SGST: ₹ 34,888.71 કરોડ + સમાયેલ VAT: ₹ 551.83 કરોડ) ની આવક થઇ હતી અને આથી, ₹ 7,311.47 કરોડના વળતર માટે હકદાર હતું.

રાજ્ય સરકારને માર્ચ 2019 સુધીમાં ₹ 6,149 કરોડ વળતર તરીકે મળ્યા હતા જેમાં પાછલા વર્ષના ₹ 590 કરોડ સામેલ હતા. આથી, વળતરમાં ખાધ ₹ 1,752.47 કરોડ[22] જેટલી રહી હતી.

---

19 પાંચ પેટ્રોલીયમ પેદાશઓ આ છેઃ ક્રુડ, હાઇ સ્પીડ ડિઝલ, પેટ્રોલ, એવીએશન ટર્બાઇન ફ્યુઅલ અને નેચુરલ ગેસ

20 GST હેઠળ આવી ગયેલા વેરાઓ આ છેઃ મૂલ્યવર્ધિત વેરો, કેન્દ્રિય વેચાણ વેરો, મનોરંજન કર, સુખસુવિધા કર, એન્ટ્રી ટેક્ષ, સેસ અને સરચાર્જ, માનવ વપરાશ માટેના પાંચ પેટ્રોલીયમ ઉત્પાદનો પરના મૂલ્યવર્ધિત વેરો અને કેન્દ્રિય વેચાણ વેરા સિવાયના ઔષધીય અને પ્રસાધનના બનાવટો પર ડ્યુટી અને આબકારી

21 પાયાના વર્ષની આવક ત્રણ વર્ષ માટે (2016-17, 2017-18 and 2018-19) વાર્ષિક 14 ટકાના સંયુક્ત દરે ઉંચી આવી હતી. 2018-19 માટે ₹ 42,752.01 કરોડ થતી હતી.

આ ₹ 1,752.47 કરોડની ખાધ પૈકી રાજ્ય સરકારને ભારત સરકાર તરફથી મે 2019 સુધીમાં ₹ 1,668 કરોડ મળ્યા હતા જેથી 2018-19 માટે ₹ 84.47 કરોડની ચોખ્ખી ખાધ રહી હતી (ડિસેમ્બર 2019).

ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્ષ(GST) ની વસૂલાત સ્વયંસંચાલિત થઇ ગઇ હોવાથી, હિસાબો પ્રમાણિત કરવા માટે ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકની બંધારણીય ફરજ પરિપૂર્ણ કરવા માટે ઓડિટ માટે પ્રતિક ચકાસણીમાંથી તમામ વ્યવહારોની સર્વગ્રાહી ચકાસણીમાં સંક્રમણ આવશ્યક છે. ડેટાનો જરૂરી એક્સેસ આપવાનો હજુ બાકી છે. GST ના તમામ વ્યવહારોને લગતા ડેટાનો એક્સેસ ન હોવાની બાબત GST ની આવકની સર્વગ્રાહી ચકાસણીની આડે આવી છે. આથી, રેકર્ડ જાતે નિભાવવામાં આવતા હતા ત્યારે કરવામાં આવતુ હતું એ રીતે 2018-19 ના હિસાબો એક વારના અપવાદ તરીકે પ્રતિક ચકાસણીના આધારે પ્રમાણિત કરવામાં આવ્યા છે.

1.3.5.2 GST શાસન પધ્ધતિ બાદ મહેસૂલી આવકની વધ્ધિ

કોઠો 1.13 GST શાસન પધ્ધતિ અગાઉ અને GST શાસન પધ્ધતિ ના અમલ બાદ રાજ્ય સરકાર દ્વારા પ્રાપ્ત થયેલી આવકની સરખામણી દર્શાવે છે.

કોઠો 1.13: GST શાસન પધ્ધતિ અગાઉ અને GST શાસન પધ્ધતિ ના અમલ બાદ રાજ્યને પ્રાપ્ત થયેલી આવક

(₹ કરોડમાં)

આવક	2009-10	2010-11	2011-12	2012-13	2013-14	2014-15	2015-16	2016-17	2010-17 દરમિયાન CAGR (ટકા માં)	2017-18	2018-19	2017-19 દરમિયાન CAGR (ટકા માં)
મનોરંજન કર અને સુખસુવિધા કર સહિત વેચાણ વેરો/VAT	18,310	25,029	31,365	39,693	41,244	44,423	44,357	46,625	14.29	29,724	22,418	-
IGST સહિત SGST	-	-	-	-	-	-	-	-	-	23,348	35,351	-
પેટા-સરવાળો	18,310	25,029	31,365	39,693	41,244	44,423	44,357	46,625	14.29	53,072	57,769	11.31
GST નું વળતર	-	-	-	-	-	-	-	-	-	3,687	6,149	-
કુલ	18,310	25,029	31,365	39,693	41,244	44,423	44,357	46,625	14.29	56,759	63,918	17.09

સ્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

એવુ જોઇ શકાય છે કે GST શાસન પધ્ધતી અમલમાં આવ્યા બાદ (2017-19) આવકની વૃધ્ધિનો દર GST શાસન પધ્ધતિ ના અમલ પહેલાના સમયગાળામાં 14.29 ટકાના દર ની

22 ₹ 7,311.47 કરોડ – (₹ 6,149 કરોડ – ₹ 590 કરોડ)

તુલનાએ ઘટીને 11.31 ટકા થયો હતો. આમ છતાં, GST ના વળતરના હિસાબે આવકની વૃધ્ધિનો દર વધીને 2017-19 દરમિયાન 17.09 ટકા થયો હતો.

1.3.6 કેન્દ્ર સરકાર દ્વારા રાજ્યમાં અમલકર્તા એજન્સીઓને તબદીલ કરેલ ભંડોળ

સામાજીક અને આર્થિક ક્ષેત્રમાં જુદી જુદી યોજનાઓના અમલીકરણ માટે કેન્દ્ર સરકાર રાજ્યની અમલકર્તા એજન્સીઓને[23] માતબર માત્રામાં ભંડોળ સીધેસીધું તબદીલ કરતી હતી. આ ભંડોળ રાજ્યના અંદાજપત્ર/રાજ્યના તિજોરી તંત્ર મારફત મોકલવામાં આવતા ન હોવાથી આવા ભંડોળની સ્થિતિ વાર્ષિક નાણાકીય અહેવાલોમાં સામેલ થતી ન હતી અને એટલા પ્રમાણમાં તેમાંથી તારવવામાં આવતા રાજ્યની આવક અને ખર્ચ તેમજ અન્ય રાજકોષીય ચલાંકો/પરિમાણો સંપૂર્ણ ચિત્ર રજુ કરતા ન હતા.

01 એપ્રિલ 2014 થી ભારત સરકારે કેન્દ્રિય પુરસ્કૃત યોજનાઓ/વધારાની કેન્દ્રિય સહાય માટેની તમામ સહાય અમલકર્તા સંસ્થાઓને નહીં પણ બારોબાર રાજ્ય સરકારને આપવાનો નિર્ણય કર્યો હતો. ગુજરાતમાં, જો કે, 2018-19 દરમિયાન પણ કેન્દ્રિય ભંડોળ બારોબાર રાજ્યની અમલકર્તા સંસ્થાઓને તબદીલ કરવાનું ચાલુ રહ્યું હતું (નાણાકીય હિસાબોનું પરિશિષ્ટ VI).

2018-19 દરમિયાન, ભારત સરકારે ₹ 10,026.44 કરોડ બારોબાર અમલકર્તા એજન્સીઓને તબદીલ કર્યા હતા જેમાંથી, ₹ 5,555.05 કરોડ "રાજ્ય સરકારની અમલકર્તા સંસ્થાઓ" ને છુટા કર્યા હતા અને ₹ 4,471.39 કરોડ "રાજ્ય સરકારની અમલકર્તા એજન્સીઓ ન હોય" તેમને છુટા કર્યા હતા. કેન્દ્રિય ભંડોળની મોટી તબદીલી સીધી જે અમલકર્તા સંસ્થાઓને થતી હતી તે સંકળાયેલી સંસ્થાઓ હતીઃ મેટ્રો લીંક એક્ષ્પ્રેસ ફોર ગાંધીનગર એન્ડ અમદાવાદ (₹ 1,687 કરોડ), મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામ રોજગાર બાંયધરી યોજના (₹ 772.33 કરોડ), પ્રધાન મંત્રી કિસાન સન્માન નિધિ (₹ 549.68 કરોડ), રાષ્ટ્રિય ડેરી પ્લાન (₹ 324.91 કરોડ), મેમ્બર ઓફ પાર્લામેન્ટ લોકલ એરીયા ડેવલપમેન્ટ સ્કીમ (₹ 227.50 કરોડ) અને પ્રધાન મંત્રી માતૃ વંદના યોજના (₹ 52.31 કરોડ).

1.3.7 14 મા નાણાપંચ દ્વારા ફાળવવામાં આવેલ અનુદાન

14 મા નાણાપંચે રાજ્યોને ત્રણ પ્રકારના સહાયક અનુદાન એટલે કે સ્થાનિક સરકાર, સંકટ નિવારણ વ્યવસ્થાપન અને સોંપણી પછીની મહેસૂલી ઘટ ની બાબતમાં જ ભંડોળની સોંપણી કરવાની ભલામણ કરી હતી. 2018-19 દરમિયાન, રાજ્યને ભારત સરકાર તરફથી બે પ્રકારનું એટલે કે સ્થાનિક સરકાર માટે અને સંકટ નિવારણ વ્યવસ્થાપન માટે ફાળવાયેલા ₹ 4,015.95 કરોડની રકમના અનુદાનની સામે ₹ 3,475.41 કરોડની રકમનું અનુદાન પ્રાપ્ત થયું હતું. મહેસૂલી પુરાંતવાળુ રાજ્ય હોવાથી રાજ્ય સરકાર મહેસૂલી ખાધ માટેનું અનુદાન મેળવવા માટે પાત્ર ન હતી. 2018-19 દરમિયાન ફાળવાયેલી રકમો અને મળેલી રકમોની વિગતો **કોઠો 1.14** માં દર્શાવી છે.

[23] પારિભાષિક કોષ જુઓ; પરિશિષ્ટ 4.1

કોઠો 1.14: 2018-19 દરમિયાન મંજૂર અને પ્રાપ્ત થયેલી રકમોની વિગતો

(₹ કરોડમાં)

ક્રમાંક	તબદીલીઓ	ચુકાદાની રકમ	મળેલી રકમ
1.	**સ્થાનિક સ્વરાજ્યના અનુદાનો**		
	પંચાયતી રાજની સંસ્થાને સામાન્ય મૂળભૂત અનુદાનો	1,725.36	1,725.36
	પંચાયતી રાજની સંસ્થાઓને સામાન્ય કામગીરી અનુદાનો	217.60	0.00
	શહેરી સ્થાનિક સંસ્થાઓને સામાન્ય મૂળભૂત અનુદાનો	1,138.05	1,138.05
	શહેરી સ્યાનિક સંસ્થાઓને સમાન્ય કામગીરી અનુદાનો	322.94	0.00
2	**રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળ**	612.00	612.00
	કુલ	**4,015.95**	**3,475.41**

સ્રોતઃ ગુજરાત સરકારનો નાણાકીય વિભાગ

પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ વિભાગ (PRHRDD) અને શહેરી વિકાસ અને શહેરી આવાસન વિભાગે (UDUHD) ઓડિટને જાણ કરી હતી (જાન્યુઆરી 2020) કે તેમણે સામાન્ય કામગીરી અનુદાન ના દાવા માટે જરૂરી માપદંડો પરિપૂર્ણ કર્યા હતા અને વિગતો સંબંધિત મંત્રાલયોને માર્ચ 2019 માં રજૂ કરી હતી. આમ છતાં, ડિસેમ્બર 2019 ની સ્થિતિએ અનુદાન મળ્યુ ન હતું.

1.4 મૂડી આવક

રાજ્યની મૂડી આવકના વૃધ્ધિના વલણો અને ઘટકો **કોઠો 1.15** માં આપ્યા છે

કોઠો 1.15: મૂડી આવકની રચના અને વૃધ્ધિના વલણો

(₹ કરોડમાં)

મૂડી આવકના સ્રોતો	2009-10	2014-15	2015-16	2016-17	2017-18	2018-19
મૂડી આવક (CR)	**14,532**	**20,316**	**23,611**	**28,074**	**27,299**	**43,362**
જાહેર ઋણની આવક	14,245	19,454	23,486	27,668	26,953	43,146
બિન-ઋણ મૂડી આવક	287	862	125	406	346	216
જેમાં સમાવિષ્ટ છે						
a) પરચૂરણ મૂડી આવક	*136*	*241*	*0*	*240*	*0*	*65*
b) લોન અને પેશગીઓની વસૂલાત	*151*	*621*	*125*	*166*	*346*	*151*
પાછલા વર્ષની સામે GSDP ની વૃધ્ધિ (*ટકામાં*)	17.22	14.13	11.63	12.08	13.99	14.21
પાછલા વર્ષની સામે જાહેર ઋણના આવકની વૃધ્ધિ (ટકા માં)	38.21	0.57	20.73	17.81	(-)2.58	60.08

સ્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

રાજ્યની મૂડી આવક 2014-15 માં ₹ 20,316 કરોડ હતી તે વધીને 2018-19 માં ₹ 43,362 કરોડ થઇ હતી. 2018-19 માં મૂડી આવકની સામે જાહેર ઋણનો હિસ્સો 99.50 ટકા રહ્યો હતો.

2018-19 દરમિયાન, મૂડી આવક પાછલા વર્ષ કરતાં 58.84 ટકા વધી હતી જે મુખ્યત્વે જાહેર ઋણની આવકમાં 60.08 ટકાના વધારાના કારણે હતી.

છેલ્લા 10 વર્ષ દરમિયાન જાહેર ઋણની આવકમાં વલણો કોઠો 1.16 માં દર્શાવ્યા છે..

કોઠો 1.16: છેલ્લા 10 વર્ષ દરમિયાન જાહેર ઋણની આવકના વલણો

(₹ કરોડમાં)

ઘટકો	2009-10	2010-11	2011-12	2012-13	2013-14	2014-15	2015-16	2016-17	2017-18	2018-19
બજારની લોન	9,000	11,500	16,500	15,546	15,493	14,920	16,260	24,720	24,000	36,970
રાષ્ટ્રિય નાની બચત ભંડોળ (NSSF)	4,168	4,136	67	1,659	1,912	2,774	4,269	0[24]	0	0
અન્ય નાણાકીય સંસ્થાઓ તરફથી લોન	991	886	780	1,700	1,777	1,437	2,704	2,757	2,863	3,980
કુલ આંતરિક ઋણ	14,159	16,522	17,347	18,905	19,182	19,131	23,233	27,477	26,863	40,950
ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ	86	159	188	592	161	323	253	191	90	2,196
કુલ જાહેર ઋણની આવક	14,245	16,681	17,535	19,497	19,343	19,454	23,486	27,668	26,953	43,146
જાહેર ઋણ અને GSDP નો ગુણોત્તર (ટકા માં)	*3.30*	*3.20*	*2.85*	*2.69*	*2.40*	*2.11*	*2.28*	*2.40*	*2.05*	*2.87*

સ્ત્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

આંતરિક ઋણની આવકમાં 2009-19 દરમિયાન 2014-15 અને 2017-18 દરમિયાન થયેલા ઘટાડા સિવાય 2009-19 દરમિયાન થયેલા એકંદર 189.21 ટકા વધારા સાથે સતત વધારો થયો હતો. ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓમાં 2009-19 દરમિયાન વ્યાપકપણે વધઘટ થઇ હતી અને 2018-19 માં ₹ 2,196 કરોડ સાથે તે સૌથી વધુ હતી. ₹ 2,196 કરોડનું આ ઋણ બાહ્યરૂપે સહાયિત યોજનાઓ જેવી કે ગુજરાત રૂરલ રોડ પ્રોજેક્ટ (₹ 1,213 કરોડ), ગ્રીન એનર્જી કોરીડોર-ગુજરાતમાં ઇન્ટ્રા-સ્ટેટ ટ્રાન્સમીશન સિસ્ટમ (₹ 99 કરોડ), ગુજરાત ઇન્વેસ્ટમેન્ટ પ્રમોશન પ્રોગ્રામ (₹ 733 કરોડ) અને ગુજરાત સ્ટેટ હાઇવે પ્રોજેક્ટ (₹ 151 કરોડ) માટે પ્રાપ્ત થઇ હતી. GSDP સામે જાહેર ઋણનો ગુણોત્તર 2011-12 થી ત્રણ ટકાથી નીચે રહ્યો હતો.

1.5 જાહેર હિસાબની આવક

કેટલાક વ્યવહારો જેવા કે નાની બચત, ભવિષ્ય નીધિ, અનામત ભંડોળ, થાપણો, ઉચ્ચક, ભરણાં વિગેરેની આવક અને ચૂકવણી કે જે એકત્રિત ભંડોળનો હિસ્સો નથી બનતા તેને ભારતના બંધારણની કલમ 266(2) હેઠળ સ્થપાયેલ જાહેર હિસાબમાં રાખવામાં આવે છે અને રાજ્યની વિધાનસભા દ્વારા મતપાત્ર હોતા નથી. અહીં સરકાર બેંકર તરીકે કામ કરે છે. ચૂકવણી કર્યા

[24] 14 મા નાણાપંચે ભલામણ કરી હતી કે NSSF ના મૂડીરોકાણની કામગીરીમાંથી રાજ્ય સરકારને બાકાત રાખવામાં આવે. બજારની લોનો જે નોધપાત્ર રીતે નીચા દરે ઉપલબ્ધ હતી તેની તુલનાએ NSSF ની લોનો માટે વધારાનો ખર્ચ કરવો પડે છે. કેન્દ્રિય કેબીનેટે આ ભલામણનો જાન્યુઆરી 2017 માં 01 એપ્રિલ 2016 ની પાછલી અસરથી સ્વીકાર કર્યો હતો.

બાદની સિલક ઉપયોગમાં લેવા માટે સરકાર પાસે ઉપલબ્ધ હોય છે. જાહેર હિસાબમાં જુદા જુદા સદરોની બાબતમાં આવી સિલકો (પ્રાપ્તિ અને ચૂકવણીઓ બાદની ચોખ્ખી) **કોઠો 1.17** માં દર્શાવ્યા છે.

કોઠો 1.17: જાહેર હિસાબની આવક (ચોખ્ખી)

(₹ કરોડમાં)

જુદા જુદા સદરો હેઠળના સંસાધનો	2014-15	2015-16	2016-17	2017-18	2018-19
નાની બચત, ભવિષ્ય નિધિ વગેરે.	502	478	533	340	208
અનામત ભંડોળ	5,568	(-)295	1,416	(-)748	571
થાપણો અને પેશગીઓ	3,107	2,476	2,270	1,096	2,002
ઉચ્ચક અને પરચુરણ	843	256	(-)1,579	498	(-)727
ભરણાં	59	281	(-)69	208	(-)332
કુલ	**10,079**	**3,196**	**2,571**	**1,394**	**1,722**

સ્ત્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

ચોખ્ખી જાહેર હિસાબની આવક 2014-18 દરમિયાન સતત ઘટી હતી પરંતુ 2018-19 માં તે ₹ 328 કરોડ જેટલી વધી હતી. 2018-19 દરમિયાન રાજ્ય સરકારના ઉપયોગ માટે ઉપલબ્ધ ચોખ્ખી જાહેર હિસાબની આવક ₹ 1,722 કરોડ જેટલી રહી હતી.

1.6 સંસાધનોનો ઉપયોગ

ખર્ચની મુખ્ય જવાબદારીઓ રાજ્ય સરકારને સોંપવામાં આવી હોવાથી, રાજ્ય સરકારના સ્તરે ખર્ચની ફાળવણીનું પૃથક્કરણ મહત્વનું સ્થાન ધરાવે છે. રાજકોષીય નાણાકીય જવાબદારીઓના ધારાકીય માળખાની મર્યાદામાં, ખાધ અથવા ઉછીના લઇને પુરા પાડવામાં આવેલા નાણાથી જાહેર ખર્ચમાં વધારો કરવા અંગે અંદાજપત્રીય જોગવાઇઓનો અવરોધ હોય છે. આથી, રાજ્ય સ્તરે ચાલી રહેલી રાજકોષીય સુધારા વધારા અને એકત્રીકરણની પ્રક્રિયા, ખાસ કરીને જ્યારે તે રાજ્યની કામગીરી તરફ નિર્દિષ્ટ હોય ત્યારે તે સામાજિક ક્ષેત્રના વિકાસ માટે નિર્દિષ્ટ હોય એવા ખર્ચના હિસાબે ન હોય તેની ખાત્રી કરવી જોઇએ.

1.6.1 કુલ ખર્ચ

ચાર્ટ 1.11 પાંચ વર્ષ (2014-19) ના સમયગાળા દરમિયાન કુલ ખર્ચ[25] ના વલણો અને રચના રજૂ કરે છે.



ઉપરના ચાર્ટમાંથી જોઇ શકાય છે કે એ 2014-19 દરમિયાનના કુલ ખર્ચનો મુખ્ય ઘટક મહેસૂલી ખર્ચ હતો અને 2018-19 દરમિયાન તે 81.68 ટકા રહ્યો હતો. રાજ્યના ભંડોળથી થતા મહેસૂલી ખર્ચ[26] મહેસૂલી ખર્ચના 88.43 ટકા થતા હતા (**પરિશિષ્ટ 1.3** નો સંદર્ભ)

પ્રવૃત્તિઓ જેવી કે સામાન્ય સેવાઓ, સામાજીક સેવાઓ, આર્થિક સેવાઓ, સહાયક અનુદાન અને લોન અને પેશગીઓના રૂપમાં 2014-19 દરમિયાન વલણો કોઠો 1.18 માં દર્શાવ્યા છે.

કોઠો 1.18: પ્રવૃત્તિ મુજબ ખર્ચના સંદર્ભમાં કુલ ખર્ચના વલણો

(હિસ્સો ટકામાં)

પ્રવૃત્તિઓ	2014-15	2015-16	2016-17	2017-18	2018-19
સામાન્ય સેવાઓ	27.79	27.93	28.74	29.15	29.79
સામાજીક સેવાઓ	39.49	40.24	40.35	38.51	37.51
આર્થિક સેવાઓ	31.92	30.81	30.20	31.57	31.41
લોન અને પેશગીઓ	0.32	0.56	0.38	0.44	1.06
સહાયક અનુદાન	0.48	0.46	0.33	0.33	0.23

સ્ત્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

સામાન્ય, સામાજીક અને આર્થિક સેવાઓના સંબંધિત હિસ્સાની 2014-19 દરમિયાન હેઇફેરમાં વર્ષની અંદર જ નજીવા ફેરફાર સાથે સ્થિરતા દર્શાવી હતી. છેલ્લા પાંચ વર્ષમાં સામાજીક સેવાઓનો હિસ્સો 1.98 ટકા જેટલો ઘટ્યો હતો જેયારે સામાન્ય સેવાઓના બાબતમાં બે ટકા જેટલો વધારો થયો હતો.

25 મહેસૂલી ખર્ચ, મૂડી ખર્ચ અને લોન અને પેશગીઓની ચૂકવણીઓ સામેલ છે.,

26 કેન્દ્રિય સહાયમાંથી કરવામાં આવેલા ખર્ચ સિવાય

1.6.2 મહેસૂલી ખર્ચ

સેવાઓનું વર્તમાન સ્તર જાળવી રાખવા માટે મહેસૂલી ખર્ચ કરવામાં આવે છે. એકંદર મહેસૂલી ખર્ચ, પાછલા વર્ષો સામે તેની વૃધ્ધિ. અને GSDP અને મહેસૂલી આવક સામે તેની ટકાવારી **કોઠો 1.19** માં દર્શાવ્યા છે.

કોઠો 1.19: મહેસૂલી ખર્ચના વલણો

	2014-15	2015-16	2016-17	2017-18	2018-19
મહેસૂલી ખર્ચ (RE) (₹ કરોડમાં)	**86,652**	**95,779**	**1,03,895**	**1,18,060**	**1,32,790**
પાછલા વર્ષની સામે RE ની વૃધ્ધિ (ટકા માં)	15.14	10.53	8.47	13.63	12.48
RE/TE (ટકા માં)	77.95	79.40	81.98	81.42	81.68
RE/GSDP (ટકા માં)	9.40	9.31	9.01	8.98	8.84
RE/RR (ટકા માં)	94.21	98.25	94.59	95.76	97.64

સ્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

મહેસૂલી ખર્ચમાં સતત વધારો થઇને 2014-15 માં ₹ 86,652 કરોડ થી 2018-19 માં ₹ 1,32,790 કરોડ થયો હતો અને પાછલા વર્ષ કરતાં 2018-19 માં ₹ 14,730 કરોડ (12.48 ટકા) જેટલો વધ્યો હતો. પાછલા વર્ષ ની સામે 2018-19 માં મહેસૂલી ખર્ચમાં વધારો મુખ્યત્વે પેન્શન અને નિવૃત્તિ લાભો પર ₹ 4,316 કરોડ, સામાન્ય શિક્ષણ પર ₹ 2,476 કરોડ, વ્યાજની ચૂકવણી પર ₹ 1,229 કરોડ, ઉર્જા પર ₹ 1,571 કરોડ અને ઉદ્યોગો પર ₹ 1,206 કરોડ જેટલા થયેલા વધારાના કારણે થયો હતો.

મહેસૂલી ખર્ચના વૃધ્ધિના દરમાં 2016-17 માં નીચા 8.47 થી 2014-15 માં 15.14 ટકા જેટલા ઉંચા એમ વ્યાપક રીતે ફેરફારો થયા હતા. GSDP ની સામે મહેસૂલી ખર્ચની ટકાવારીમાં 2014-19 ના સમયગાળામાં ઘટાડો થયો હતો અને 2018-19 દરમિયાન સૌથી નીચો રહ્યો હતો. મહેસૂલી આવકની ટકાવારીની રીતે સરેરાશ મહેસૂલી ખર્ચ છેલ્લા પાંચ વર્ષ દરમિયાન 96 ટકા હતો.

1.6.3 મૂડી ખર્ચ

મૂડી ખર્ચ એ જમીન, મકાનો, મશીનરી, સાધનો અને શેરોમાં પણ રોકાણ પર ખર્ચામાં આવેલા નાણા છે. એકંદર મૂડી ખર્ચ, પાછલા વર્ષની સામે તેની વૃધ્ધિ અને GSDP ની સામે તેની ટકાવારી **કોઠો 1.20** માં દર્શાવી છે.

કોઠો 1.20: મૂડી ખર્ચના વલણો

	2014-15	2015-16	2016-17	2017-18	2018-19
મૂડી ખર્ચ (CE) (₹ કરોડમાં)	**24,158**	**24,169**	**22,355**	**26,313**	**28,062**
પાછલા વર્ષની સામે CE ની વૃધ્ધિ (ટકા માં)	6.53	0.05	(-)7.51	17.71	6.65
CE/TE (ટકા માં)	21.73	20.04	17.64	18.15	17.26
CE/GSDP (ટકા માં)	2.62	2.35	1.94	2.00	1.87

સ્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

મૂડી ખર્ચ 2014-15 માં ₹ 24,158 કરોડ હતો તેમાં 2016-17 માં થયેલા ઘટાડા સિવાય સતત વધારો થઇને 2018-19 માં ₹ 28,062 કરોડ થયો હતો.

પાછલા વર્ષની તુલનાએ 2018-19 દરમિયાન ₹ 1,749 કરોડનો થયેલો વધારો મુખ્યત્વે મધ્યમ સિંચાઇ પર ₹ 2,314 કરોડ જેટલા, તબીબી અને જાહેર આરોગ્ય પર ₹ 523 કરોડ જેટલા, નાની સિંચાઇ પર ₹ 269 જેટલા અને પાણી પુરવઠો અને સ્વચ્છતા પર ₹ 133 કરોડ જેટલા વધારો મોટી સિંચાઇ માં ₹ 1,319 કરોડ જેટલા, માર્ગ વાહનવ્યવહારમાં ₹ 359 કરોડ જેટલા, પોલિસમાં ₹ 161 કરોડ જેટલા અને શહેરી વિકાસ માં ₹ 149 કરોડ જેટલા ઘટાડા દ્વારા સરભર થવાના કારણે થયો હતો.

કુલ મૂડી ખર્ચમાંથી ₹ 6,689.97 કરોડની રકમ (23.84 ટકા) રાજ્ય સરકાર દ્વારા વર્ષ દરમિયાન PSUs/સહકારી સંસ્થાઓમાં રોકવામાં આવી હતી. ઉપરાંત, ₹ 3,800.66 કરોડની રકમનું રોકાણ નુક્સાન કરતા ત્રણ સક્રિય SPSUs માં કરવામાં અવ્યુ હતું જે પૈકી ₹ 3,585.17 કરોડનું સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડમાં (SSNNL) અને ₹ 214.49 કરોડનું ગુજરાત રાજ્ય વાહનવ્યવહાર નિગમ (GSRTC) જેનું અનુક્રમે ₹ 3,636.72 કરોડ અને ₹ 3,410.80 કરોડનો કુલ નુક્સાન હતું તેમાં રોકાણ કર્યું હતું. GSRTC ના ચોખ્ખુ મૂલ્ય ક્ષીણ થયું હતુ અને ₹ (-)774.89 કરોડ હતું. SSNNL અને GSRTC 2014-15 થી નુક્સાન નોંધાવી રહ્યા છે.

કુલ ખર્ચની સામે મૂડી ખર્ચના હિસ્સાની ટકાવારી 2017-18 માં 18.15 ટકા હતી તેમાં ઘટાડો થઇને 2018-19 માં 17.26 ટકા થઇ હતી. 2018-19 દરમિયાન, મુડી ખર્ચ (₹ 28,062 કરોડ) કુલ જાહેર ઋણની આવકના (₹ 43,146 કરોડ) 65 ટકા થતા હતા.

ભલામણ: ખોટ કરતી કંપનીઓ, અને જેમાં તેમની સંચિત ખોટથી ચોખ્ખી કિમત ક્ષીણ થઇ હતી તેમાં કરવામાં અવેલા મૂડીરોકાણ પર વળતર મેળવવાની તક નહીંવત હોવાથી, રાજ્ય સરકારે ભવિષ્યમાં આવી કંપનીઓને ચૂકવણી શેર મૂડીના બદલે અનુદાનના રૂપમાં કરવી જોઇએ કે જેથી મૂડારોકાણ ના સામે વળતરની અસંગતતામાં ઘટાડો કરી શકાય.

1.6.4 વચનબધ્ધ ખર્ચ

રાજ્ય સરકારના મહેસૂલ હિસાબ ખાતે વચનબધ્ધ ખર્ચમાં મુખ્યત્વે વ્યાજની ચુકવણી, વેતન અને ભથ્થાનો ખર્ચ, પેન્શન અને રોકડ સહાયનો સમાવેશ થાય છે. **કોઠો 1.21** 2014-19 દરમિયાન પ્રસ્તુત ઘટકો પરના ખર્ચના વલણો રજુ કરે છે

કોઠો 1.21: વચનબધ્ધ ખર્ચના ઘટકો

(₹ કરોડમાં)

વચનબધ્ધ ખર્ચના ઘટકો	2014-15	2015-16	2016-17	2017-18	2018-19
વેતન	7,533 (8.19)	7,806 (8.01)	8,722 (7.94)	10,485 (8.50)	11,042 (8.12)
વ્યાજની ચૂકવણી	14,946 (16.25)	16,300 (16.72)	17,797 (16.21)	18,954 (15.37)	20,183 (14.84)
પેન્શન	9,185 (9.99)	9,963 (10.22)	11,303 (10.29)	13,979 (11.34)	18,295 (13.45)
રોકડ સહાય	9,674 (10.52)	9,045 (9.27)	11,082 (10.09)	13,621 (11.05)	17,269 (12.70)
કુલ વચનબધ્ધ ખર્ચ	**41,338 (44.94)**	**43,114 (44.23)**	**48,904 (44.52)**	**57,039 (46.26)**	**66,789 (49.11)**
કુલ મહેસૂલી આવક	**91,978**	**97,483**	**1,09,842**	**1,23,291**	**1,36,002**
કુલ મહેસૂલી ખર્ચ	**86,652**	**95,779**	**1,03,895**	**1,18,060**	**1,32,790**
મહેસૂલી ખર્ચની સામે કુલ વચનબધ્ધ ખર્ચની ટકાવારી	*47.71*	*45.01*	*47.07*	*48.31*	*50.30*

સ્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

કૌંસમાંના આંકડા મહેસૂલી આવકની ટકાવારી દર્શાવે છે.

મહેસૂલી ખર્ચની ટકાવારી રૂપે, વચનબધ્ધ ખર્ચ 2014-15 માં 47.71 ટકા હતો તે વધીને 2018-19 માં 50.31 ટકા થયો હતો. મહેસૂલી આવકની ટકાવારીની દ્રષ્ટિએ વચનબધ્ધ ખર્ચનો હિસ્સો 2014-15 માં 44.94 ટકા હતો તે વધીને 2018-19 માં 49.11 ટકા થયો હતો. વચનબધ્ધ ખર્ચનું ઘટકવાર વિભાજન નીચે આપ્યું છે.

1.6.4.1 વેતન

2018-19 માં, વેતન પરનો ખર્ચ 2016-17 કરતાં 2017-18 માં થયેલા 20.21 ટકાના વધારાની સરખામણીએ 2017-18 કરતાં 5.31 ટકા જેટલો વધ્યો હતો. મહેસૂલી આવકની ટકાવારી રૂપે, વેતન પરનો ખર્ચ 2014-15 8.19 ટકા હતો તેમાં સહેજ ઘટાડો થઇને 2018-19 માં 8.12 ટકા થયો હતો.

1.6.4.2 વ્યાજની ચૂકવણી

વ્યાજની ચુકવણી 2014-15 માં ₹ 14,946 કરોડ હતી તે વધીને 2018-19 માં ₹ 20,183 કરોડ થઇ હતી. બજારની લોનો પર ₹ 1,194 કરોડ જેટલી વ્યાજની વધેલી જવાબદારીના કારણે પાછલા વર્ષ કરતાં 2018-19 માં 6.48 ટકા જેટલો વધારો થયો હતો. 2018-19 દરમિયાન વ્યાજની ચૂકવણી વ્યાજની કુલ ચૂકવણીના 63.21 ટકા રહી હતી જ્યારે રાષ્ટ્રિય નાની બચત ભંડોળને આપેલી વિશેષ બાંહેધરીઓ પરનું વ્યાજ વ્યાજની કુલ ચુકવણીઓના 20.53 ટકા થતુ

હતુ. મહેસૂલી આવકની ટકાવારી રૂપે વ્યાજની ચૂકવણી પરનો ખર્ચ 2014-15 માં 16.25 ટકા હતો તે ઘટીને 2018-19 માં 14.84 ટકા થયો હતો.

1.6.4.3 પેન્શનની ચૂકવણીઓ

31 માર્ચ 2019 ના રોજ ગુજરાત રાજ્યમાં 4.53 લાખ પેન્શનર[27] હતા. 2018-19 માં પેન્શન પરનું ખર્ચ (₹ 18,295 કરોડ) પાછલા વર્ષ (₹ 13,979 કરોડ) કરતાં 30.87 ટકા જેટલું વધ્યુ હતું જે મોટાભાગે કુટુંબ પેન્શનની સાથે.સાથે વયનિવૃત્તિ અને નિવૃત્તિ લાભોની ચુકવણી, ગ્રેજ્યુઇટી અને પેન્શનના રૂપાંતર મૂલ્યની ચુકવણીના હિસાબે હતું. 2018-19 માં પેન્શન પરનો ખર્ચ રાજ્યની કુલ મહેસૂલી આવકના 13.45 ટકા થતો હતો.

ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005ના અનુપાલનમાં કરવામાં આવેલી તેમની જાહેરાતમાં રાજ્ય સરકારે મહેસૂલી આવકની ટકાવારી રૂપે પેન્શનની ચુકવણી 10.66 ટકા રહેવાનો અંદાજ બાંધ્યો હતો (જૂલાઇ 2019), જો કે 2018-19 માં તે 13.45 ટકા જેટલો ઊંચો રહ્યો હતો.

1.6.4.4 સહાયક અનુદાન પરનો ખર્ચ

રોકડ સહાય પરનો ખર્ચ 2017-18 માં ₹ 13,621 કરોડ હતો તે 26.78 ટકા વધીને 2018-19 માં ₹ 17,269 કરોડ થયો હતો. 2018-19 દરમિયાન રોકડ સહાયના મુખ્ય લાભાર્થીઓ ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ અને કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ હતા.

ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગને ₹ 7,612.31 કરોડ (44 ટકા) ની રોકડ સહાય પ્રાપ્ત થઇ હતી જેનો ₹ 3,200 કરોડનો મોટો ભાગ ફ્યુલ પ્રાઇસ એન્ડ પાવર પરચેઝ અડજસ્ટમેન્ટ (FPPPA) ચાર્જના હિસાબે, ₹ 2,079.05 કરોડ કૃષિ ભાવદરમાં વળતર માટે, ₹ 1,100 કરોડ ખેડુતોને હોર્સ પાવર આધારિત ભાવદર માટે હતા.

ઉદ્યોગ અને ખાણ વિભાગમાં, ₹ 3,897.97 કરોડ (23 ટકા) માથી, ₹ 1,740.45 કરોડ વસ્ત્ર ઉદ્યોગના વિકાસ માટે આપવામાં આવ્યા હતા.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા રોકડ સહાય તરીકે પ્રાપ્ત યયેલા ₹ 1,904.82 કરોડ (11 ટકા) પૈકી ₹ 999.98 કરોડ વ્યાજમાં રાહત માટે ખેડૂતોને નાણાકીય સહાય તરીકે આપવામાં અવ્યા હતા.

ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમને પણ ₹ 350 કરોડ બિન-કિફાયતી રૂટો ચલાવવા માટે, વિદ્યાર્થી કન્સેશન વગેરે માટેની નુક્સાની ભરપાઇ કરવા માટે આપવામાં આવ્યા હતા.

---

[27] ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ રાજકોષીય નીતિ વિષયક નિવેદન મુજબ 2019-20 (જૂલાઇ 2019) માટે રાજ્યમાં 4.53 લાખ પેન્શનરો હતા. આ ગુજરાત સરકાર અને સહાયિત સંસ્થાઓના પેન્શનરો હતા અને તેમાં સામાજીક સુરક્ષા પેન્શનનો સમાવેશ થતો નથી.

1.6.5 સ્થાનિક સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓને રાજ્ય સરકાર દ્વારા નાણાકીય સહાય

અગાઉના વર્ષોના સંબંધમાં ચાલુ વર્ષ દરમિયાન સ્થાનિક સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓને અનુદાન રૂપે પુરી પાડવામાં આવેલી સહાયનું પ્રમાણ **કોઠો 1.22** માં રજૂ કરવામાં આવ્યુ છે.

કોઠો 1.22: સ્થાનિક સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓને નાણાકીય સહાય

(₹ કરોડમાં)

સંસ્થાઓને નાણાકીય સહાય	2014-15	2015-16	2016-17	2017-18	2018-19
પંચાયતી રાજની સંસ્થાઓ (PRIs)	17,503.96	22,085.57	16,123.76	19,686.35	19,644.66
શહેરી સ્થાનિક સંસ્થાઓ	8,289.19	8,479.84	7,336.19	7,790.57	8,746.74
જાહેર ક્ષેત્રના ઉપક્રમો	59.60	54.93	76.98	74.32	78.73
સ્વાયત્ત સંસ્થાઓ	2,912.78	3,090.62	4,720.06	5,307.75	6,388.05
અન્ય	11,198.62	10,337.45	19,798.39	21,948.19	24,752.51
કુલ	**39,964.15**	**44,048.41**	**48,055.38**	**54,807.18**	**59,610.69**
મહેસૂલી ખર્ચની સામે સહાયની ટકાવારી	*46.12*	*45.99*	*46.25*	*46.42*	*44.89*

સ્ત્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

સ્થાનિક સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓને નાણાકીય સહાય 2014-15 માં ₹ 39,964.15 કરોડ હતી તે સતત વધતી રહીને 2018-19 માં ₹ 59,610.69 કરોડ થઇ હતી. મહેસૂલી ખર્ચની ટકાવારી રૂપે 2014-15 માં 46.12 ટકા હતી તે ઘટીને 2018-19 માં 44.89 ટકા થઇ હતી.

1.6.6 મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ

મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ સેસ એક્ટ, 1996 અને રાજ્ય મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી (રોજગાર નિયમન અને કામની શરતો) અધિનિયમ, 1996 દરેક પેઢી જે બાંધકામ શ્રમયોગીને કામે રાખે અથવા પાછલા 12 મહિનામાં કોઇ પણ દિવસે 10 અથવા વધુ બાંધકામ શ્રમયોગીઓને કોઇપણ મકાનના અથવા અન્ય બાંધકામમાં કામે રાખ્યા હોય તેને આવરી લે છે. કાયદામાં અન્ય બાબતોની સાથે, શ્રમયોગીઓની કામની સ્થિતિમાં સુધારો કરવા અને તેમને નાણાકીય સહાય પુરી પાડવા, અને બાંધકામની કિમત પર સેસ લાદીને અને વસૂલ કરીને કલ્યાણ બોર્ડના સ્ત્રોતોમાં વધારો કરવાના હેતુસર કલ્યાણ બોર્ડની રચના કરવાની જોગવાઇ છે. તદ્અનુસાર, રાજ્ય સરકારે ગુજરાત મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ (બોર્ડ) નું ગઠન કર્યું ((ડિસેમ્બર 2004) અને સેસ અધિનિયમની શરતો મુજબ બાંધકામની કિમત પર એક ટકા લેખે સેસ ઉઘરાવે છે. મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ સેસ રૂલ્સ, 1998 ના નિયમ 5 માં સમાવિષ્ટ જોગવાઇ અનુસાર સેસ તરીકે વસૂલ કરેલી રકમ 30 દિવસની અંદર બોર્ડને તબદીલ કરવાની રહેશે.

2006-19 દરમિયાન, રાજ્ય સરકારે સેસ લાગુ પાડીને ₹ 2,506.13 કરોડની વસૂલાત કરી હતી. આ રકમમાંથી, ₹ 1,818.57 કરોડ બોર્ડને તબદીલ કરવામાં આવ્યા હતા. રાજ્ય સરકાર મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી સેસ નિયમો, 1998 ના નિયમ 5 ના ઉલ્લંઘન રૂપે

₹ 657.56 કરોડ (2018-19 ને લગતા ₹ 282.52 કરોડ) 31 માર્ચ 2019 ની સ્થિતિએ બોર્ડને તબદીલ કરવામાં નિષ્ફળ ગઇ હતી. આ બાબત 2018-19 માં મહેસૂલી આવકની વધારે નોંધ અને રાજકોષીય ખાધ એટલા પ્રમાણમાં ઓછી દર્શાવવા તરફ દોરી ગઇ હતી

1.7 ખર્ચની ગુણવત્તા

રાજ્યમાં વધુ સારૂં સામાજીક અને ભૌતિક માળખું ઉપલબ્ધ હોય તે બાબત સામાન્ય રીતે તેના ખર્ચની ગુણવત્તા બતાવે છે. ખર્ચની ગુણવત્તામાં સુધારો કરવા માટે મૂળભૂત રીતે ત્રણ પરિબળો સામેલ હોય છે જેમ કે ખર્ચનું પ્રમાણ, ખર્ચના ઉપયોગની કાર્યક્ષમતા અને તેની અસરકારકતા.

1.7.1 જાહેર ખર્ચની તુલના

સામાજીક ક્ષેત્ર અને આર્થિક માળખા સંબંધિત ખર્ચની જવાબદારીઓ રાજ્ય સરકારોને સોંપવામાં આવે છે કારણ કે મોટાભાગે આ રાજ્યના વિષયો હોય છે. માનવીય વિકાસનું સ્તર ઉંચું લાવવા રાજ્યોએ શિક્ષણ, આરોગ્ય વિગેરે જેવી ચાવીરૂપ સામાજીક સેવાઓ પરના ખર્ચમાં વધારો કરવાનું જરૂરી બને છે. જો એકંદર ખર્ચની સામે કોઇ વર્ગ હેઠળના ખર્ચનું ગુણોત્તર તે સંબંધિત રાષ્ટ્રિય સરેરાશથી નીચુ હોય તો નીચી રાજકોષીય પ્રાથમિકતા ચોક્કસ ક્ષેત્ર સાથે જોડવામાં આવે છે. **કોઠો 1.23**, 2014-15 અને 2018-19 દરમિયાન સામાન્ય વર્ગના રાજ્યો[28]ની (GCS) સામે કુલ ખર્ચ, વિકાસ ખર્ચ, સામાજીક ક્ષેત્ર પર ખર્ચ, આર્થિક પ્રવૃત્તિઓ પરનો ખર્ચ અને મૂડી ખર્ચની બાબતમાં રાજ્યની રાજકોષીય પ્રાથમિકતાનું પૃથક્કરણ દર્શાવે કરે છે

કોઠો 1.23: 2014-15 અને 2018-19 દરમિયાન રાજ્યની રાજકોષીય પ્રાથમિકતા

રાજકોષીય પ્રીથમિકતા	કુલ ખર્ચ/ GSDP	વિકાસ ખર્ચ / કુલ ખર્ચ	સામાજીક ક્ષેત્રનો ખર્ચ/ કુલ ખર્ચ	આર્થિક ક્ષેત્રનો ખર્ચ/ કુલ ખર્ચ	મૂડી ખર્ચ/ કુલ ખર્ચ	શિક્ષણ/ કુલ ખર્ચ	આરોગ્ય/ કુલ ખર્ચ
સામાન્ય વર્ગના રાજ્યોની સરેરાશ (ગુણોત્તર) 2014-15	15.99	68.51	36.15	32.36	14.02	16.54	4.92
ગુજરાત (ગુણોત્તર) 2014-15	12.06	71.68	39.53	32.15	21.73	15.97	5.73
સામાન્ય વર્ગના રાજ્યોની સરેરાશ (ગુણોત્તર) 2018-19	16.05	67.04	36.59	30.45	14.28	14.99	5.07
ગુજરાત (ગુણોત્તર) 2018-19	10.83	69.95	38.08	31.87	17.26	15.37	6.14

સ્રોત: વર્ષ 2014-15 અને 2018-19 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો

કોઠો 1.23 નીચે મુજબ દર્શાવે છે:

[28] પારિભાષિક શબ્દકોષ જુઓ; પરિશિષ્ટ 4.1

- 2014-15 અને 2018-19 દરમિયાન ગુજરાતમાં GSDP અને કુલ ખર્ચનો[29] ગુણોત્તર સામાન્ય વર્ગના રાજયોની સરેરાશ કરતાં નીચો હતો.

- વિકાસ ખર્ચમાં[30] અર્થિક સેવાઓનો ખર્ચ અને સામાજીક સેવાઓનો ખર્ચ એ બન્નેનો સમાવેશ થાય છે. ગુજરાતમાં કુલ ખર્ચના પ્રમાણ તરીકે વિકાસ ખર્ચ 2014-15 માં અને 2018-19 માં સામાન્ય વર્ગના રાજ્યોની સરેરાશ કરતાં ઉંચો હતો. રાજ્યમાં કુલ ખર્ચના પ્રમાણ તરીકે બન્ને ક્ષેત્રો પરના ખર્ચ 2013-14 માં અને 2017-18 માં સામાન્ય વર્ગના રાજ્યોની સરેરાશ કરતાં ઉંચો હતો. કુલ ખર્ચના પ્રમાણ તરીકે સામાજીક સેવાઓ પરનો ખર્ચ 2014-15 અને 2018-19 દરમિયાન સામાન્ય વર્ગના રાજયો કરતાં અધિક હતો. કુલ ખર્ચના પ્રમાણ તરીકે આર્થિક સેવાઓ પરનો ખર્ચ સામાન્ય વર્ગના રાજ્યોની સરખામણીએ 2014-15 માં નીચો હતો પરંતુ 2018-19 દરમિયાન ઉંચો હતો. યુનાઇટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (UNDP) દ્વારા 2019 માં બહાર પાડવામાં આવેલા હ્યુમન ડેવલપમેન્ટ રિપોર્ટ મુજબ (HDR 2019) ભારતની હ્યુમન ડેવલપમેન્ટ ઇન્ડેક્ષ 0.647 હતો જ્યારે 2018 માં ગુજરાત 0.672 પર રહ્યું હતું.

- 2014-15 અને 2018-19 માં રાજ્યના કુલ ખર્ચ અને મૂડી ખર્ચનો ગુણોત્તર સામાન્ય વર્ગના રાજ્યોની સરેરાશની સરખામણીએ ઉંચો હતો. આમ છતાં, રાજ્યમાં કુલ ખર્ચની ટકાવારી રૂપે મૂડી ખર્ચ 2014-15 માં 21.73 ટકા હતો તે ઘટીને 2018-19 માં 17.26 ટકા થયો હતો.

- ગુજરાતે સામાન્ય વર્ગના રાજ્યોની સરેરાશની સરખામણીએ 2014-15 અને 2018-19 માં આરોગ્ય ક્ષેત્રને રાજ્યે પૂરતી પ્રાથમિકતા આપી છે. HDR 2019 મુજબ, 2018 માં 0.777 ની ગુજરાતની હેલ્થ ઇન્ડેક્ષ ભારતની હતી (0.760) તેના કરતાં ઉંચી હતી.

- સામાન્ય વર્ગના રાજ્યોના સરખામણીએ કુલ ખર્ચની સામે શિક્ષણ નો ગુણોત્તર 2014-15 કરતાં 2018-19 માં સુધર્યો હતો છતાં તે 2014-15 માં 15.97 હતો તે ઘટીને 2018-19 માં 15.37 થયો હતો. રાજ્યે શિક્ષણ માટેની જોગવાઇમાં વધારો કરવાની જરૂર છે. HDR 2019 મુજબ, ગુજરાતની શિક્ષણની 0.558 જેટલી ઇન્ડેક્ષ 2018 માં ભારતની હતી એટલી હતી.

1.7.2 ખર્ચનો પ્રકાર

સામાજીક અને આર્થિક વિકાસના દ્રષ્ટિબિંદુથી વિકાસના સદર હેઠળ થતા જાહેર ખર્ચનું મહત્વ જોતાં રાજ્ય સરકાર માટે એ જરૂરી બને છે કે ખર્ચ સંતુલિત કરવા યોગ્ય પગલાં લે અને મૂળ સાર્વજનિક અને ગુણપાત્ર[31] માલસામાનની જોગવાઇ કરવાની બાબતને મહત્વ આપે. વિકાસ ખર્ચની બાબતમાં ફાળવણીમાં સુધારણા કરવા ઉપરાંત તાજેતરના વર્ષોમાં ખાસ કરીને ઋણ સેવામાં સતત ઘટાડાના હિસાબે ઉભા થયેલા રાજકોષીય અવકાશમાં ખર્ચના ઉપયોગની

---

[29] કુલ ખર્ચના ડેટાનું વિકાસકીય અને બિન-વિકાસકીય ખર્ચમાં વિભાજન કરવામાં આવે છે. મહેસૂલી હિસાબ, મૂડી જોગવાઇ અને લોન અને પેશગીઓ સંબંધિત તમામ ખર્ચ સામાજીક સેવાઓ, આર્થિક સેવાઓ અને સામાન્ય સેવાઓમાં વર્ગીકૃત કરવામાં આવે છે. વ્યાપક રીતે, સામાજીક અને આર્થિક સેવાઓ પરનો ખર્ચ વિકાસકીય ખર્ચ બને છે જ્યારે સામાન્ય સેવાઓ પરના ખર્ચને બિન-વિકાસકીય ખર્ચ ગણવામાં આવે છે.

[30] વિકાસ ખર્ચમાં વિકાસ મહેસૂલી ખર્ચ, વિકાસ મૂડી ખર્ચ અને ચૂકવેલ લોન અને પેશગીઓનો સમાવેશ થાય છે.

[31] પારિભાષિક કોષ જુઓ, પરિશિષ્ટ 4.1

કાર્યક્ષમતા મૂડી ખર્ચ અને કુલ ખર્ચના પ્રમાણ (અને/અથવા જથ્થાબંધ ભાવાંક) અને વિદ્યમાન સામાજીક અને આર્થિક સેવાઓના સંચાલન અને નિભાવ માટેના મહેસૂલી ખર્ચના પ્રમાણ દ્વારા પ્રતિબિંબિત થાય છે. કુલ ખર્ચ (અને/અથવા જથ્થાબંધ ભાવાંક) ની સામે આ ઘટકોનો ગુણોત્તર જેમ ઉંચો હોય તેમ ખર્ચની ગુણવત્તા સારી હશે.

ચાર્ટ 1.12 2014-19 ના સમયગાળા દરમિયાન કુલ ખર્ચના સંબંધમાં એકંદર ખર્ચ સંબંધિત વિકાસ ખર્ચના વલણો રજૂ કરે છે. **કોઠો 1.24** અને **કોઠો 1.25** પસંદગીની સામાજીક અને આર્થિક સેવાઓ હેઠળ મૂડી ખર્ચ અને મહેસૂલી ખર્ચના ઘટકોની વિગતો પૂરી પાડે છે

ચાર્ટ 1.12: વિકાસકીય ખર્ચના વલણો



કુલ વિકાસ ખર્ચ જે 2014-15 માં ₹ 79,684 કરોડ હતો તે વધીને 2018-19 માં ₹ 1,13,728 કરોડ થયો હતો. કુલ ખર્ચની ટકાવારી રૂપે, રાજ્યનો વિકાસ ખર્ચ 2014-19 દરમિયાન 70 અને 72 ટકા વચ્ચે રહ્યો હતો. 2014-19 દરમિયાન, વિકાસ મહેસૂલી ખર્ચ 51 ટકા જેટલો વધ્યો હતો જ્યારે વિકાસ મૂડી ખર્ચ 17 ટકા જેટલો વધ્યો હતો. રાજ્યમાં 2017-18 માં વિકાસ ખર્ચ મોટાભાગે મહેસૂલ લક્ષી હતો. 2018-19 માં રાજ્યમાં વિકાસ ખર્ચના 74.62 ટકા મહેસૂલી ખર્ચ હતો.

1.7.2.1 સામાજીક સેવાઓ પર ખર્ચ

સામાજીક સેવાઓ હેઠળના કુલ ખર્ચમાં મૂડી ખર્ચનો હિસ્સો 2017-18 માં 12.14 ટકા હતો તે વધીને 2018-19 માં 12.43 ટકા થયો હતો જ્યારે મહેસૂલી ખર્ચમાં વેતનનો હિસ્સો એ જ સમયગાળામાં 6.10 ટકાથી વધીને 6.77 થયો થયો હતો. ક્ષેત્ર તેમજ પેટા-ક્ષેત્ર મુજબ 2014-19 ના સમયગાળા માટેના વિગતો કોઠો 1.24 માં દર્શાવી છે.

કોઠો 1.24: સામાજીક સેવાઓ હેઠળ ખર્ચનો પ્રકાર

(ટકા માં)

ક્ષેત્ર અને પેટા-ક્ષેત્ર	પેટા-ક્ષેત્રમાં કુલ ખર્ચની સામે મૂડી ખર્ચનો હિસ્સો					પેટા-ક્ષેત્રમાં મહેસૂલી ખર્ચમાં વેતનનો હિસ્સો				
	2014-15	2015-16	2016-17	2017-18	2018-19	2014-15	2015-16	2016-17	2017-18	2018-19
શિક્ષણ, રમતગમત, કળા અને સંસ્કૃતિ	7.48	6.65	5.91	3.56	3.66	3.95	3.76	3.84	3.94	4.21
આરોગ્ય અને પરિવાર કલ્યાણ	30.93	26.61	18.93	18.44	20.60	27.51	24.58	21.50	22.11	21.47
પાણી પુરવઠો, સ્વચ્છતા, આવાસન અને શહેરી વિકાસ	25.47	19.58	21.46	27.12	25.44	0.52	0.45	0.39	0.39	0.53
અન્ય	11.23	7.39	3.64	3.64	5.40	8.22	6.72	6.12	5.66	8.62
કુલ (સામાજીક સેવાઓ)	**16.37**	**13.18**	**12.10**	**12.14**	**12.43**	**6.79**	**6.13**	**5.80**	**6.10**	**6.77**

સ્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

1.7.2.2 આર્થિક સેવાઓ પર ખર્ચ

આર્થિક સેવાઓ પરનો મૂડી ખર્ચ 2017-18 માં 40.42 ટકા હતો તે 2018-19 માં ઘટીને 37.61 ટકા થયો હતો જ્યારે, મહેસૂલી ખર્ચમાં વેતનનો હિસ્સો એ જ સમયગાળામાં 4.07 ટકાથી ઘટીને 3.89 ટકા થયો હતો. ક્ષેત્ર તેમજ પેટા-ક્ષેત્ર બન્ને મુજબ 2014-19 ના સમયગાળા માટેની વિગતો **કોઠો 1.25** માં દર્શાવી છે.

કોઠો 1.25: આર્થિક સેવાઓ હેઠળ ખર્ચનો પ્રકાર

(ટકા માં)

ક્ષેત્ર અને પેટા-ક્ષેત્રો	પેટા-ક્ષેત્રમાં કુલ ખર્ચની સામે મૂડી ખર્ચનો હિસ્સો					પેટા-ક્ષેત્રમાં મહેસૂલી ખર્ચમાં વેતનનો હિસ્સો				
	2014-15	2015-16	2016-17	2017-18	2018-19	2014-15	2015-16	2016-17	2017-18	2018-19
કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ	15.98	17.98	13.81	9.56	9.18	12.71	12.11	10.28	7.57	8.04
સિંચાઇ અને પુર નિયંત્રણ	88.06	89.24	85.63	89.30	90.61	26.36	27.55	21.84	24.22	23.89
ઉર્જા	27.42	41.62	34.29	33.15	27.12	0.74	0.92	0.59	0.59	0.58
પરિવહન	39.62	38.62	38.91	44.76	39.86	0.83	0.86	0.76	0.73	0.69
અન્ય	37.68	22.05	19.42	19.05	16.53	3.90	2.54	2.33	2.36	3.98
કુલ (આર્થિક સેવાઓ)	**45.33**	**45.02**	**40.34**	**40.42**	**37.61**	**5.36**	**5.09**	**4.46**	**4.07**	**3.89**

સ્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

1.8 સરકારના મૂડી ખર્ચ અને મૂડીરોકાણોનું નાણાકીય પૃથક્કરણ

રાજ્ય તેની રાજકોષીય ખાધ (અને ઉછીના લીધેલા નાણા) માત્ર નીચા સ્તરે રાખશે એટલું જ નહીં પરંતુ તેના મૂડી ખર્ચ/મૂડીરોકાણ (લોન અને પેશગીઓ સહિત) ની જરૂરિયાતોને પહોંચી વળશે એવી અપેક્ષા રાખવામાં આવે છે. રાજ્ય સરકારે તેના મૂડીરોકાણો પર યોગ્ય વળતર મળી રહે એવા પગલાં પણ લેવા જોઇએ, ઉછીના નાણા સંપૂર્ણપણે રોકડ સહાયના રૂપમાં પોતાના

અંદાજપત્રમાં વહન કરવાના બદલે ઉછીના લીધેલા નાણાની કિંમત વસૂલ કરવી જોઇએ અને નાણાકીય સંચાલનમાં પારદર્શકતા લાવવા માટે આવશ્યક પગલા લેવા જોઇએ.

આ વિભાગ રાજ્ય સરકારે પાછલા વર્ષની સાથે સાથે ચાલુ વર્ષ દરમિયાન કરેલ મૂડીરોકાણ તથા અન્ય મૂડી ખર્ચનું વ્યાપક નાણાકીય પૃથક્કરણ રજૂ કરે છે.

1.8.1 સિંચાઇ યોજનાઓના નાણાકીય પરિણામો

માર્ચ 2019 ના અંતે, 34 મોટી અને મધ્યમ સિંચાઇ યોજનાઓ[32] પર ₹ 4,515.66 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. પૂર્ણ થયેલી આ સિંચાઇ યોજનાઓમાંથી વર્ષ દરમિયાન ₹ 278.50 કરોડની આવક થઇ હતી. જેની સામે જાળવણીનો ખર્ચ ₹ 132.06 કરોડ થયો હતો જે ₹ 146.44 કરોડની પુરાંત દર્શાવે છે. આ યોજનાઓ પર જ્યારે કરવામાં આવેલા મૂડીરોકાણ સાથે તુલના કરીએ તો વળતર 3.24 ટકા[33] હતું.

2014-19 ના સમયગાળા માટે રાજ્યમાં સિંચાઇ યોજનાઓની ખર્ચ ની વસૂલાતની સ્થિતિ **કોઠો 1.26** માં દર્શાવી છે.

કોઠો 1.26: સિંચાઇ યોજનાઓમાં ખર્ચની વસૂલાત

વર્ષ	મહેસૂલી ખર્ચ (RE) (મુખ્ય સદર 2700, 2701, 2702)	ખરેખર મહેસૂલી આવક (RR) (મુખ્ય સદર 0700, 0701, 0702)	13th નાણાપંચ/ 14મા નાણાપંચ દ્વારા કરવામાં આવેલા ખર્ચની વસૂલાતના અનુમાનો (RR/RE)*100	ખરેખર ખર્ચની વસૂલાત (RR/RE)*100	ખર્ચની વસુલાતમાં પુરાંત
1	2	3	4	5	6=(5-4)
	₹ કરોડમાં		ટકામાં		
2014-15	999.95	1,041.76	75	104.18	(+)29.18
2015-16	941.85	1,053.70	35	111.88	(+)76.88
2016-17	1,199.44	1,101.18	35	91.81	(+)56.81
2017-18	1,043.27	1,217.20	35	116.67	(+)81.67
2018-19	1,025.70	1,379.23	35	134.47	(+)99.47

સ્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો, ૧૩માં અને ૧૪માં નાણા પંચ ના એહવાલ

કોઠો 1.26 માંથી જોઇ શકાય છે એ મુજબ સિંચાઇ યોજનાઓમાં માટે નાણાપંચે કરેલા અનુમાનો કરતાં રાજ્ય સરકારે ખર્ચની વસૂલાત અધિક કરી હતી.

32 આમાં સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ દ્વારા સિંચાઇ યોજનાઓ પર કરવામાં આવેલા ખર્ચનો સમાવેશ થતો નથી.

33 (₹ 146.44/₹ 4,515.66)*100 = 3.24%

1.8.2 અપૂર્ણ યોજનાઓ

માર્ચ 2019 ના અંતે, 118 મૂડી યોજનાઓ, દરેક ₹ 10 કરોડ અથવા વધુ ખર્ચવાળી અને જેના પૂર્ણતાની તારીખ 31 માર્ચ 2019 હતી એવી, અપૂર્ણ હતી જેના પર ₹ 2,207.27 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો. અપૂર્ણ યોજનાઓની વિભાગવાર વિગતો **કોઠો 1.27** માં આપી છે.

કોઠો 1.27: અપુર્ણ યોજનાઓની વિભાગ-વાર માહિતી

(₹ કરોડમાં)

વિભાગ	અપૂર્ણ યોજનાઓની સંખ્યા	શરૂઆતનો અંદાજીત ખર્ચ	31 માર્ચ 2019 ના રોજ સંચિત ખર્ચ
માર્ગ અને મકાન	112	3,848.30	2,147.42
નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર	6	153.11	59.85
કુલ	**118**	**4,001.41**	**2,207.27**

સ્રોત: વર્ષ 2018-19 માટેના રાજ્ય સરકારના નાનાકીય હિસાબોનું પરિશિષ્ટ IX

એવુ જોઇ શકાય છે કે માર્ગ અને મકાન વિભાગે 112 અપૂર્ણ યોજનાઓ પર 55.80 ટકા જેટલો ખર્ચ કર્યો હતો જ્યારે નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગે છ અપૂર્ણ યોજનાઓ પર 39.09 ટકા ખર્ચ કર્યો હતો (મૂળ અંદાજીત કિંમતના સંદર્ભમાં).

ભલામણ: યોજનાઓ પૂર્ણ થવામાં વિલંબ એ યોજનાના ખર્ચમાં વધારો અને લાભાર્થીઓને ધારેલા લાભો નકારવાનું જોખમ ઉભુ કરે છે રાજ્ય સરકારે તમામ અપૂર્ણ યોજનાઓના ખર્ચનું પુનઃમૂલ્યાંકન કરવુ જોઇએ અને યોનાઓ સમયસર પૂર્ણ થાય એ માટે પધ્ધતિ ઘડવી જોઇએ.

1.8.3 મૂડીરોકાણ અને વળતર

રાજ્ય સરકારના વાર્ષિક નાણાકીય હિસાબોના પત્રક ન.19 માં, વૈધાનિક નિગમો, સરકારી કંપનીઓ, ગ્રામીણ બેંકો, જોઈન્ટ સ્ટોક કંપનીઓ, સહકારી સંસ્થાઓ અને સ્થાનિક સંસ્થાઓમાં રાજ્ય સરકારે કરેલા મૂડીરોકાણની વિગતોનો સમાવેશ થાય છે. 31 માર્ચ 2019 ની સ્થિતિએ, રાજ્ય સરકારે આ કંપનીઓ/નિગમો/સંસ્થાઓમાં ₹ 92,804 કરોડનું રોકાણ કર્યું હતું (**કોઠો 1.28**).

કોઠો 1.28: મૂડીરોકાણ પર વળતર

રોકાણો/વળતર/ઉછીના નાણાની પડતર	2014-15	2015-16	2016-17	2017-18	2018-19
વર્ષના અંતે મૂડીરોકાણ (₹ કરોડમાં)	62,929	70,730	77,833	86,114	92,804
પ્રાપ્ત થયેલ વળતર/ડિવિડન્ડ (₹ કરોડમાં)	89.54	96.06	110.10	96.30	120.03
રોકાણ પર વળતર (ટકા માં)	0.14	0.14	0.14	0.11	0.13
સરકારે ઉછાના લીધેલા નાણા પર વ્યાજનો સરેરાશદર (ટકા માં)	7.76	7.69	7.67	7.59	7.44
સરકારે ઉછીના લીધેલા નાણા પર વ્યાજનો સરેરાશ દર અને વળતરના દર વચ્ચેનો તફાવત (ટકા માં)	7.62	7.55	7.53	7.48	7.31

સ્રોત: સંબંધિત વર્ષો માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો

કોઠો 1.28 દર્શાવે છે કે 2014-19 દરમિયાન, રાજ્ય સરકારનું મૂડીરોકાણ ₹ 29,875 કરોડ જેટલુ વધ્યું હતું. 2018-19 દરમિયાન, રાજ્ય સરકારે પાછલા વર્ષ કરતાં ₹ 6,690 કરોડનું વધારે મૂડીરોકાણ કર્યું હતું જેમાં મોટાભાગે ₹ 6,449 કરોડ સરકારી કંપનીઓમાં અને ₹ 239 કરોડ વૈધાનિક નિગમોમાં કરેલા રોકાણો સામેલ હતા. સરકારી કંપનીઓમાં કરેલા ₹ 6,449 કરોડના રોકાણ પૈકી ₹ 3,585 કરોડ (56 ટકા) નું મૂડીરોકાણ સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ (SSNNL) કરવામાં આવ્યુ હતુ.

કોઠો 1.28 એ પણ દર્શાવે છે કે આ કંપનીઓ/નિગમો/સંસ્થાઓમાં કરેલા રોકાણ પર 2014-19 દરમિયાન સરેરાશ વળતર 0.13 ટકા[34] હતું જ્યારે એ જ સમયગાળામાં ઉછીના લીધેલા નાણા પર સરકારે 7.63 ટકા સરેરાશ વ્યાજ ચૂકવ્યુ હતું

ઓડિટે રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં કરવામાં આવેલા મૂડીરોકાણની ઉલટ-ચકાસણી કરી હતી અને જોયું હતું (ડિસેમ્બર 2019) કે રાજ્યના જાહેર ક્ષેત્રના એક ઉપક્રમ ગુજરાત ઔદ્યોગિક રોકાણ નિગમ લિમિટેડે ગુજરાત સરકારને ₹ 257 કરોડના ઇક્વીટી શેરોની ફાળવણી કરી હતી. પરંતુ, 2018-19 ના નાણાકીય હિસાબોમાં કંપનીમાં મૂડીરોકાણ માત્ર ₹ 219 નું દર્શાવવામાં આવ્યુ હતું. નાણા વિભાગે ₹ 38 કરોડના તફાવત માટે કોઇ સ્પષ્ટીકરણ રજૂ કર્યું ન હતું.

1.8.3.1 રાજ્યના કાર્યરત જાહેર ક્ષેત્રના ઉપક્રમોની સ્થિતિ

31 માર્ચ 2019 ના રોજ રાજ્યમાં, રાજ્યના જાહેર ક્ષેત્રના 87 ઉપક્રમો હતા. રાજ્યના જાહેર ક્ષેત્રના આ 87 ઉપક્રમો પૈકી 71 કાર્યરત/સક્રિય હતા અને બાકીના 16 ઉપક્રમો બિન કાર્યરત/નિષ્ક્રિય હતા. આખરીરૂપ અપાયેલા છેલ્લા હિસાબો (સપ્ટેમ્બર 2019 સુધીના) પ્રમાણે,

[34] આ રાજ્ય સરકાર દ્વારા વૈધાનિક નિગમો, સરકારી કંપનીઓ, ગ્રામિણ બેંકો,જોઈન્ટ સ્ટોક કંપનીઓ, સહકારી સંસ્થાઓ અને સ્થાનિક સંસ્થાઓમાં કરેલા મૂડીરોકાણો પર મેળવેલું ડિવિડન્ડ છે.

71 કાર્યરત રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો (SPSUs) પૈકી 54 SPSUs એ ₹ 3,572.22 કરોડનો નફો કર્યો હતો જયારે 15 SPSUs એ ₹ 2,569.64 કરોડની ખોટ કરી હતી. બાકી ના બે[35] SPSUs એ ન તો નફો કે ન નુક્સાન નોંધાવ્યું હતું.

નાણા વિભાગે ઓક્ટોબર 1994 માં સ્થાયી સૂચનાઓ આપી હતી જે અન્વયે તમામ નફો કરતા રાજ્યના જાહેર ક્ષેત્રના એકમોએ નિયમિત રૂપે સરકારને ડિવિડન્ડ આપવુ જરૂરી હતું.

વર્ષ 2018-19 દરમિયાન રાજય સરકારને 54 નફો કરતી SPSUs માંથી પાંચ SPSUs પાસે થી ₹ 71.68 કરોડ નું ડિવિડંડ મળ્યું હતું. બાકીના નફો કરતા 49 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોએ કોઇ ડિવિડન્ડ જાહેર કર્યું ન હતું. SPSUs પાસે થી મળતા આવા નજીવા વળતર (2.01 ટકા)[36] ને જોતા, એવુ લાગે છે કે ઓક્ટોબર 1994 માં નાણા વિભાગે આપેલી સૂચનાઓનું SPSUs દ્વારા સાચા અર્થમાં પાલન કરવામાં આવતુ નથી.

ભલામણ: રાજ્ય સરકારે રોકેલી ભરપાઇ થયેલી શેર મૂડી પર રાજ્યના નફો કરતા જાહેર ક્ષેત્રના ઉપક્રમો તરફથી વ્યાજબી વળતરની ચૂકવણી માટે યોગ્ય ડિવિડંડ નીતિ ઘડવા માટે વિચારણા કરવી જોઇએ.

1.8.3.2 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં નુકસાનને કારણે થયેલ મૂડી નું ધોવાણ

છેલ્લા અંતિમ રૂપ અપાયેલા હિસાબો (સપ્ટેમ્બર 2019 સુધી) પ્રમાણે રાજ્યના 71 કાર્યરત PSUs માં રોકાણો[37] અને કુલ નુકશાન અનુક્રમે ₹ 1,69,957.91 કરોડ અને ₹ 8,975.59 કરોડ રહયું હતું. 31 માર્ચ 2019 ના રોજ રાજ્યના 71 સક્રિય જાહેર ક્ષેત્રના ઉપક્રમોની એકંદરે ચોખ્ખી સંપતિ[38]નું મૂલ્ય હકારાત્મક હતું. વધુ પૃથ્થકરણ કરતા જણાયુ હતું કે 71 કાર્યરત જાહેર ક્ષેત્રના ઉપક્રમો પૈકી 10 માં ચોખ્ખી સંપતિમાં ધોવાણ થયું હતું. રાજ્યના આ 10 જાહેર ક્ષેત્રના ઉપક્રમોની ₹ 10,285.61 કરોડની ભરપાઇ થયેલી મૂડી ફ્રી રિઝર્વની સામે કુલ નુક્સાન ₹ 22,207.12 કરોડ હતું.

રાજ્યના 71 કાર્યરત SPSUs માં મૂડીરોકાણ 2014-15 માં ₹ 1,18,060.71 કરોડ હતું તે વધીને 2018-19 માં ₹ 1,69,957.91 કરોડ થયુ હતું. મૂડીરોકાણ પરનું વળતર 2014-19 દરમિયાન 6.82 ટકા અને 4.78 ટકા વચ્ચે રહ્યુ હતું. એ જ રીતે, 71 SPSUs ની કુલ ઇક્વીટી 2014-15 માં ₹ 66,021.95 કરોડ હતી તે વધીને 2018-19 માં ₹ 1,08,927.41 કરોડ થઇ હતી. ઇક્વીટી પરનું વળતર 2014-19 દરમિયાન 2.56 ટકા અને 0.88 ટકા વચ્ચે રહ્યુ હતું.

---

35 એક SPSU (ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડ) ના કેસમાં, આવકની સામે અધિક ખર્ચને મૂડી અનામત અને બિન-આયોજન અનુદાન ના સામે સરભર કરવામાં આવ્યો હતો. જ્યારે, બીજા SPSU (ગુજરાત પોલીસ આવાસન નિગમ લિમિટેડ) એ આવકની સામે થયેલા અધિક ખર્ચને પૂર્ણ થયેલા કામો ખાતે તબદીલ કર્યો હતો.

36 તે નફો કરતા SPSU માંથી પ્રાપ્ત થયેલું ડિવિડન્ડ છે {(₹ 71.68 કરોડ/₹ 3,572.22 કરોડ)*100 = 2.01}

37 મૂડીરોકાણમાં ભરપાઇ થયેલી શેરમૂડી વત્તા લાંબા ગાળાની લોન વત્તા ફ્રી રિઝર્વનો સમાવેશ થાય છે.

38 ચોખ્ખી સંપતિ ભરપાઈ શેર મૂડી અને મફત અનામત અને પુરાંત બાદ સંચિત નુકશાન અને વિલંબિત મહેસૂલી ખર્ચ નો સમાવેશ કરે છે.

1.8.3.3 જોઇન્ટ સ્ટોક કંપનીઓમાં રોકાણ અને ભાગીદારી

નાણાકીય હિસાબો (પત્રક નં 19), દર્શાવે છે કે રાજય સરકારે 28 અન્ય જોઈન્ટ સ્ટોક કંપનીઓ (JCS) ના શેરોમાં અને ભાગીદારીઓમાં ₹ 32.56 કરોડનું રોકાણ કર્યું હતું. આ 28 પૈકી સાત એવી કંપનીઓમાં રોકાણ કર્યું હતું જેનું ગઠન, ગુજરાત રાજ્યની સ્થાપના (1960) પહેલાં થયેલું હતું. 28 પૈકી ચાર JCS ફડચામાં ગઇ હતી, એકનું વિસર્જન થઈ ગયું હતું જયારે એક JSC કેસમાં તેના શેરો હજુ રાજય સરકારને તબદીલ કરવાના બાકી હતા. 2018-19 દરમિયાન આ 28 JCS તરફથી સરકારને કોઈ ડિવિડન્ડ મળ્યું ન હતું.

ઑડિટે રાજ્ય સરકારને આ JCS ના અસ્તિત્વ વિષે અને સાથેસાથે ન મળેલા ડિવિડન્ડની ચૂકવણી બાબતમાં અનુવર્તી કાર્યવાહીમાં પૂછ્યું હતું. (ડિસેમ્બર 2019). નાણા વિભાગે જણાવ્યું (ડિસેમ્બર 2019) કે, જે તે વહીવટી વિભાગોને જરૂરી માહિતી પૂરી પાડવા માટે વિનંતી કરવામાં આવી છે. આમ છતાં, ફેબ્રુઆરી 2020 ની સ્થિતિએ નાણા વિભાગ દ્વારા આ બાબતમાં પ્રગતિની કોઇ માહિતી આપવામાં આવી નથી.

1.8.3.4 પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપ (PPP) પરિયોજનાઓમાં રોકાણ

PPP ની રચના સરકારી એજન્સીઓ અને સંસ્થાઓ દ્વારા સામાન્ય રીતે માળખાકીય સુવિધાઓ શરૂ કરવા અને તેના વિકાસ માટે કરવામાં આવે છે.

31 માર્ચ 2018 ની સ્થિતિએ, માળખાકીય ક્ષેત્રમાં પબ્લીક પ્રાઇવેટ પાર્ટનરશીપ (PPP) કામોની સ્થિતિ **કોઠો 1.29** માં રજુ કરી છે.

કોઠો 1.29: માળખાકીય ક્ષેત્રમાં PPP પરિયોજનાઓની સ્થિતિ

(₹ કરોડમાં)

ક્રમાંક	ક્ષેત્ર Sector	પૂર્ણ થયેલી પરિયોજનાઓ		અમલીકરણ હેઠળ પરિયોજનાઓ	
		સંખ્યા	કુલ મૂડીરોકાણ	સંખ્યા	કરવામાં આવેલો ખર્ચ
1.	રસ્તા	19	2,596.06	11	6,137.09
2.	શહેરી માળખુ	84	1,877.87	64	5,727.81
3.	પાણી	0	0.00	1	2,000.00
4.	ઉર્જા	6	11,350.00	1	43.30
5.	બંદરો	55	51,619.53	16	14,535.95
6.	ઉડ્ડયન	0	0.00	2	0.00
7.	માહિતી પ્રૌદ્યોગિકી, ITES અને બાયોટેક	3	5.12	3	255.00
8.	રેલ્વે	1	395.00	2	1,262.25
9.	કૃષિ	2	23.18	0	0.00
10.	માર્ગ વાહનવ્યવહાર	7	923.01	11	750.18
	કુલ	**177**	**68,789.77**	**111**	**30,711.58**

સ્રોત: ગુજરાત ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ દ્વારા પુરી પાડવામાં આવેલી માહિતી

કોઠો 1.29 દર્શાવે છે કે ગુજરાતમાં માળખાકીય ક્ષેત્રમાં ₹ 99,501 કરોડના મૂલ્યની 288 PPP પરિયોજનાઓ પૈકી ₹ 68,790 કરોડની 177 પરિયોજનાઓ માર્ચ 2019 સુધીમાં પૂર્ણ થઇ ગઇ હતી. મોટુ મૂડીરોકાણ શહેરી માળખાકીય ક્ષેત્રમાં હતું જેમાં 84 પરિયોજનાઓ પૂર્ણ થઇ ગઇ છે 64 પરિયોજનાઓ અમલીકરણ હેઠળ હતી. ઉપરાંત, બંદર ક્ષેત્રે ₹ 51,620 કરોડના ખર્ચવાળી 55 પરિયોજનાઓ પૂર્ણ થઇ ગઇ છે અને ₹ 14,536 કરોડના મૂડીરોકાણ વાળી 16 પરિયાજનાઓ પ્રગતિમાં હતી.

1.8.4 રાજ્ય સરકાર દ્વારા લોન અને પેશગીઓ

નાણાકીય હિસાબોનું પત્રક 18, રાજ્ય સરકાર દ્વારા જુદી જુદી સંસ્થાઓને અને સત્તામંડળોને આપેલી લોન અને પેશગીઓની વિગતો રજૂ કરે છે. **કોઠો 1.30** 2014-19 દરમિયાન ચૂકવેલી લોન અને પેશગીઓ, પરત ચૂકવણીઓ અને મળેલા વ્યાજ ની સામે રાજ્ય સરકાર દ્વારા તેની ઉછીની લીધેલી રકમ પર વ્યાજની ચુકવણીની સ્થિતિ રજુ કરે છે.

કોઠો 1.30: લોન અને પેશગીઓ પર મળેલુ વ્યાજ અને ચૂકવણીઓ

(₹ કરોડમાં)

આપવામાં અવેલી લોન અને પેશગીઓનું પ્રમાણ/વ્યાજની આવક/ નાણ ઉછીના લેવાનો ખર્ચ	2014-15	2015-16	2016-17	2017-18	2018-19
આપવામાં અવેલી લોન અને પેશગોની ઉઘડતી સિલક	7,048	6,777	7,327	7,638	7,923
વર્ષ દરમિયાન આપવામાં આવેલી લોન	350	675	477	631	1,731
વર્ષ દરમિયાન પરત ચૂકવાયેલી લોન	621	125	166	346	151
આપવામાં આવેલી લોન અને પેશગીઓની બંધ સિલક	**6,777**	**7,327**	**7,638**	**7,923**	**9,503**
લોન જેના માટે શરતો નક્કી કરવામાં આવેલી છે.	309	634	373	521	1,296
વર્ષ દરમિયાન ચોખ્ખો વધારો	(-)271	550	311	285	1,580
વર્ષ દરમિયાન થયેલી વ્યાજની આવક	142	172	117	88	74
બાકી લોન અને પેશગીઓની ટકાવારી રૂપે વ્યાજની આવક [39]	2.10	2.35	1.53	1.13	0.85
વ્યાજની ચૂકવણીઓ	14,946	16,300	17,797	18,954	20,183
રાજ્ય સરકારની બાકી નાણાકીય જવાબદારીઓની ટકાવારી રૂપે વ્યાજની ચુકવણી	7.39	7.37	7.32	7.39	7.06
વ્યાજની આવક અને વ્યાજની ચૂકવણી વચ્ચે તફાવત (ટકા માં)	**(-)5.29**	**(-)5.02**	**(-)5.79**	**(-)6.26**	**(-)6.21**

સ્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

[39] મળેલુ વ્યાજ /[લોન અને પેશગીઓની (ખૂલતી સિલક + બંધ સિલક))/2]*100

ઉપરનો કોઠો દર્શાવે છે કે સરકારના ઉછીના નાણા પરનો વ્યાજનો વ્યાપ 2014-19 દરમિયાન નકારાત્મક હતો જે દર્શાવતું હતું કે રાજ્યના ઉછાના લીધેલા નાણા તેણે આપેલી લોનો જેટલા ખર્ચાળ ન હતા.

કોઠો એવુ પણ દર્શાવે છે કે કુલ ચડત લોન અને પેશગીઓ 2017-18 માં ₹ 7,923 કરોડ હતી તે વધીને 2018-19 માં ₹ 9,503 કરોડ થઇ હતી. વર્ષ દરમિયાન આપવામાં આવેલી લોનો (₹ 1,731 કરોડ) પૈકી ₹ 924 કરોડ સામાજીક સેવાઓ માટે, ₹ 756 કરોડ આર્થિક સેવાઓ માટે અને ₹ 51 કરોડ પરચુરણ હેતુઓ માટે આપવામાં આવ્યા હતા. સામાજીક સેવાઓ માટે આપવામાં આવેલી લોનનો ઉપયોગ શહેરી વિકાસ અને અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત જાતિઓ અને લઘુમતીઓના કલ્યાણ માટે કરવામાં આવ્યો હતો. આર્થિક સેવાઓ હેઠળ આપવામાં આવેલી લોનોનો મોટો ભાગ ઉર્જા ક્ષેત્ર(₹ 69 કરોડ) અને વાહનવ્યવહાર ક્ષેત્ર (₹ 113 કરોડ) ના ફાળે ગયો હતો.

ઉપરાંત, વર્ષ દરમિયાન આપવામાં આવેલી કુલ લોન (₹ 1,731 કરોડ) પૈકી ₹ 1,296 કરોડની લોનની રકમની ચૂકવણી વહીવટી વિભાગો અથવા નાણા વિભાગ દ્વારા લોનની પરતચૂકવણી અને ચૂકવવાપાત્ર વ્યાજના દર ની શરતો નક્કી કર્યા વિના કરવામાં આવી હતી.

1.8.4.1 *લોનની શરતોને આખરીરૂપ આપવું અને તેનું પાલન*

ગુજરાત નાણાકીય નિયમો, 1971 ના નિયમ 71 મુજબ, લોન મંજૂર કરવા માટે સક્ષમ અધિકારીએ લોનની મંજૂરી આપતી વખતે, મંજૂરીના હુકમમાં લોનની પરત ચુકવણીની શરતો અને વ્યાજના દર સહિત લોનની શરતો સ્પષ્ટ કરવાની રહેશે. નાણા વિભાગના તારીખ 08 જુલાઇ 2010 ના પરિપત્રમાં અન્ય સંસ્થાઓ/સત્તામંડળોને રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવતી લોનની શરતોને આખરીરૂપ આપવા માટેની પધ્ધતિ નિયત કરવાની સાથે ઉપરોક્ત જોગવાઇઓની પુનરૂક્તિ કરી હતી.

08 જૂલાઇ 2010 ના પરિપત્ર મુજબ વધુમાં વહીવટી વિભાગોએ આ રીતે મંજૂર કરવામાં આવેલી લોનનું ગુજરાત નાણાકીય નિયમો, 1971 ના નિયમ 78 અનુસાર એક પત્રક નિભાવવાનું હોય છે. પરિપત્રમાં, સંબંધિત વહીવટી વિભાગો દ્વારા લોનની પરત ચુકવણી અને વ્યાજની વસૂલાત પર દેખરેખ ધ્યાનમાં લેવામાં આવી હતી. વહીવટી વિભાગોએ દરેક નાણાકીય વર્ષના અંતે બાકી લોનની સ્થિતિ બાબતમાં નાણા વિભાગને નિયત નમૂનામાં પત્રક મોકલવાનું હોય છે.

31 માર્ચ 2017 અને 31 માર્ચ 2018 અંતિત વર્ષો માટેના ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના અહેવાલોમાં ઉદ્યોગ અને ખાણ વિભાગ દ્વારા લોનનું પત્રક ન નિભાવવા અને નાણા વિભાગને પત્રક રજૂ ન કરવા બાબતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ઓડિટે ચાર[40] વિભાગો (ઉદ્યોગ અને ખાણ વિભાગ સહિત) માં અનુવર્તી કાર્યવાહી કરી હતી અને જોવામાં આવ્યું હતું કે પરિસ્થિતિમાં કોઇ સુધારો થયો ન હતો.

[40] ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ, નાણા, ઉદ્યોગ અને ખાણ અને સામાજીક ન્યાય અને સશક્તિકરણ

1.8.4.2 નિષ્ક્રિય લોનના હિસાબો

નીચે મુજબના મુખ્ય સદરો **(કોઠો 1.31)** હેઠળ, અગાઉના વર્ષોમાં જુદી જુદી સંસ્થાઓ/સત્તામંડળોને ચૂકવવામાં આવેલી ₹ 833.30 કરોડની રકમની લોનોની બાકી સિલકો છેલ્લા 10 વર્ષથી (2009-19) નિષ્ક્રિય[41] રહી હતી.

કોઠો 1.31: નિષ્ક્રિય લોન હિસાબો

(₹ કરોડમાં)

મુખ્ય સદર		2009-19
6075	પરચુરણ સામાન્ય સેવાઓ માટે લોન	11.51
6202	શિક્ષણ, રમતગમત, કળા અને સંસ્કૃતિ માટે લોન	20.43
6215	પાણી પુરવઠો અને સ્વચ્છતા માટે લોન	323.73
6404	ડેરી વિકાસ માટે લોન	63.00
6702	ગૌણ સિંચાઇ માટે લોન	25.79
6855	ખાતર ઉદ્યોગ માટે લોન	12.15
6859	ટેલીકોમ્યુનિકેશન અને ઇલેક્ટ્રોનિક ઉદ્યોગ માટે લોન	5.90
6860	ઉપભોક્તા ઉદ્યોગ માટે લોન	358.76
7052	વહાણવટા માટે લોન	9.41
7452	પ્રવાસન માટે લોન	2.62
	કુલ બાકી સિલકો	**833.30**

સ્રોત: વર્ષ 2009-10 થી 2018-19 માટે રાજ્ય સરકારના નાણાકીય હિસાબો

આ મુખ્ય સદરો હેઠળ લોનોની પરત ચૂકવણીની સમીક્ષા અને, જરૂરી જણાય તો આ લોનો માંડવાળ કરવા માટે યોગ્ય પગલા લેવાની શરૂઆત કરવાની જરૂર છે.

ઓડિટના ધ્યાન પર આવ્યુ હતું કે નબળી નાણાકીય સ્થિતિના કારણે, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) તેના દ્વારા ઉઘરાવવામાં આવેલા યાત્રિ વેરાની ઘણા વર્ષો સુધી સરકારના હિસાબમાં ચૂકવણી કરી શક્યુ ન હતું. યાત્રિ વેરાનો ઉપયોગ GSRTC દ્વારા તેનો ખર્ચ પૂરો કરવા માટે કરવામાં આવતો હતો. નાણા વિભાગની મંજૂરી સાથે વહીવટી વિભાગે (બંદરો અને વાહનવ્યવહાર) યાત્રિ વેરાને GSRTC ને આપવામાં આવેલી લોન ગણી હતી. આમ છતાં, સંબંધિત મંજૂરીના હુકમો GSRTC દ્વારા પરત ચૂકવણીનું પત્રક અને ચૂકવવાપાત્ર વ્યાજ નિયત કરતા નથી. 31 માર્ચ 2019 ની સ્થિતિએ, GSRTC પાસે ₹ 3,376 કરોડની ચડત લોનની સિલક હતી જેમાં 2014-19 દરમિયાન આપવામાં આવેલી પેશગીના ₹ 847.48 કરોડ સામેલ હતા.

41 મુદ્દલ કે કોઇ વ્યાજની ચૂકવણી કરવામાં આવી ન હતી.

1.8.5 રોકડ પુરાંત અને રોકડ પુરાંતનુ રોકાણ

રોકડ પુરાંતો અને 2018-19 દરમિયાન રોકડ પુરાંતોમાંથી રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલા રોકાણની વિગતો **કોઠો 1.32** માં દર્શાવી છે.

કોઠો 1.32: રોકડ પુરાંત અને રોકડ પુરાંતનું રોકાણ

(₹ કરોડમાં)

રોકડ પુરાંત અને રોકડ પુરાંતનું રોકાણ	01/04/2019 ના રોજ ખૂલતી સિલક	31/03/2019 ના રોજ બંધ સિલક	વધારો(+)/ ઘટાડો(-)
(a) સામાન્ય રોકડ પુરાંત			
તિજોરીઓમાં રોકડ	0.00	0.00	0.00
રિઝર્વ બેંકમાં થાપણો	(-)359.53	0.12	359.65
માર્ગમાં ભરણા– સ્થાનિક	4.19	0.00	(-)4.19
રોકડ પુરાંત મૂડીરોકાણ હિસાબમાં (તિજોરી બિલો) ધારણ કરેલા ,મૂડીરોકાણો	5,198.09	6,895.90	1,697.81
કુલ (a)	**4,842.75**	**6,896.02**	**2,053.27**
(b) અન્ય રોકડ પુરાંતો અને રોકાણો			
વિભાગીય અધિકારીઓ એટલે કે જાહેર બાંધકામ, વન, જિલ્લા કલેક્ટરો વગેરે પાસેની રોકડ	(-)0.21	(-)0.38	(-)0.17
વિભાગીય અધિકારીઓ પાસે આકસ્મિક ખર્ચ માટે સ્થાયી પેશગી	0.29	0.29	0.00
અંકિત કરેલા ભંડોળનું મૂડીરોકાણ	11,686.39	12,704.60	1,018.04
કુલ (b)	**11,686.47**	**12,704.51**	**1,018.04**
કુલ રોકડ સિલકો(a)+ (b)	**16,529.22**	**19,600.53**	**3,071.31**
પ્રાપ્ત થયેલુ વ્યાજ[42]	**1,250**	**1,219**	**(-)31**

સ્રોત: વર્ષ 2018-19 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો

ચાલુ વર્ષના અંતે રાજ્ય સરકારની ₹ 19,600.53 કરોડની રોકડ પુરાંત પાછલા વર્ષ કરતાં ₹ 3,071.31 કરોડનો વધારો (18.58 ટકા) દર્શાવતી હતી. ₹ 19,600.53 કરોડની રોકડ પુરાંત પૈકી ₹ 5,198.09 કરોડનું ભારત સરકારના તિજોરી બિલોમાં રોકાણ કરવામાં આવ્યુ હતું જેનું ચાલુ વર્ષમાં ₹ 234 કરોડનું વ્યાજ મળ્યું હતું. વધુમાં, ₹ 11,686.39 કરોડનું રોકાણ અંકિત કરેલા ભંડોળોમાં કરવામાં આવ્યુ હતું જેમાંથી ₹ 985 કરોડનું વ્યાજ પ્રાપ્ત થયું હતું.

42 2018-19 અને 2017-18 દરમિયાન ડૂબત ભંડોળના રોકાણ પર (નિયમિત મૂડીરોકાણ સાથે મળેલુ) અનુક્રમે ₹ 985 કરોડ અને ₹ 694 કરોડનું વ્યાજ મળ્યુ હતું આથી ₹ 234 કરોડ અને ₹ 554 કરોડ ના રોકડના રોકાણ પર વ્યાજ મુખ્ય સદર 0049 હેઠળ સામેલ કરવામાં આવ્યુ ન હતું.

2018-19 દરમિયાન પૂરતી રોકડ પુરાંતના લીધે, રાજ્ય સરકારે તેની લઘુત્તમ રોકડ પુરાંત જાળવવા માટે ભારતીય રિઝર્વ બેંક પાસેથી કોઇ સાધનોપાલય પેશગી લીધી ન હતી.

વધુમાં, મુખ્ય સદર "8670-ચેક અને બિલ" એ વ્યવહારોની શરૂઆતમાં નોંધ કરવા માટેનો વચગાળાનો હિસાબ છે જે છેવટે દૂર કરવાનો હોય છે. આ મુખ્ય સદર હેઠળની બાકી સિલકો વટાવવાના બાકી ચેકોની રકમ દર્શાવે છે જે 31 માર્ચ 2019 ના રોજ ₹ 2,489.80 કરોડ હતી.

આથી, 31 માર્ચ 2019 ના રોજ રાજ્ય સરકારનીં પરિણામી અસરકારક રોકડ પુરાંત ₹ 4,406.13 કરોડ[43] હતી જે વર્ષ દરમિયાન રાજ્ય સરકારના કુલ ખર્ચના (₹ 1,62,583 કરોડ) 2.71 ટકા હતી.

1.9 અસ્ક્યામતો અને જવાબદારીઓ

1.9.1 અસ્ક્યામતો અને જવાબદારીઓ ની રચના અને વૃધ્ધિ

હાલની સરકારી હિસાબી પધ્ધતિમાં, સરકારની માલિકીના જમીન અને મકાનો જેવી સ્થાયી અસ્ક્યામતોનો સર્વગ્રાહી હિસાબ રાખવામાં અવતો નથી. આમ છતાં, સરકારી હિસાબોમાં સરકારની નાણાકીય જવાબદારીઓ અને કરવામાં આવેલા ખર્ચમાંથી ઉભી કરવામાં આવેલી અસ્ક્યામતો નોંધવામાં આવે છે. **પરિશિષ્ટ 1.3** માં 31 માર્ચ 2018 ના રોજની અનુરૂપ સ્થિતિ સાથેની સરખામણીએ 31 માર્ચ 2019 ના રોજની આવી જવાબદારીઓ અને અસ્ક્યામતોની તારીજ દર્શાવે છે. આ પરિશિષ્ટમાં જવાબદારીઓમાં મુખ્યત્વે આંતરિક ઉધારી, ભારત સરકારની લોન અને પેશગીઓ, જાહેર હિસાબ અને અનામત ભંડોળમાંથી થતી આવકનો સમાવેશ થાય છે જ્યારે અસ્ક્યામતોમાં મુખ્યત્વે મૂડી જોગવાઇ અને રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી લોન અને પેશગીઓ અને રોકડ સિલકોનો સમાવેશ થાય છે.

ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ નમૂના ખ-2(ક) માં જાહેર કર્યા મુજબ, રાજ્ય સરકારની જવાબદારીઓમાં નીચેના ઘટકોનો સમાવેશ થાય છેઃ

(i) રાષ્ટ્રીય નાની બચત ભંડોળને આપવામાં આવેલી વિશેષ બાંયધરીઓ
(ii) કેન્દ્ર સરકાર તરફથી લોન અને પેશગીઓ
(iii) બજારની લોન
(iv) નાણાકીય સંસ્થાઓ/બેંકો પાસેથી લોન
(v) ભારતીય રિઝર્વ બેંક પાસેથી સાધનોપાલય પેશગીઓ/ઓવરડ્રાફ્ટ
(vi) નાની બચત, સરકારી કર્મચારીઓનું ભવિષ્ય નિધિ વગેરે
(vii) પેન્શનની જવાબદારીઓ
(viii) અનામત ભંડોળ/થાપણો અને અન્ય કર્મચારીઓના ભવિષ્ય નિધિ
(ix) અન્ય જવાબદારીઓ

[43] રોકડ સિલક (₹ 19,600.53 કરોડ) – અંકિત કરેલા ભંડોળોમાં રોકાણ (₹ 12,704.60 કરોડ) – "ચેક અને બિલ" હેઠળ ચડત સિલક (₹ 2,489.80 કરોડ)

1.9.2 રાજકોષીય જવાબદારીઓ

રાજ્યની ચડત રાજકોષીય જવાબદારીઓ 2014-15 માં ₹ 2,02,313 કરોડ હતી તે 9.03 ટકાના સંયુક્ત વાર્ષિક વૃધ્ધિના દરે વધીને 2018-19 માં ₹ 2,85,844 કરોડ થઇ હતી. 2018-19 માં, રાજકોષીય જવાબદારીઓ પાછલા વર્ષની સરખામણીએ 11.50 ટકાના દરે વધી હતી. GSDP, મહેસૂલી આવક અને પોતાના સંસાધનોના સાપેક્ષે રાજકોષીય જવાબદારીઓના વલણો **કોઠો 1.33** માં દર્શાવ્યા છે.

કોઠો: 1.33: - રાજકોષીય જવાબદારીઓ–મૂળભૂત પરિમાણો

રાજકોષીય પરિમાણો	2014-15	2015-16	2016-17	2017-18	2018-19
રાજકોષીય જવાબદારીઓ (₹ કરોડમાં)	2,02,313	2,21,090	2,43,146	2,56,366	2,85,844
પાછલા વર્ષની સામે વૃધ્ધિ (ટકા માં)	10.52	9.28	9.98	5.44	11.50
ની સામે રાજકોષીય જવાબદારીઓનો ગુણોત્તર					
GSDP (ટકા માં) [14મા નાણા પંચ દ્વારા નિયત લક્ષ્યાંકો]	25.97	25.91	25.87	25.83	25.79
GSDP (ટકા માં) [ખરેખર મૂલ્યો]	21.95	21.49	21.08	19.50	19.04
મહેસૂલી આવક (ટકા માં)	220	227	221	208	210
પોતાના સ્ત્રોતો (ટકામાં)	285	304	313	296	306

સ્ત્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

પાછલા વર્ષની સામે ચાલુ વર્ષ દરમિયાન રાજકોષીય જવાબદારીઓનું બંધારણ નીચે **ચાર્ટ 1.13 અને 1.14** માં રજુ કરેલ છે.

ચાર્ટ 1.13:
31-03-2018 ના રોજની ચડત રાજકોષીય જવાબદારીઓનું બંધારણ (₹ કરોડમાં)



ચાર્ટ 1.14:
31-03-2019 ના રોજ રાજકોષીય જવાબદારીઓનું બંધારણ (₹ કરોડમાં)



કૌંસમાં આંકડા હિસ્સાની ટકાવારી દર્શાવે છે.

ચાર્ટ 1.14 દર્શાવે છે કે નાણાકીય વર્ષ 2017-18 ના અંતે રાજ્ય સરકારની ચડત રાજકોષીય જવાબદારીઓમાં ₹ 2,32,875 કરોડ (81 ટકા) નું આંતરિક ઋણ, ₹ 45,539 કરોડ (16 ટકા) નો જાહેર હિસાબ અને ₹ 7,430 કરોડ (ત્રણ ટકા) ની ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓનો સમાવેશ થતો હતો. આંતરિક ઋણમાં મુખ્યત્વે બજાર લોન (₹ 1,79,324 કરોડ) અને NSSF ને આપેલી વિશેષ જામીનગીરીઓ (₹ 39,385 કરોડ) સામેલ હતી.

2018-19 ના અંતે રાજકોષીય જવાબદારીઓ મહેસૂલી આવકના (₹ 1,36,002 કરોડ) 210 ટકા (₹ 2,85,844 કરોડ) જેટલી અને રાજ્યના પોતાના સંસાધનો કરતાં ત્રણ ગણા કરતાં વધારે (₹ 93,520 કરોડ) રહી હતી.

પાંચ વર્ષના સમયગાળા (2014-19) દરમિયાન, GSDP ની સામે ચડત રાજકોષીય જવાબદારીઓનો ગુણોત્તર 2014-15 માં 21.95 ટકા હતો તે ઘટીને 2018-19 માં 19.04 ટકા થયો હતો. આ ગુણોત્તર 14 મા નાણાપંચના રાજકોષીય એકત્રીકરણ માર્ગરેખામાં અનુમાન કરેલા 25.83 ટકાના ગુણોત્તરની અંદર હતો. રાજ્યની ચડત રાજકોષીય જવાબદારીઓના વલણો **પરિશિષ્ટ 1.5** માં રજૂ કર્યા છે.

1.9.3 અનામત ભંડોળ હેઠળના વ્યવહારો

2018-19 દરમિયાન ચોક્કસ હેતુઓ માટે 15 અનામત ભંડોળો અંકિત કરેલા હતા જે પૈકી પાંચ ભંડોળ ₹ 2.11 કરોડની સિલક સાથે નિષ્ક્રિય[44] હતા. 31 માર્ચ 2019 ના રોજ આ ભંડોળોમાની કુલ સંચિત રાશી ₹ 15,503.28 કરોડ હતી જેમાંથી ₹ 12,704.26 કરોડનું રોકાણ કરવામાં આવ્યુ હતું.

1.9.3.1 *એકત્રિત ડૂબત ભંડોળ*

રાજ્ય સરકારે ચડત જવાબદારીઓની ઋણમુક્તિ માટે 2003-04 માં એકત્રિત ડૂબત ભંડોળ (CSF) નું ગઠન કર્યું હતું. ભારતીય રિઝર્વ બેંકે, જે આ ભંડોળના વહીવટ માટે જવાબદાર છે તેણે, નાણાકીય વર્ષ 2007-08 થી સરકારની જવાબદારીઓ (આંતરિક ઋણ+જાહેર હિસાબની જવાબદારીઓ) સામેલ કરવા માટે CSF નો વ્યાપ વધારવા માટે માર્ગદર્શિકા જાહેર કરી હતી. ઉપરાંત, રાજ્ય સરકારે CSF માટે જારી કરેલા છેલ્લી માર્ગદર્શિકા (2017-18) મુજબ ભંડોળનો લઘુત્તમ કોષ વર્ષ 2018-19 થી રાજ્યની ચડત જવાબદારીઓના પાંચ ટકા હોવો જોઇએ અને ત્યારબાદ તેને રોલીંગના આધારે નિભાવવાનો હોય છે.

2018-19 દરમિયાન CSF **માં** ₹ 223.50 કરોડ જેટલો ઓછો ફાળો જમા થયો હતો, કારણ કે ₹ 12,818.32 કરોડના લઘુત્તમ કોષના સામે ભંડોળમાં બંધ સિલક ₹ 12,594.82 હતી. રાજ્ય સરકારે 2018-19 દરમિયાન ₹ 985.05 કરોડનું સંચિત વ્યાજ ભંડોળમાં જમા કર્યું હતું.

[44] 1999-2000 થી ચાર ભંડોળો (₹ 2.10 કરોડ) અને 2014-15 થી એક ભંડોળ (₹ 0.01 કરોડ)

1.9.3.2 *રાજ્ય સંકટ નિવારણ ભંડોળ*

13 મા નાણાપંચની ભલામણો અનુસાર, રાજ્ય સરકાર 2011-12 થી રાજ્ય સંકટ નિવારણ ભંડોળ (SDRF) નું સંચાલન કરતી હતી. ભારત સરકારની માર્ગરેખા (સપ્ટેમ્બર 2010) મુજબ ભંડોળમાં કેન્દ્ર અને રાજ્ય સરકારોએ 75:25 ના પ્રમાણમાં ફાળો આપવાનો હતો.

01 એપ્રિલ 2018 ના રોજ, ભંડોળમાં ₹ 2,355.12 કરોડની ખુલતી સિલક હતી. 2018-19 દરમિયાન, રાજ્ય સરકારે ₹ 518.34 કરોડ (₹ 449.95 કરોડ કેન્દ્રનો હિસ્સો અને ₹ 68.39 કરોડ રાજ્યનો હિસ્સો) ભંડોળમાં તબદીલ કર્યા હતા. ₹ 2873.46 કરોડની ઉપલબ્ધ કુલ સિલકમાંથી વર્ષ દરમિયાન ₹ 1,368.93 કરોડનો[45] ખર્ચ કુદરતી આફતો પર કરવામાં આવેલા ભંડોળની સિલક સામે ભરપાઇ કરવામાં આવ્યો હતો અને માર્ચ 2019 ના અંતે ₹ 1,504.53 કરોડ ભંડોળમાં રહ્યા હતા. ભારત સરકારની માર્ગરેખાની દ્રષ્ટિએ ભંડોળમાં પડી રહેલી સિલકનું રોકાણ કરવું જરૂરી હતું[46] જે કરવામાં આવ્યુ ન હતું. અગાઉના વર્ષોની સિલકો પરના ભંડોળમાં જમા કરવાના વ્યાજની ગણતરી પણ રાજ્ય સરકાર દ્વારા કરીને જમા કરવામાં આવ્યુ ન હતું.

1.9.3.3 *નવી પેન્શન યોજનામાં જવુ*

રાજ્ય સરકારે 1 એપ્રીલ 2005 થી "વ્યાખ્યાયિત ફાળો પેન્શન યોજના (નેશનલ પેન્શન સ્કીમ-NPS)" દાખલ કરી હતી. પરિયોજનાની માર્ગરેખા અનુસાર, કર્મચારીએ દર મહિને તેના મૂળ પગાર અને મોંઘવારી ભથ્થાના 10 ટકા લેખે ફાળો આપવાનો હોય છે જેનો સુમેળયુક્ત ફાળો રાજ્ય સરકાર આપે છે અને પુરેપુરી રકમ નેશનલ સિક્યુરીટીઝ ડિપોઝીટરી લિમિટેડ (NSDL)/ટ્રસ્ટી બેંક મારફત નિયુક્ત વ્યવસ્થાપકને તબદીલ કરવામાં આવે છે. રાજ્ય સરકારે યોજનાકીય ભંડોળના વ્યવસ્થાપન માટે NPS ટ્રસ્ટ સાથે કરાર કર્યા હતા (જાન્યુઆરી 2009) અને પરિયોજના માટે ઘડવામાં આવેલું કેન્દ્રિય માળખું સ્વીકાર્યું હતું (મે 2009).

કર્મચારીઓનો ફાળો અને રાજ્યનો હિસ્સો જાહેર હિસાબમાં[47] જમા કરવામાં આવે છે અને પછી તે NSDL ને તબદીલ કરવામાં આવે છે. વર્ષ 2018-19 દરમિયાન રાજ્ય સરકારે કર્મચારીઓ પાસેથી NPS ના ફાળા તરીકે ₹ 724.22 કરોડ એકત્ર કર્યા હતા અને તેના હિસ્સા તરીકે ₹ 740.47 કરોડનો યોજનામાં ફાળો આપ્યો હતો. ઉપરાંત, ₹ 1,497.02 કરોડના (પાછલા વર્ષના ₹ 32.33 કરોડની સિલક સહિત) એકત્ર કરેલા કુલ ભંડોળની સામે રાજ્ય સરકારે માત્ર ₹ 1,481.28 કરોડ NSDL ને તબદીલ કર્યા હતા અને યોજનાની જોગવાઇઓ મુજબ આગળ રોકાણ કરવા માટે ₹ 15.74 કરોડ NSDL ને તબદીલ કર્યા ન હતા. આમ, 2018-19 દરમિયાન NSDL ને ₹ 15.74 કરોડની ઓછી તબદીલી થઇ હતી. 2018-19 માટે ₹ 15.74 કરોડની ચાલુ જવાબદારીમાંથી, ₹ 14.28 કરોડ 09 એપ્રિલ 2019 ના રોજ NSDL ને તબદીલ કર્યા હતા.

---

45 મુખ્ય સદર 2245-05 (કુદરતી આપત્તિઓના હિસાબે રાહત -SDRF)

46 SDRF માં સંચિત રકમનું ભારતીય રિઝર્વ બેંક મારફત કેન્દ્ર સરકારની કાલબધ્ધ જામીનગીરીઓ, હરાજી થયેલા ટ્રેઝરી બિલ અને અનુસિચિત વાણિજ્યિક બેંકોમાં વ્યાજકી થાપણો અને પ્રમાણપત્રોમાં રોકાણ કરવાનું હોય છે.

47 મુખ્ય સદર 8342-117 (અન્ય થાપણો-કેન્દ્રિય કર્મચારીઓ માટે વ્યાખ્યાયિત ફાળો પેન્શન યોજના)

2018-19 દરમિયાન, રાજ્ય સરકારે ભંડોળની મોડી/વિલંબિત તબદીલી માટે ફંડ મેનેજરને ₹ 1.95 કરોડની વ્યાજની ચુકવણી કરી હતી.

રાજ્ય સરકાર કામે રોકનાર/કર્મચારીઓનો ફાળો NSDL માં તબદીલ કરવામાં મોટા ભાગે અવાંછિત વિલંબ વિના ઝડપી રહી છે.

નવી પેન્શન યોજનાનું અમલીકરણ

2005-06 માં નેશનલ પેન્શન સ્કીમ-NPS ના અમલીકરણથી સ્વાયત્ત સંસ્થાઓ સહિત રાજ્ય સરકાર કર્મચારીઓનો (જેમણે નવી પેન્શન યોજના સ્વીકારી હોય) ફાળો શરૂઆતમાં ગુજરાત રાજ્ય નાણાકીય સેવા (GSFS) માં રાખતા હતા. સપ્ટેમ્બર 2011 માં ભારત સરકારે આદેશ આપ્યો હતો કે નવી પેન્શન યોજનાનું વ્યવસ્થાપન નેશનલ સિક્યુરીટીઝ ડિપોઝીટરી લિમિટેડ (NSDL)/ટ્રસ્ટી બેંક કરશે. ત્યારબાદ, પેન્શન અને ભવિષ્ય નિધિ નિયામક, ગાંધીનગરે (DPPF[48]) GSFS માં રહેલી તમામ સિલકો (કામે રાખનાર-કર્મચારીના ફાળાનો મેળ કર્યા બાદ) NSDL ને તબદીલ કરવામાં આવી હતી..

ઓડીટે, જો કે, અવલોકન કર્યુ હતુ કે 31 માર્ચ 2019 ના રોજ સ્વાયત્ત સંસ્થાઓની બાબતમાં ₹ 33.28 કરોડનો મેળ બેસાડ્યા વગરનો કામે રાખનારનો-કર્મચારીનો ફાળો હતો જે GSFS માં રાખવામાં આવ્યો હતો. ફાળાઓનો મેળ બેસાડ્યા બાદ જ આ સિલકોને NSDL માં તબદીલ કરવામાં આવશે. વર્ષોવાર વિગતો **કોઠો 1.34** માં આપી છે.

કોઠો 1.34: કામે રાખનાર અને કર્મચારી દ્વારા NPS માં ફાળો

(₹ કરોડમાં)

ક્રમાંક	વર્ષ	ક્મચારીનો ફાળો	કામે રાખનારનો ફાળો	કુલ
1	2008-09	0	0.09	0.09
2	2014-15	1.08	0.39	1.47
3	2015-16	2.23	0.74	2.97
4	2016-17	6.35	2.33	8.68
5	2017-18	5.22	3.09	8.31
6	2018-19	4.81	6.95	11.76
	કુલ	**19.69**	**13.59**	**33.28**

સ્રોત: પેન્શન અને ભવિષ્ય નિધિ ના નિયામક

અત્રે એ ઉલ્લેખ કરવો પ્રસ્તુત રહેશે કે NPS ના લાભો લઇ શકાય એ માટે, સંયુક્ત ફાળો NSDL ને તબદીલ કરવો જરૂરી છે. આમ છતાં, મેળ ન થવાના અભાવે ₹ 19.69 કરોડ નો કામે રાખનારનો ફાળો GSFS માં રાખી મુકવામાં આવ્યો હોવાથી યોજનામાંથી લાભાર્થીઓના અપેક્ષિત

[48] DPPF રાજ્યમાં નવી પેન્શન યોજનાના વહિવટકર્તા છે. તેઓ સરકારના સુમેળયુક્ત ફાળાને NSDL માં તબદીલ કરવા માટે જવાબદાર છે..

આર્થિક લાભો છીનવી લેવાયા હતા. પ્રસંગવશાત, DPPF પાસે કામે રાખનાર અને કર્મચારી દ્વારા આપવામાં અવેલા ફાળાનું ધ્યાન રાખવા માટે સોફ્ટવેર નથી.

ઓડિટમાં આ ધ્યાન પર લાવવામાં આવ્યુ ત્યારે, DPPF એ જણાવ્યુ હતું કે GSFS માં રાખવામાં આવેલું પેન્શનના ભંડોળમાં ઘટાડો થઇ રહ્યો છે (2016-17 માં ₹ 101.96 કરોડ થી 2018-19 માં ₹ 33.28 કરોડ).

માસિક ફાળાની કપાત

કાયમી નિવૃત્તિ ખાતા નંબર (પર્મેનન્ટ રિટાયરમેન્ટ એકાઉન્ટ નંબર- PRAN) એ NSDL દ્વારા પ્રત્યેક લાભાર્થીને આપવામાં આવેલો અજોડ નંબર છે. DPPF ના રેકર્ડની ચકાસણીમાં જોવામાં આવ્યુ હતું કે NSDL દ્વારા જનરેટ કરવામાં આવેલા 1,79,549 PRAN પૈકી 6,336 કેસોમાં 31 માર્ચ 2019 સુધી NSDL દ્વારા કોઇ ફાળો પ્રાપ્ત થયો ન હતો. આ 6,336 કેસોનું વય-વાર વિશ્લેષણ કોઠો 1.35 માં દર્શાવ્યુ છે.

કોઠો 1.35: વર્ષ-વાર આપવામાં આવેલા PRAN જેમાં કોઇ ફાળો NSDL માં તબદીલ કરવામાં આવ્યો ન હતો.

સમયગાળો	કેસોની સંખ્યા
2011-12	1
2012-13	1
2013-14	5
2014-15	12
2015-16	41
2016-17	26
2017-18	410
2018-19	5,840
કુલ	**6,336**

સ્રોત: પેન્શન અને ભવિષ્ય નિધિના નિયામક

લાંબા સમયગાળા માટે કોઇ ફાળો દર્શાવાતો ન હોય એવા કેસો કાઢી નાખવા માટે સંપૂર્ણ વિગતોની ચકાસણી કર્યા બાદ, જરૂરી પગલા લેવા જોઇએ.

ફાળાનો મેળ ન બેસાડવો

DPPF ના રેકર્ડની ચકાસણીમાં વધુમાં જોવામાં આવ્યુ હતું કે DPPF દ્વારા નિભાવવામાં આવતા અનુરૂપ રેકર્ડ સાથે વિભાગીય વડા દ્વારા કર્મચારીઓના વ્યક્તિગત ખાતામાં કરવામાં આવેલી નોંધો (ફાળા ની) નો મેળ બેસાડવા માટેની કોઇ યંત્રણા ન હતી. આ પધ્ધતીનો સપ્ટેમ્બર 2019 થી અમલ કરવામાં આવ્યો હતો.

એવુ પણ જોવામાં આવ્યુ હતું કે DPPF એ નવી પેન્શન યોજનાના ફાળાના આંકડાઓનો મહાલેખાકાર (હિસાબ અને હક), રાજકોટ દ્વારા તૈયાર કરવામાં આવેલા નાણાકીય હિસાબ 2018-19 માં દર્શાવેલા આંકડાઓ સાથે મેળ બેસાડ્યો ન હતો. વિગતો **કોઠ 1.36** માં આપવામાં આવી છે.

કોઠો 1.36: વર્ષ 2018-19 માટે NPS ફાળાની વિગતો

(₹ કરોડમાં)

	નાણાકીય હિસાબ મુજબ	DPPF ના રેકર્ડ મુજબ
કર્મચારી ફાળો	724.21	724.17
કામે રાખનારનો ફાળો	740.47	740.49
NSDL ને તબદીલ કરેલી રકમ	1,481.28	1,481.19
તબદીલ કરવાની બાકી રકમ (સિલક રહે છે)	15.74	20.45

સ્રોત: પેન્શન અને ભવિષ્ય નિધિના નિયામક

ભલામણઃરાજ્ય સરકારે એ સુનિશ્ચિત કરવુ જોઇએ કે પૂરેપૂરો ફાળો (કર્મચારીઓ અને સરકારી સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા કરવામાં આવેલો) સમયસર NSDL ને તબદીલ કરવામાં આવે છે કે જેથી સરકારી તિજોરી પર વ્યાજની જવાબદારી નિવારી શકાય અને પેન્શનરોને તેમના વળતર બાબતે ખાતરી પણ પુરી પાડી શકાય.

1.9.4 ઉજ્જવળ ડિસ્કોમ એસ્યોરન્સ યોજના

ઉજ્જવલ ડિસ્કોમ એસ્યોરન્સ યોજના (ઉદય) ભારત સરકાર દ્વારા રાજ્યની માલિકીની ઉર્જા વિતરણ કંપનીઓ (DISCOMs) ની સંચાલનની અને નાણાકીય કાયાપલટ માટે નવેમ્બર 2015 માં શરૂ કરવામાં આવી હતી. ઉદયમાં રાજ્ય સરકારો, વિતરણ કંપનીઓ અને ભારત સરકાર વચ્ચે પરિયોજનામાં વર્ણન કર્યા મુજબ સંચાલનના અને નાણાકીય સીમાચિહ્નો હાંસલ કરવાના હેતુથી પક્ષકારોની સંબંધિત જવાબદારીઓ નક્કી કરવા માટે કરાર કરવાનું વિચારવામાં આવ્યું હતું, ત્યારબાદ, રાજ્ય સરકારોએ વિતરણ કંપનીઓના 30 સપ્ટેમ્બર 2015 ના રોજના ચડત ઋણના 75 ટકા બે વર્ષના સમયગાળામાં લઇ લેશે એટલે કે 2016-17 માં 50 ટકા અને 2017-18 માં 25 ટકા રાજ્ય સરકારો લઇ લેશે.

ગુજરાત સરકારે ચાર રાજ્યની માલિકીની વિતરણ કંપનીઓ અને ભારત સરકાર સાથે એક ત્રિપક્ષીય સમજૂતિ કરાર કર્યો હતો (ફેબ્રુઆરી 2016), જે નાણાકીય કાયાપલટ અને ભાવિ નુક્સાન અને કાર્યકારી મૂડીને નાણા પુરા પાડવાના ઘટક સિવાયનો હતો કારણ કે તમામ ચાર વિતરણ કંપનીઓએ નાણાકીય કાયાપલટ 2005-06 માં જ હાંસલ કરી લીધી હતી. આ બાબત ધ્યાને લેતાં, રાજ્ય સરકારે ઉદય પરિયોજના હેઠળ રાજ્યની વિતરણ કંપનીઓને 2018-19 દરમિયાન કોઇ નાણાકીય સહાય પુરી પાડી ન હતી.

1.9.5 આકસ્મિક જવાબદારીઓ

1.9.5.1 બાંહેધરીઓની સ્થિતિ

જેને બાંયધરીઓ આપવામાં આવી હોય તે ઉછીના નાણા લેનાર નિષ્ફળ જાય એવા કેસમાં આવી બાંયધરીઓ રાજ્યના એકત્રિત નિધિ ફંડ ઉપર રહેલી ઉચ્ચક જવાબદારીઓ બને છે. નાણાકીય હિસાબો નું પત્રક નં. 20 રાજ્ય સરકાર દ્વારા આપવામાં અવેલા બાંયધરીઓની વિગતો આપે છે. આ સંકલનની વિગતો સીધી રાજ્ય સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલી માહિતી પરથી તૈયાર કરવામાં આવે છે. મહત્તમ રકમ જેના માટે રાજ્ય દ્વારા બાંયધરીઓ આપવામાં આવી હતી અને છેલ્લા પાંચ વર્ષ માટે ચડત બાંયધરીઓ **કોઠો 1.37** માં આપી છે.

કોઠો 1.37: ગુજરાત સરકાર દ્વારા આપવામાં અવેલી બાંયધરીઓ

(₹ કરોડમાં)

બાંયધરીઓ	2014-15	2015-16	2016-17	2017-18	2018-19
ગુજરાત રાજ્ય બાંયધરી અધિનિયમ, 1963 હેઠળ સરકારી બાંયધરીઓ પર ટોચ મર્યાદા	20,000	20,000	20,000	20,000	20,000
બાંયધરીની મહત્તમ રકમ	11,235	11,333	11,333	11,796	11,796
બાંયધરીઓની બાકી રકમ	5,984	5,236	4,804	4,834	4,699
કુલ મહેસૂલી આવકની સામે બાંયધરીઓની બાકી રકમની ટકાવારી	6.51	5.37	4.37	3.92	3.46

સ્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

ગુજરાત રાજ્ય બાંયધરી અધિનિયમ, 1963 ની જોગવાઇ મુજબ ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 માં, મહત્તમ ₹ 20,000 કરોડની ચડત બાંયધરીઓની ટોચ મર્યાદા નિયત કરવામાં આવી છે. 2018-19 દરમિયાન, રાજ્ય સરકારે ₹ 40.12 કરોડની રકમની બાંયધરીઓ આપી હતી. ₹ 4,699 કરોડની કુલ ચડત બાંયધરીઓ પૈકી, 30 ટકા (₹ 1,409 કરોડ) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડની બાબતમાં હતા અને 14 ટકા (₹ 650 કરોડ) ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડની બાબતમાં હતા. ચડત બાંયધરીઓ (₹ 4,699 કરોડ) રાજ્ય સરકારની કુલ મહેસૂલી આવક (₹ 1,36,002 કરોડ) ના 3.46 ટકા હતી જે ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ નિર્દિષ્ટ મર્યાદાની ઘણી અંદર હતી

12 મા નાણાપંચે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી બાંયધરીઓમાંથી ઉદ્ભવતી આકસ્મિક જવાબદારીઓને પહોંચી વળવા માટે બાંયધરી મુક્તિ ભંડોળની સ્થાપના કરવાની ભલામણ કરી હતી. પરિણામે, ફેબ્રુઆરી 2006 માં બાંયધરી મુક્તિ ભંડોળની સ્થાપના કરવામાં આવી હતી. ભારતીય રિઝર્વ બેંક, જે ભંડોળનો વહીવટ કરે છે, તેની માર્ગરેખા મુજબ, ભંડોળના સંચયને ધીમે ધીમે વધારતા જઇને ચડત બાંયધરીઓના પાંચ ટકાના ઇચ્છિત સ્તર સુધી લઇ જવાનો હતો. ₹ 234.93 (₹ 4,699 કરોડના પાંચ ટકા) કરોડની લઘુત્તમ જરૂરિયાતની સામે, 31 માર્ચ 2019 ના રોજ ભંડોળમાં ₹ 699.63 કરોડની સિલક હતી. 2018-19 દરમિયાન, રાજ્ય સરકારે ₹ 33.17 કરોડનું સંચિત વ્યાજ ભંડોળમાં જમા કર્યું હતું.

2018-19 દરમિયાન ₹ 14 કરોડના અંદાજપત્રીય અંદાજની સામે રાજ્ય સ્તરની સંસ્થાઓ પાસેથી રાજ્ય સરકારને ₹ 1.60 કરોડ બાંયધરી ફી તરીકે મળ્યા હતા. 2018-19 દરમિયાન, બાંયધરીઓનો અમલ કરવાના હિસાબે રાજ્ય સરકાર દ્વારા કોઇ રકમ ચૂકવવામાં આવી ન હતી.

નાણાકીય હિસાબો 2018-19 (પત્રક નં. 20) ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમની સામે ₹ 126 કરોડની ચડત બાંયધરીઓ દર્શાવે છે. વહીવટી વિભાગ (ઉદ્યોગ અને ખાણ) માંથી ચકાસણી કરવામાં આવતા, ઓડિટના ધ્યાન પર આવ્યું હતું કે કંપની સામે કોઇ ચડત બાંયધરી ન હતી. આ દર્શાવતુ હતું કે વહીવટી વિભાગ દ્વારા મહાલેખાકાર (હિસાબ અને હક), રાજકોટ સાથે ચડત બાંયધરીઓનો મેળ બેસાડવામાં આવ્યો ન હતો.

1.10 ઋણનું વ્યવસ્થાપન

1.10.1 ઋણનું ટકાઉપણું

ઋણનું ટકાઉપણું[49] રાજયની ઋણની સેવાની ક્ષમતા સૂચિત કરે છે. રાજ્ય સરકારના ઋણની તીવ્રતા જોવા ઉપરાંત રાજ્યના ઋણનું ટકાઉપણું નક્કી કરતા દર્શકોનું પ્રુથકરણ કરવાનું મહત્વપૂર્ણ છે. 2014-15 થી 2018-19 ના છેલ્લા પાંચ વર્ષના સમયગાળા માટે રાજ્યના ઋણના ટકાઉપણાના જુદા જુદા દર્શકોનું પૃથક્કરણ **કોઠો 1.38** માં આપ્યુ છે

કોઠો 1.38: ઋણનું ટકાઉપણું - દર્શકો અને વલણો

(₹ કરોડમાં)

ઋણના તકાઉપણાના દર્શકો	2014-15	2015-16	2016-17	2017-18	2018-19
ચડત ઋણ (₹ કરોડમાં)	2,02,313	2,21,090	2,43,146	2,56,366	2,85,844
પાછલા વર્ષ કરતાં ચડત ઋણની વૃધ્ધિ (ટકામાં)	10.52	9.28	9.98	5.44	11.50
પાછલા વર્ષની સામે GSDP ની વૃધ્ધિ	14.13	11.63	12.08	13.99	14.21
ચડત ઋણ પર વ્યાજનો સરેરાશ દર (ટકામાં)	7.76	7.69	7.67	7.59	7.44
વ્યાજની ચૂકવણી	14,946	16,300	17,797	18,954	20,183
વ્યાજના ચૂકવણીનો બોજો ટકામાં (IP/RR)	16.25	16.72	16.20	15.37	14.84
વર્ષ દરમિયાન ઋણની કુલ ચૂકવણીધ	44,636	51,462	50,168	67,938	73,486
વર્ષ દરમિયાન ઋણની કુલ આવક	63,892	70,239	72,224	81,158	1,02,963
ઋણની ફેડણી /ઋણની આવક	0.93	0.96	0.94	1.07	0.91
ઉછીના લીધેલા ભંડોળની ચોખ્ખી ઉપલબ્ધી	(+)4,310	(+)2,477	(+)4,259	(-)5,734	(+)9,294

સ્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

49 શબ્દકોષ જુઓ; પરિશિષ્ટ 4.1

ઉછીના લીધેલા ભંડોળની ચોખ્ખી ઉપલબ્ધતા

ઉછીના લીધેલા નાણાની ચોખ્ખી ઉપલબ્ધતા એ ઋણની મુક્તિ (મુદ્દલ અને વ્યાજની ચૂકવણીઓ) અને કુલ ઋણની આવકો વચ્ચેનો તફાવત છે અને તે જુના ઋણની મુક્તિ માટે ઋણની આવકનો કેટલા અંશે ઉપયોગ કરવામાં આવ્યો હતો તેનું પ્રમાણ દર્શાવે છે. 2018-19 દરમિયાન, ચાલુ સંચાલન માટે, મુદ્દલ અને વ્યાજના ચૂકવણીની જોગવાઇ કર્યા બાદ ઉછીના નાણાની ચોખ્ખી ઉપલબ્ધતા ₹ 9,294 કરોડ જેટલી હતી.

વ્યાજનું ભારણ

મહેસૂલી આવકની સામે વ્યાજની ચુકવણીનો ગુણોતર એ ઘણા દર્શકોમાંનો એક છે જે રાજ્યના ઋણની સામે ટકાવપણું નક્કી કરે છે. વર્ષ 2018-19 દરમિયાન મહેસૂલી આવકની સામે વ્યાજની ચૂકવણીનો ગુણોત્તર 14.84 ટકા હતો. જે 14 મા નાણાપંચ દ્વારા અનુમાનિત (13.19 ટકા) કરતાં વધુ હતો.

જાહેર ઋણની સેવા

2014-15 થી 2018-19 ના સમયગાળા માટે જાહેર ઋણ પર મુદ્દલની પરત ચૂકવણી અને વ્યાજની ચૂકવણી **કોઠો 1.39** અને **ચાર્ટ 1.15** માં દર્શાવ્યા છે.

કોઠો 1.39: જાહેર ઋણની સેવા

(₹ કરોડમાં)

Period	જાહેર ઋણની આવક			જાહેર ઋણની પરત ચૂકવણી						ઋણની સેવા			
				મુદ્દલ			વ્યાજ			મુદ્દલ+વ્યાજ			જાહેર ઋણની આવકની ટકાવારી રૂપે
	આંતરિક ઋણ	ભારત સરકાર તરફથી લોન	કુલ	આંતરિક ઋણ	ભારત સરકાર તરફ થી લોન	કુલ	આંતરિક ઋણ	ભારત સરકાર તરફથી લોન	કુલ	આંતરિક ઋણ	ભારત સરકાર તરફથી લોન	કુલ	
2014-15	19,131	323	19,454	4,849	660	5,509	12,717	565	13,282	17,566	1,225	18,791	97
2015-16	23,234	252	23,486	5,534	660	6,194	13,965	514	14,479	19,499	1,174	20,673	88
2016-17	27,477	191	27,668	8,386	687	9,073	15,648	469	16,117	24,034	1,156	25,190	91
2017-18	26,863	90	26,953	12,991	709	13,700	16,748	430	17,178	29,739	1,139	30,878	115
2018-19	40,950	2,196	43,146	14,719	713	15,432	17,696	418	18,114	32,415	1,131	33,546	78
Total			**1,40,707**			**49,908**			**79,170**			**1,29,078**	**92**

સ્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો



કોઠો 1.39 અને ચાર્ટ 1.15 માંથી જોઇ શકાય છે કે 2014-19 દરમિયાન, જાહેર ઋણની આવકના 78 થી 115 ટકા ઋણની સેવા માટે વપરાયા હતા. 2018-19 માં જાહેર ઋણની આવકમાંથી ઋણની સેવા 2017-18 ના 115 ટકાની સામે 78 ટકા જેટલી હતી. આમ, 2014-19 દરમિયાન ઋણની સેવા પરનો સરેરાશ ખર્ચ ₹ 25,816 કરોડ હતો જે એ જ સમયગાળા દરમિયાનની સરેરાશ જાહેર ઋણ આવક (₹ 28,141 કરોડ) ના 92 ટકા થતા હતા જે સૂચવે છે કે ઋણનો મોટો ભાગ ઋણના સેવામાં ઉપયોગમાં લેવામાં આવતો હતો. આ એવુ પણ દર્શાવે છે કે ઋણનો એકદમ નગણ્ય ભાગ વૃધ્ધિને આગળ ધપાવવા માટે વિકાસકીય ખર્ચ માટે નાણા પુરા પાડવા માટે ઉપલબ્ધ હતો. આમ છતાં, જાહેર હિસાબની સિલકમાં વધારો ખાધને પહોંચી વળવા માટે અન્ય એક સ્ત્રોત પુરો પાડે છે.

1.10.2 ઋણ પાકવાની વિગતો

2018-19 ના અંતે ₹ 2,85,844 કરોડની કુલ ચડત જવાબદારીઓ માંથી ₹ 45,539 કરોડ "અન્ય જવાબદારીઓ" ને લગતા હતા. બાકીના જાહેર ઋણના (₹ 2,40,305 કરોડ) પાકવાની વિગતો **કોઠો 1.40** અને **ચાર્ટ 1.16** માં આપી છે.

કોઠો 1.40: જાહેર ઋણના પાકવાની વિગતો

પાકવાની વિગત (વર્ષોમાં)	રકમ (₹ કરોડમાં)	ટકા
0 – 1	16,616.41	6.91
1 – 3	42,318.57	17.61
3 – 5	42,425.47	17.66
5 – 7	39,165.29	16.30
7 અને વધુ	99,778.78	41.52
કુલ	240,304.52	100.00

સ્ત્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો



જાહેર ઋણની પાકવાની વિગતો દર્શાવે છે કે 2010-22, 2022-24 અને 2024-26 ના સમયગાળાઓ દરમિયાન રાજ્યની ઋણની પરત ચુકવણીની જવાબદારી અનુક્રમે ₹ 42,318.57 કરોડ, ₹ 42,425.47 કરોડ અને ₹ 39,165.29 કરોડ હશે જે તે સમયગાળાના સરકારના અંદાજપત્ર પર દબાણ ઉભુ કરી શકે છે. ઉપરાંત, કુલ જાહેર ઋણમાંથી ₹ 1,40,525.74 કરોડ (58 ટકા) હવે પછીના સાત વર્ષની અંદર પરત ચૂકવવાપાત્ર થશે. આથી, રાજ્ય સરકારે ઋણની ચુંગાલમાં આવી જવાનું નિવારવા માટે કાળજીપૂર્ણ વિચારણા કરીને ઉછીના નાણાની પરત ચૂકવણીની વ્યુહરચના ઘડવી જોઇએ.

ભલામણ: સુધારેલી લાંબા-ગાળાના ટકાઉપણા વાળી રાજકોષીય ખાધ સંચાલનની વ્યવસ્થા ઊભી કરવા માટે અને ચાલુ અને સંભવિત નાણાકીય જરૂરિયાતોને અનુરૂપ હોય એ રીતે રાજ્યના ઋણ લેવાના નિર્ણયોમાં માર્ગદર્શન પુરૂ પાડવા માટે ઋણ સામે ટકાઉપણાનું માળખુ વિકસાવવા માટે રાજ્ય સરકારે વિચારણા કરવી જોઇએ.

1.11 રાજકોષીય અસમતુલન

મહેસૂલ, રાજકોષીય તથા પ્રાથમિક ખાધ જેવા ત્રણ ચાવીરૂપ માપદંડો ચોક્કસ સમયગાળા દરમિયાન રાજ્ય સરકારની નાણાકીય વ્યવસ્થામાં આવેલ રાજકોષીય અસમતુલનની અસર દર્શાવે છે. સરકારના હિસાબોમાં ખાધ આવક અને ખર્ચ વચ્ચેનો તફાવત દર્શાવે છે.

આવી ખાધનો પ્રકાર સરકારની રાજકોષીય વ્યવસ્થા કેટલી સૂઝ-બુઝ ભરી છે તે દર્શાવે છે. વધુમાં આવી ખાધ પૂરવા માટે જે રીતે સંસાધનો ઉભા કર્યા હોય તથા તેનો ઉપયોગ કર્યો હોય તે તેની રાજકોષીય તંદુરસ્તીના દર્શક બની રહે છે.

આ વિભાગ, વલણો, પ્રકાર, કદ અને આવી ખાધ પુરવા માટે અપનાવેલી રીત ઉપરાંત નાણાકીય વર્ષ 2018-19 માટે ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005/નિયમો 2006 હેઠળ નિર્ધારિત લક્ષ્યાંકો સામે મહેસૂલી અને રાજકોષીય ખાધના વાસ્તવિક સ્તરની આકારણી રજુ કરે છે

1.11.1 ખાધના વલણો

ચાર્ટ 1.17 2014-19 ના સમયગાળામાં ખાધના દર્શકોના વલણો દર્શાવે છે.



મહેસૂલી પુરાંત

મહેસૂલી પુરાંત 2017-18 માં ₹ 5,232 કરોડ હતી તે ₹ 2,020 કરોડ જેટલી ઘટીને 2018-19 માં ₹ 3,212 કરોડ થઇ હતી. ચાલુ વર્ષ દરમિયાન મહેસૂલી પુરાંતમાં ઘટાડો, પાછલા વર્ષ કરતાં મહેસૂલી આવકમાં ₹ 12,710 કરોડ (10.31 ટકા) ના વધારાની સામે મહેસૂલી ખર્ચમાં ₹ 14,730 કરોડ (12.48 ટકા) ના વધારાના હિસાબે થયો હતો.

રાજકોષીય ખાધ

રાજકોષીય ખાધ સામાન્ય રીતે સરકારની ચોખ્ખી વધતી જવાબદારીઓ અથવા તેનાં દ્વારા લેવાયેલ વધારાનાં ઋણને રજુ કરે છે. આ ઘટ વધારાના બહારના ઋણ અથવા જાહેર હિસાબમાંથી ભંડોળની પુરાંતના ઉપયોગ દ્વારા પુરી કરી શકાય છે.

2018-19 માં રાજકોષીય ખાધમાં ₹ 4,999 કરોડનો વધારો (23.40 ટકા) થઇને 2017-18 માં ₹ 21,366 કરોડ હતી તે 2018-19 માં ₹ 26,365 કરોડ થઇ હતી જે ચોખ્ખા મૂડી ખર્ચમાં ₹ 1,684 કરોડનો વધારો, મહેસૂલી પુરાંતમાં ₹ 2,020 કરોડ જેટલો ઘટાડો અને ચુકવવામાં આવેલી ચોખ્ખી લોન અને પેશગીઓમાં ₹ 1,295 કરોડ જેટલા વધારાના હિસાબે થયું હતું.

આમ છતાં, ચાલુ વર્ષમાં GSDP ની ટકાવારી રૂપે રાજકોષીય ખાધ (1.76 ટકા) 14 નાણાપંચ દ્વારા નિયત કરવામાં આવેલી ત્રણ ટકાની મર્યાદાની ઘણી અંદર હતી પરંતુ ગુજરાતની રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 (1.71 ટકા) કરતાં વધુ હતી.

પ્રાથમિક ખાધ

રાજકોષીય ખાધ સામાન્ય રીતે વધારાના સંસાધનોની જરૂરિયાત દર્શાવે છે જ્યારે આવા સંસાધનોના એક ભાગનાં મહેસૂલી હિસાબમાં ખાધ ધરાવતા રાજ્યોની બાબતમાં વ્યાજની ચૂકવણીઓ માટે નાણા પુરા પાડવા માટે જરૂર પડી શકે છે. વ્યાજની ચૂકવણી પહેલાની

જવાબદારીઓનો ખર્ચ દર્શાવે છે અને ચાલુ ખર્ચથી સ્વતંત્ર છે. વર્તમાન પ્રકારની અસંગતતાઓ પર નજર નાખવા માટે ચૂકવણીઓને અલગ પાડવાની અને કુલ અસંગતતાઓમાંથી બાદ કરવાની જરૂર પડે છે.

2018-19 દરમિયાન, પ્રાથમિક ખાધ 2017-18 માં ₹ 2,412 કરોડ હતી તે ₹ 3,770 કરોડ જેટલી વધીને 2018-19 માં ₹ 6,182 કરોડ થઇ હતી. પાછલા વર્ષની સામે ચાલુ વર્ષ દરમિયાન રાજકોષીય ખાધમાં ₹ 4,999 કરોડના વધારો વ્યાજની ચૂકવણીમાં ₹ 1,229 કરોડના વધારા દ્વારા સરભર થવાના કારણે આમ થયું હતું.

1.11.2 ઋણની વિગતો

GSDP ના પ્રમાણ તરીકે રાજ્યની રાજકોષીય ખાધમાં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન વધારો થઇને 2016-17 માં 1.43 હતી તે 2018-19 માં 1.76 થઇ હતી. એ જ રીતે, GSDP ના પ્રમાણ તરીકે પ્રાથમિક ખાધ 2017-18 માં 0.18 હતી તે વધીને 2018-19 માં 0.41 થઇ હતી. રાજ્યએ સતત આઠમાં વર્ષે મહેસૂલના વધારાની નોંધણી કરી.

ઋણ સામે ટકાઉપણાની આકારણી કરવા માટે વિવિધ અભિગમો છે જેમાંનો એક અભિગમ Domar model[50] છે.

આ અભિગમ દ્વારા ઋણ સામે ટકાઉપણાનું વિશ્લેષણ કરવામાં આવ્યુ હતું. જેની વિગતો નીચે મુજબ છે.

g-r (g: આર્થિક વૃધ્ધિનો વાસ્તવિક દર); r: Domar gap તરીકે ઓળખાતો વાસ્તવિક વ્યાજનો દર)	s <0 (પ્રાથમિક ખાધ)	s >0 (પ્રાથમિક પુરાંત)
g-r>0 (strong મજબૂત આર્થિક વૃધ્ધિ)	GSDP ની ટકાવારી રૂપે જાહેર ઋણ શૂન્ય કરતાં અધિક સ્થિર સ્તર સુધી જવો જોઇએ	GSDP ની ટકાવારી રૂપે જાહેર ઋણ જાહેર બચતો તરફ લઇ જતા શૂન્ય કરતાં નીચા સ્તરે જવી જોઇએ.
g-r<0 (મંદ આર્થિક વૃધ્ધિ)	GSDP ની ટકાવારી રૂપે જાહેર ઋણ અનિશ્ચિતપણે સ્થિર તબક્કા સુધી ગયા વગર વધવો જોઇએ।	વ્યાખ્યાયિત ન થયેલી પરિસ્થિતિ

વિશ્લેષણ ગુજરાતને લાગુ કરવાના પરિણામો નીચે **કોઠો 1.41** માં દર્શાવ્યા છે.

[50] E.D. Domar, 1914-1997

કોઠો 1.41: ઋણના ટકાઉપણાનું વિશ્લેષણ

વર્ષ	વાસ્તવિક વૃધ્ધિ (g)	વાસ્તવિક વ્યાજ (r)	g-r (Domar gap)	પ્રાથમિક ખાધ (-)/ પુરાંત (s) (₹ કરોડમાં)	ટીપ્પણી
2014-15	10.5	1.9	8.6	(-)3,374	g-r>0 અને s<0 હોય તો: GSDP ની ટકાવારી રૂપે જાહેર ઋણે શૂન્યથી ઉંચા સ્થિર સ્તર તરફ જવુ જોઇએ.
2015-16	10.2	2.4	7.8	(-)6,715	
2016-17	9.6	2.2	7.4	1,317	g-r>0 અને s>0: GSDP ની ટકાવારી રૂપે જાહેર ઋણે જાહેર બચત તરફ જતા શૂન્યથી નીચેના સ્થિર સ્તર તરફ જવુ જોઇએ
2017-18	11.2	4.8	6.4	(-)2,412	g-r>0 અને s<0: GSDP ની ટકાવારી રૂપે જાહેર ઋણે શૂન્યથી અધિક હોય એવા સ્થિર તબક્કા તરફ જવુ જોઇએ
2018-19	9.2	4.6	4.6	(-)6,182	

વાસ્તવિક GDP માટે ગણતરી કરેલો વાસ્તવિક વૃધ્ધિનો દર
વ્યાનો દર બાદ ફગાવો તરીકે ગણેલો વાસ્તવિક વ્યાજનો દર

ઉપરાંત, વર્ષ 2018-19માં ઋણનો GSDP સામે ગુણોત્તર 19.04 ટકા જેટલો રહ્યો હતો અને રાજકોષીય ખાધનો GSDP સામે ગુણોત્તર 1.76 ટકા જેટલો રહ્યો હતો. ઋણ અને GSDP નો 14 મા નાણાપંચનાં અનુરૂપ રાજકોષીય લક્ષ્યાંક 25.79 ટકા હતો, અને રાજકોષીય ખાધની મર્યાદા GSDP ના ત્રણ ટકા હતી, રાજ્યનો મૂડી ખર્ચ 2014-2019 દરમિયાન કુલ ખર્ચના 21.73 અને 17.26 ટકાની વચ્ચે રહ્યો હતો.

સમયગાળા (2014-19) દરમિયાન, 2014-15, 2015-16, 2017-18 અને 2018-19 દરમિયાન પ્રાથમિક ખાધ હતી, અને 2016-17 દરમિયાન પ્રાથમિક પુરાંત હતી. એવુ પણ જોવામાં આવ્યુ હતું કે g-r (Domar gap) 2014-15 થી 2018-19 ના સમગ્ર સમયગાળા દરમિયાન હકારાત્મક છે. આથી, g-r Domar મોડલ મુજબ જાહેર ઋણ સ્થિર છે એવુ કહી શકાય. આમ છતાં, એ નોંધનીય છે કે g-r (Domar gap) સ્થિરતાથી ઘટાડાનું વલણ દર્શાવી રહ્યો છે. ઉપરાંત, જાહેર હિસાબના જવાબદારીઓ અને કાબુ બહારના બનાવો (force majeure events)[51] અને/અથવા અન્ય કોઇ પણ યાદીમાં લેવામાં આવ્યા ન હોય એવા મહેસૂલના નુક્સાન જેવા પરિબળો પણ રાજ્યના[52] ઋણનું ટકાઉપણું/સ્થિરતાની આકારણીમાં ધ્યાને લેવાના હોય છે.

1.11.3 રાજકોષીય ખાધના ઘટકો અને તેની નાણાકીય ભાત

રાજકોષીય ખાદ્યની નાણાકીય ભાતમાં રચનાત્મક ફેરફારો નોંધાયા છે જે **કોઠો 1.42** માં પ્રતિબિંબિત થાય છે

51 વર્તમાન કોરોનાવાઇરસ જેવી કટોકટી અને તેની GSDP પર અસર.

52 આ અપેક્ષિત અથવા આંકડાકીય રીતે નિર્ધારિત કરી શકાતા ન હોવાથી તેમને વિશ્લેષણમાં સ્થાન આપ્યું નથી.

કોઠો 1.42: રાજકોષીય ખાધના ઘટકો અને તેની નાણાકીય ભાત

(₹ કરોડમાં)

વિગતો	2014-15	2015-16	2016-17	2017-18	2018-19
રાજકોષીય ખાધનું વિઘટન *	(-)18,320	(-)23,015	(-)16,480	(-)21,366	(-)26,365
મહેસૂલી ખાધ (-)/પુરાંત(+)	(+)5,326	1,704	5,947	5,232	3,212
ચોખ્ખો મૂડી ખર્ચ	(-)23,917	(-)24,169	(-)22,115	(-)26,313	(-)27,997
ચોખ્ખી લોન અને પેશગીઓ	(+)271	(-)550	(-)312	(-)285	(-)1,580
રાજકોષીય ખાધ પુરવાની પધ્ધતિ *					
બજારની લોન	13,246	14,565	20,944	15,785	27,437
NSSF ને અપેલી વિશેષ જામીનગીરી	475	1,501	(-)3,447	(-)3,451	(-)3,534
નાણાકીય સંસ્થાઓની લોન	561	1,633	1,594	1,538	2,328
ભારત સરકારની લોન	(-)337	(-)408	(-)496	(-)619	1,483
નાની બચત, ભવિષ્ય નિધિ વગેરે	502	478	533	340	208
થાપણો અને પેશગીઓ	3,107	2,476	2,270	1,096	2,002
ઉચ્ચક અને પરચુરણ	843	256	(-)1,579	497	(-)727
ભરણાં	59	281	(-)69	208	(-)332
અનામત ભંડોળ	5568	(-)294	1,416	(-)748	571
આકસ્મિક નિધિ	(-)14	10	4	0	0
કુલ	**24,010**	**20,498**	**21,170**	**14,646**	**29,436**
રોકડ સિલકમાં (+) વધારો (-) ઘટાડો	(+)5,690	(-)2,517	(+)4,690	(-)6,720	(+)3,071

- આ તમામ આંકડા વર્ષ દરમિયાન ચુકવણીઓ/બહાર ગયેલી રકમો બાદના છે.

સ્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો)

કોઠો 1.42 દર્શાવે છે કે 2018-19 માં ₹ 26,365 કરોડની રાજકોષીય ખાધ માટે ચોખ્ખી બજાર લોન (₹ 27,437 કરોડ), નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન (₹ 2,328 કરોડ) અને થાપણો અને પેશગીઓ (₹ 2,002 કરોડ) માંથી નાણા પુરા પાડવામાં આવ્યા હતા. આમ છતાં, ખાધ માટે નાણા પુરા પાડ્યા બાદ પણ ₹ 3,071 કરોડની પુરાંત રહી હતી જે 2018-19 માં એટલા પ્રમાણમાં રોકડ સિલકોમાં વધારા તરફ દોરી ગઇ હતી.

1.11.4 ખાધ/પુરાંતની ગુણવત્તા

મહેસૂલી ખાધ અને રાજકોષીય ખાધનો ગુણોત્તર અને પ્રાથમિક ખાધનું, પ્રાથમિક મહેસૂલી ખાધ અને મૂડી ખર્ચ (લોન અને પેશગીઓ સહિત) માં વિઘટન, રાજ્યની નાણા વ્યવસ્થામાં ખાધની ગુણવત્તા દર્શાવે છે. મહેસૂલી ખાધ અને રાજકોષીય ખાધનો સતત ઉંચો ગુણોત્તર કેટલા પ્રમાણમાં ઉધાર લીધેલું ભંડોળ હાલના વપરાશ માટે ઉપયોગમાં લેવામાં આવ્યું હતું તે દર્શાવે છે. મહેસૂલી ખાધ અને રાજકોષીય ખાધનું સતત ઊંચું પ્રમાણ એવુ દર્શાવે છે કે રાજ્યનો અસ્કયામતોનો પાયો નિરંતર સંકોચાઈ રહ્યો હતો અને ઉધારીના એક હિસ્સા (રાજકોષીય જવાબદારીઓ) ને અસ્કયામતોનો કોઈ ટેકો ન હતો.

પ્રાથમિક ખાધનું વિભાજન (**કોઠો 1.43**) દર્શાવે છે કે ખાધ કેટલા પ્રમાણમાં મૂડી ખર્ચમાં વૃદ્ધિના હિસાબે હતી કે જે રાજ્યના અર્થતંત્રની ઉત્પાદન ક્ષમતામાં સુધારો કરવા માટે ઈચ્છનીય હોય છે.

કોઠો 1.43: પ્રાથમિક ખાધ/પુરાંત–ઘટકોનું વિભાજન

(₹ કરોડમાં)

વર્ષ	બિન-ઋણ આવક	મહેસૂલી આવક	પ્રાથમિક મહેસૂલી ખર્ચ[53]	મૂડી ખર્ચ	લોન અને પેશગીઓ	પ્રાથમિક ખર્ચ	પ્રાથમિક મહેસૂલી ખાધ (-)/પુરાંત(+)	પ્રાથમિક ખાધ (-) /પુરાંત (+)
1	2	3	4	5	6	7= (4+5+6)	8= (3-4)	9= (2-7)
2014-15	92,840	91,978	71,706	24,158	350	96,214	(+)20,272	(-)3,374
2015-16	97,608	97,483	79,479	24,169	675	1,04,323	(+)18,004	(-)6,715
2016-17	1,10,248	1,09,842	86,098	22,355	478	1,08,931	(+)23,744	(+)1,317
2017-18	1,23,637	1,23,291	99,105	26,313	631	1,26,049	(+)24,186	(-)2,412
2018-19	1,36,218	1,36,002	1,12,607	28,062	1,731	1,42,400	(+)23,395	(-)6,182

સ્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો

2014-19 દરમિયાન, બિન-ઋણ આવકમાં ₹ 92,840 કરોડથી ₹ 1,36,218 કરોડ (47 ટકા) ના વધારાની સામે તે જ સમયગાળામાં પ્રાથમિક ખર્ચ 48 ટકા જેટલો વધીને ₹ 96,214 કરોડથી ₹ 1,42,400 કરોડ થયો હતો. ઉપરાંત, 2014-19 (2016-17 સિવાય) દરમિયાન, બિન-ઋણ આવકોએ પ્રાથમિક ખર્ચને પુરેપુરો આવરી લીધો ન હતો જે દર વર્ષે પ્રાથમિક ખાધમાં પરિણમ્યો હતો.

1.12 આગળની કાર્યવાહી

રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરના ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના અહેવાલો વર્ષ 2008-09 થી તૈયાર કરવામાં આવે છે અને રાજ્યની વિધાનસભામાં રજુ કરવામાં આવે છે. જાહેર હિસાબ સમિતિએ હજુ આ અહેવાલોની ચર્ચા કરી નથી.

[53] સંબંધિત વર્ષનો મહેસૂલી ખર્ચ બાદ વ્યાજની ચૂકવણી એ પ્રાથમિક મહેસૂલી ખર્ચ છે.